

**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૦ ❖ અંક : ૨ ❖ ૧૦, ઓકટોબર-૨૦૧૦
૧, ઝિલકાદ, હિ.સન-૧૪૩૧ ❖ સળંગ અંક : ૩૫૦

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસુમ મહેરપુરી
✆ ૨૨૩૧૦૪ મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
હનીફભાઈ વી. મતિયા

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૬૦/-
પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૪ |
| ❋ અહાદીસ | ૦૫ |
| ❋ ઈમામતના બે પ્રકાર | ૦૭ |
| ❋ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ | ૧૫ |
| ❋ અલી મુશ્કિલકુશા | ૧૯ |
| ❋ મન્કબત | ૨૪ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૨૫ |
| ❋ ગડમથલ | ૨૮ |
| ❋ નહજુલ બલાગહ | ૨૯ |
| ❋ જુંબિશે લબ | ૩૧ |
| ❋ નન્હે રોઝેદાર | ૩૩ |
| ❋ મશાયખવાણી | ૩૫ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૩૭ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૩૯ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૪૧ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૪૩ |
| ❋ આપણા ઘરની વાતો | ૪૭ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૪૯ |


## ઊઘડતે પાને...

આપણા આઠમા ઈમામ.

હઝરત ઈમામ અલી રઝા(અ.).

મામૂન રશીદ બાદશાહ ઈમામ અલી રઝા(અ.)નો સમકાલીન હતો. મામૂન રશીદનો ઈલ્મ જાણવા તરફ ઝોક હતો. તેણે જુદા જુદા ધર્મોના વિદ્વાનોને મુનાઝરો કરવાની દાવત આપી હતી. મુનાઝરો એટલી શાસ્ત્રાર્થ અથવા ધાર્મિક વાદ વિવાદ. તેણે ઈમામ અલી રઝા(અ.)ને જુદા જુદા ધર્મોના લોકો સાથે આવા મુનાઝરા કરાવ્યા હતા. આવા એક ધાર્મિક વાદ વિવાદની વાત જોઈએ.

યહૂદીઓનો એક આલિમ.

રાસુલ જાલૂત એનું નામ.

આ યહૂદી આલિમ રાસુલ જાલૂતને પોતાના ઈલ્મ માટે ખૂબ જ અભિમાન અને ઘમંડ હતો. તે બધાયને પોતાની જાતથી નીચા જ ગણતો હતો.

એક દિવસ ફરઝંદે રસૂલ ઈમામ અલી રઝા(અ.) સાથે તેનો મુનાઝરો થયો. આપની સાથે વાર્તાલાપ ગોઠવાયા પછી તેને ઈમામની ઈલ્મી હકીકત જાણવા મળી અને સમજી ગયો કે હું અત્યાર સુધી આલિમ હોવાના ખોટા ભ્રમમાં હતો.

ઈમામ(અ.)ની ખિદમતમાં હાજર થયા પછી તેણે પોતાના ખયાલ પ્રમાણે ખૂબ જ અઘરા પ્રશ્નો પૂછ્યા. જ્યારે તે પ્રશ્નો પૂછી ચૂક્યો તો ઈમામે ફરમાવ્યું,

'અય રાસુલ જાલૂત ! તમે તૌરેત કિતાબના આ વાક્ય ઉપરથી શું અર્થ તારવો છો ? તે વાક્ય આ મુજબ છે : **'આવ્યો નૂરે સીનાથી અને રોશન થયો જબલે સાઈરથી અને પ્રગટ થયો કોહે ફારાંથી.'**

તેણે કહ્યું,

'આ વાક્યને ચોક્કસપણે વાંચ્યું છે ખરું પરંતુ આ વાક્યના સ્પષ્ટીકરણથી હું માહિતગાર નથી.'

આપે ઈરશાદ ફરમાવ્યો,

''**નૂર**'થી મુરાદ વહી છે, **'નૂરે સીના'**થી તે પહાડ મુરાદ છે કે જેના ઉપર હઝરત મૂસા(અ.) ખુદા સાથે વાતો કરતા હતા. **'જબલે સાઈર'**થી મુરાદ ઈસા(અ.)નું ઘર અને મકાન છે. **'કોહે ફારાં'**થી મુરાદ મક્કાનો પહાડ છે કે જે મક્કા શહેરથી એક મંઝિલના અંતરે આવેલ છે.'

ત્યાર પછી આપે ફરમાવ્યું,

'શું તમે હઝરત મૂસા(અ.)ની એ વસિયત જોઈ છે ખરી કે તમારી પાસે બની અખ્વાનમાંથી એક નબી આવશે જેમની વાતને માની લેજો અને તેમના કથનનું સમર્થન કરજો ?'

તેણે કહ્યું,

'હા. મેં તે વસિયત જોઈ છે.'

આપે પૂછ્યું,

'બની અખ્વાનથી કોણ મુરાદ છે ?'

તેણે કહ્યું,

'મને ખબર નથી.'

આપે ફરમાવ્યું,

'તે ઓલાદે ઈસ્માઈલ(અ.) છે, કેમકે તેઓ હઝરત ઈબ્રાહીમ(અ.)ના એક પુત્ર છે અને બની ઈસરાઈલના મુદર્રિસે આલા હઝરત ઈસ્હાક બિન ઈબ્રાહીમ(અ.)ના ભાઈ છે અને તેમનામાંથી હઝરત મોહંમદ મુસ્તફા(સ.) છે.'

ત્યાર પછી આપે **'જબલે ફારાં'**વાળી ખુશખબરીનું સ્પષ્ટીકરણ કરીને કહ્યું,

'શોઅયા નબીના કોલની વાત તૌરેત કિતાબમાં છે કે મેં બે સવારોને જોયા કે જેમની રોશનીથી દુનિયા પ્રકાશિત થઈ ગઈ. તેમાંના એકે ગધેડા ઉપર સવારી કરી હતી અને બીજો ઊંટ ઉપર સવાર હતો. અય રાસુલ જાલૂત ! તમે બતાવી શકો છો ખરા કે તેનાથી કોણ મુરાદ છે ?'

તેણે કહ્યું,

'હું બતાવી શકતો નથી.'

આપે ફરમાવ્યું,

'ગધેડા ઉપરના સવારથી મુરાદ હઝરત ઈસા(અ.) છે અને ઊંટ ઉપરના સવારથી મુરાદ હઝરત મોહંમદ મુસ્તફા(સ.) છે.'

'તમે હઝરત જકૂક નબીના એ કોલથી વાકેફ છો ખરા કે ખુદા પોતાનું બયાન જબલે ફારાંથી લાવ્યો અને બધાં આકાશો અલ્લાહની હમ્દ(પ્રશંસાના અવાજો)થી ભરાઈ ગયાં, તેમની ઉમ્મત અને તેમના લશ્કરના સવારો ખુશ્કી અને તરી (ભૂસ્થળ અને જળ)માં જંગ કરશે, તેમના ઉપર એક કિતાબ આવશે અને આ બધું જ બયતુલ

મુકદ્દસની ખરાબી પછી થશે ?'

ત્યાર પછી આપે ઈરશાદ ફરમાવ્યો,

'એ બતાવો કે તમારી પાસે હઝરત મૂસા(અ.)ની નબુવ્વતની શું દલીલ છે ?'

તેણે કહ્યું,

'તેમના દ્વારા એવાં કાર્યો જાહેર થયા કે જે તેમના પહેલાંના અંબિયા પર જાહેર થયાં ન હતાં, દાખલા તરીકે નીલ નદીનું ચીરાઈ જવું, અસાનો સાપ બની જવો, એક પથ્થરમાંથી બાર ઝરણાં પ્રગટ થવાં અને યદે બૈઝા (ચમકતા હાથનો મોઅજિઝો), વગેરે.'

આપે ફરમાવ્યું,

'જે કોઈ આ પ્રકારના મોઅજિઝા જાહેર કરે અને નબુવ્વતનો દાવો કરે તો શું તેનું સમર્થન કરવું જોઈએ ?'

તેણે કહ્યું,

'ના.'

આપે ફરમાવ્યું,

'કેમ નહીં ?'

તેણે કહ્યું,

'એટલા માટે કે મૂસા(અ.)નો હક તઆલાની નજીક જે મરતબો હતો તેવો તો કોઈને પ્રાપ્ત થયો નથી. તેથી આપણા ઉપર વાજિબ છે કે જ્યાં સુધી કોઈ માણસ કુદરતના કાનૂન વિરૂધ્ધ મોઅજિઝા કે કરામતો ન બતાવે તો અમે તેની નબુવ્વતનો એકરાર નહીં કરીએ.'

આપે ઈરશાદ ફરમાવ્યો,

'તમે મૂસા(અ.)ના પહેલાંના અંબિયા અને મુર્સલીનની નબુવ્વતનો કેવી રીતે એકરાર કરો છો જો કે તેમણે ન તો કોઈ નદીઓને ચીરી નાખી હતી કે ન કોઈ પથ્થરમાંથી ઝરણાં પ્રગટ કર્યાં કે તેમનો હાથ ચમકદાર થયો કે ન તો તેમનો અસા અજગર બની ગયો ?'

રાસુલ જાલૂતે કહ્યું,

'જયારે આવાં કાર્યો કે નિશાનીઓ વિશિષ્ટરીતે તેમના દ્વારા જાહેર થાય કે જેમના પ્રગટ થવાથી હંમેશાં સઘળાં સર્જનો આજિઝ થઈ જાય તો તે કુદરતના કાનૂન વિરૂધ્ધ હોય કે ન હોય તેનું સમર્થન કરવું અમારા ઉપર વાજિબ થઈ જશે.'

હઝરત ઈમામ રઝા(અ.)એ ફરમાવ્યું,

'હઝરત ઈસા(અ.) પણ મડદાંને સજીવન કરતા હતા, જન્મથી આંધળા માણસને દેખતો કરી દેતા હતા, બીમારને તંદુરસ્તી આપતા હતા, માટીની ચકલી બનાવીને હવામાં ઉડાડી દેતા હતા. આ બધાં એવાં કાર્યો છે કે જેનાથી સામાન્ય માણસો આજિઝ થાય છે તો પછી તમે તેમને પયગમ્બર કેમ નથી માનતા ?'

રાસુલ જાલૂતે કહ્યું,

'લોકો આવું કહે છે ખરા પરંતુ અમે તેમને એવું કરતા જોયા નથી.'

આપે ફરમાવ્યું,

'તો શું તમે મૂસા(અ.)ની નિશાનીઓ અને મોઅજિઝાને નજરો નજર જાતે જોયા છે ખરા ? છેવટે આ બધું તમે પ્રમાણભૂત વ્યક્તિઓના મોઢેથી સાંભળ્યું હશે. એવી જ રીતે જો તમે ઈસા(અ.)ના મોઅજિઝા ભરોસાપાત્ર અને નેક માણસો પાસેથી સાંભળો તો તમારે તેમની નબુવ્વત પર પણ ઈમાન લાવવું જોઈએ, અને બરાબર એવી જ રીતે હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ની નબુવ્વત અને રિસાલતનો એકરાર નિશાનીઓ અને મોઅજિઝાઓના પ્રકાશમાં કરવો જોઈએ. સાંભળો, તેમનો એક મહાન મોઅજિઝો કુરઆને મજીદ છે જેની ફસાહત અને બલાગત(સરળ શૈલી અને અલંકારિક શૈલી)નો જવાબ કયામત સુધી આપી શકાશે નહીં.'

આ સાંભળીને તે ચૂપ થઈ ગયો. *

(સંદર્ભ : ચૌદહ સિતારે, પેજ નં.૪૫૪ થી ૪૫૬ ઉર્દૂમાંથી ભાષાંતરિત)

**સ્થળ સંકોચને કારણે 'અરબી મૂળાક્ષરોનો પરિચય' વિભાગ મૂકી શક્યા નથી. -તંત્રી**

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

**મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો**

✻ અને તું તારો હાથ ગરદન સાથે બાંધેલો ન રાખ તેમજ એકદમ હાથ લંબાવ પણ નહીં કે જેથી ઠપકાને પાત્ર અને ઓશિયાળો બની જાય.

**(પારો-૧૫, સૂરએ બની ઈસરાઈલ, આયત-૨૯)**

✻ અને જે વાતની તને જાણ ન હોય તેની પાછળ ન પડ; નિઃસંશય કાન તથા આંખ તથા અંતઃકરણ એમાંથી દરેકને (કયામતના દિવસે) સવાલ કરવામાં આવે.

**(પારો-૧૫, સૂરએ બની ઈસરાઈલ, આયત-૩૬)**

✻ અને આ કહે કે સત્ય આવી ચૂક્યું છે અને અસત્ય નષ્ટ પામ્યું છે; બેશક અસત્ય નષ્ટ પામનાર જ છે.

**(પારો-૧૫, સૂરએ બની ઈસરાઈલ, આયત-૮૧)**

✻ અને (હે રસૂલ !) લોકો તને રૂહ (આત્મા) સંબંધી સવાલ કરે છે; તું કહે કે રૂહ (એ) મારા પરવરદિગારની આજ્ઞાઓ માંહેની એક (આજ્ઞા) છે અને તમને એ સંબંધી ઘણું જ થોડું જ્ઞાન આપવામાં આવ્યું છે.

**(પારો-૧૫, સૂરએ બની ઈસરાઈલ, આયત-૮૫)**

✻ તું કહે કે અગર તમે મારા પરવરદિગારની કૃપાના ભંડારનો પણ અધિકાર ધરાવતા હો તો તે સ્થિતિમાં પણ ખર્ચાઈ જવાના ભયથી તમે કંજૂસાઈ કરત; અને મનુષ્ય માત્ર છે જ કંજૂસ.

**(પારો-૧૫, સૂરએ બની ઈસરાઈલ, આયત-૧૦૦)**

✻ અને ખરે જ અમોએ મનુષ્ય માત્રના હિત કાજે આ કુરઆનમાં જાત જાતના દાખલ સ્પષ્ટ વર્ણવ્યા છે; અને મનુષ્ય દરેક વસ્તુ કરતાં વધુ ઝઘડાળું છે.

**(પારો-૧૫, સૂરએ કહ્ફ, આયત-૫૪)**

✻ અને જેમણે હિદાયત મેળવી છે તેમની હિદાયતને અલ્લાહ વધુ વધારતો જાય છે; અને હંમેશાં કાયમ રહેનાર સત્કાર્ય તારા પરવરદિગારની પાસે પુણ્યની રૂએ બેહતર છે અને પરિણામની રૂએ પણ. **(પારો-૧૬, સૂરએ મરિયમ, આયત-૭૬)**

✻ નિઃસંશય તે લોકો કે જેઓ ઈમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યાં તેમના માટે નજીકમાં જ દયાળુ અલ્લાહ (લોકોના મનમાં) પ્રેમ ઉત્પન્ન કરશે.

**(પારો-૧૬, સૂરએ મરિયમ, આયત-૯૬)**

✻ અને જે મારી નસીહતથી મોઢું ફેરવી લેશે તો નિઃસંશય તેની જિંદગી તંગ થઈ જશે, અને કયામતના દિવસે અમે તેને આંધળો કરી ઉઠાડીશું.

**(પારો-૧૬, સૂરએ તાહા, આયત-૧૨૪)**

✻ માટે હવે આ (લોકો) જે કાંઈ કહે છે તે સાંખી લે, અને સૂર્યોદય પહેલાં તથા તેના અસ્ત થયા પહેલાં તારા પરવરદિગારની હમ્દ(તારીફ)ની જપમાળા જપ્યા કર, અને રાતની ઘડીઓમાં તેની પવિત્રતા વર્ણવ્યા કર, અને દિવસના (ચોક્કસ) ભાગોમાં પણ, કે જેથી તું ખુશ રહે.


**(પારો-૧૬, સૂરએ તાહા, આયત-૧૩૦)**

✻ અને તારા કુટુંબીઓને નમાઝની આજ્ઞા કર, અને પંડે પણ તેનો પાબંદ રહે; અમે તારી પાસે કોઈ રોજી નથી માગતા, (બલ્કે) અમે પંડે તને રોજી આપીએ છીએ; અને (સારું) પરિણામ પરહેઝગારો માટે જ છે.


**(પારો-૧૬, સૂરએ તાહા, આયત-૧૩૨)**

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ



## કેવો પોષાક પહેરવો જોઇએ ?

જો કે ઈસ્લામે પોતાના અનુયાયીઓને દુન્યવી ઠાઠમાઠ અને બાહ્ય પ્રદર્શનની મનાઈ ફરમાવી છે અને તેમનું ધ્યાન બીજી દુનિયા(આખેરત)ની નેઅમતો અને ખૂબીઓ તરફ કેન્દ્રિત કર્યું છે તેમ છતાં તેણે બ્રહ્મચારીપણાની અને દુનિયાની નેઅમતોનો ત્યાગ કરી દેવાની પણ મનાઈ ફરમાવી છે. કુરઆને મજીદ ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક સાંસારિક સુખોનો ત્યાગ કરી દેનારાઓની વિચાર શૈલી પર સમાલોચના કરતાં કહે છે :

**'કહો : તેમના ઉપર એ શણગાર - સજાવટ કોણે હરામ કર્યા છે કે જે ખુદાએ પોતાના બંદાઓ માટે પેદા કર્યાં છે ?'**

અને આ જ ધોરણે આ પવિત્ર ધર્મે પોતાના અનુયાયીઓને સારો અને આબરૂદાર પોષાક પહેરવાનો હુકમ કર્યો છે.

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'સારો પોષાક પહેરો કેમકે ખુદા તઆલા સારો છે અને સારી બાબતોને પસંદ કરે છે (પરંતુ સાવધાન રહો) અને પોતાના પોષાક હલાલ માધ્યમથી પ્રાપ્ત કરો.'**

વળી બીજી એક જગ્યાએ ફરમાવે છે :

**'ત્રણ વસ્તુઓ એવી છે કે જેમના વિષે ખુદા તઆલા પોતાના મોમિન બંદા પાસેથી હિસાબ નથી લેતો : એમાંથી એક વસ્તુ તેનો પોષાક છે કે જે તે પહેરે છે.'**

પરંતુ આ માર્મિક બાબત પણ યાદ રાખવી જોઈએ કે ઈસ્લામ શૃંગાર-સજાવટથી લાભ મેળવવાની પરવાનગી એવી પરિસ્થિતિમાં જ આપે છે કે એવું કરવું ખુદાની રાહમાં હોય અને ખુદાના ખાતર હોય. તેથી તે હુકમ આપે છે કે જ્યારે નવો પોષાક પહેરો તો ખુદાની યાદથી સંકળાયેલા રહો :

ઈમામ અલી(અ.) ફરમાવે છે :

**'હઝરત રસૂલે અકરમ(સ.)એ અમને ફરમાવ્યું છે કે જ્યારે નવો પોષાક પહેરો તો કહો : હું ખુદા તઆલાનો શુક્ર અદા કરું છું કે તેં મને પોષાક આપ્યો જેથી હું લોકોની વચ્ચે આબરૂમંદ રહું. યા ખુદા ! આ પોષાકને મારા માટે બરકતવંતો બનાવી દે જેથી હું તેની સાથે તારી પ્રસન્નતાના માર્ગમાં પ્રયત્ન અને કોશિશ કરું અને તેને પહેરીને તારી મસ્જિદોને આબાદ કરું.'**

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'જ્યારે તું પોષાક પહેરે તો આ મુજબ કહે : ખુદાયા ! મને ઈમાનનો પોષાક પહેરાવ અને મને તકવા (ઈન્દ્રિયનિગ્રહ)ના માધ્યમ દ્વારા શણગાર આપ. ખુદાયા ! તું મને એવી તૌફિક (સામર્થ્ય) આપ કે હું તેને તારી અને મારા પયગમ્બર(સ.)ની ઈતાઅતમાં (તે પોષાકને) જૂનો કરું.'**

ઈસ્લામે માણસના પોષાક અને પોષાક સંબંધી અન્ય વસ્તુઓની પાકીઝગી વિષે ખૂબ જ તાકીદ કરી છે.

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'ખુદા તઆલા સુંદર છે અને શણગારને પસંદ કરે છે અને શોભાહીનતાને દુશ્મન ગણે છે કેમકે જ્યારે ખુદા તઆલા પોતાના બંદાને નેઅમત આપે છે તો તેના પર તેની અસર (શું થાય છે તે) પણ જોવા ઈચ્છે છે.'**

લોકોએ પૂછ્યું કે માણસ નેઅમતની અસર કેવી રીતે જાહેર કરી શકે છે ? તો આપે ફરમાવ્યું,

**'પોતાનો પોષાક સાફ અને સ્વચ્છ રાખો અને અત્તર લગાવો અને પોતાના ઘરની સફેદી કરાવો અને તેમાંથી ગંદકી દૂર કરો એટલે સુધી કે સૂર્ય આથમી જાય તે પહેલાં દીવો સળગાવવાને ખુદા તઆલા પસંદ કરે છે અને નાદારી દૂર કરીને માણસની રોજીમાં વૃધ્ધિ કરે છે.'**

ઈમામ અલી(અ.) ફરમાવે છે :

**'સાફ અને સ્વચ્છ પોષાક માણસના દિલમાંથી શોક અને રંજને નષ્ટ કરી નાખે છે.'**

એની સાથે સાથે ઈસ્લામે એવા નાજુક, બારીક અને ખૂબ જ નરમ પોષાકનો ઉપયોગ કરવાની પણ નિંદા કરી છે કે જે પોષાક માણસને એશ આરામ કરવાની ટેવવાળો બનાવી દે છે.

ઈમામ અલી(અ.) ફરમાવે છે :

**'ખરબચડો પોષાક પહેરો અને નાજુક પોષાક પહેરવાથી દૂર રહો.'** (ક્રમશઃ)

## જાફરી તારીખ દર્શિકા(કેલેન્ડર)-૨૦૧૧

દર વર્ષની માફક આ વર્ષે પણ શીઆહ જાફરી મશાયખી મોમિનો માટે **'જાફરી તારીખ દર્શિકા (કેલેન્ડર)-૨૦૧૧'** ડિસેમ્બર-૨૦૧૦ પહેલાં પ્રગટ કરવાનું હોઈ જે મિત્રોએ પોતાના ધંધાની જાહેરાત એમાં આપવાની ઈચ્છા હોય તેમણે જાહેર ખબર માટેની વિગત અને રકમ મોડામાં મોડા **તા.૧૦-૧૧-૨૦૧૦** સુધીમાં મળી જાય તે રીતે નીચેના સરનામે મોકલી આપવા વિનંતી છે. એક જાહેરાત છાપવાનો ખર્ચ **રૂા.૧૦૦૦/-** રાખેલ છે. મર્યાદિત જાહેરાતો છાપવાની હોઈ 'વહેલા તે પહેલા'ના ધોરણે અગ્રતા આપવામાં આવશે તેની નોંધ લેવા દરેકને વિનંતી છે. -**તંત્રી**

**'માસુમ' મહેરપુરી**
ઝહીર હોસ્ટેલ પાસે, ઝહીરાબાદ, પો.સવગઢ, તા. હિંમતનગર, જિ. સા.કાં. મો.૯૬૮૭૬૭૯૫૧૩

*તમારું દીની જ્ઞાન ચકાસો.*

## ? ઈસ્લામી કવીઝ નં. ૧૧૯

**(૧) નમાઝમાં માત્ર કયો ઝિક્ર હલનચલનની સ્થિતિમાં પઢી શકાય છે ?**
(A) સમેઅલ્લાહ હોલિમન હમેદા
(B) બિહવલિલ્લાહે વ કુવ્વતેહી અકુમો વ અકઉદ
(C) અસ્તગફિરૂલ્લાહ રબ્બી વ અતુબો ઈલિયહ

**(૨) નીચેના સૂરાઓમાંથી કયો સૂરો બે વખત નાઝિલ થયેલો છે ?**
(A) સૂરએ ફાતિર (B) સૂરએ ફલક
(C) સૂરએ ઈખ્લાસ

**(૩) હઝરત મૂસા પયગમ્બર(અ.)ની બીબીનું નામ શું હતું કે જે હઝરત શોએબ(અ.)ની દીકરી હતાં ?**
(A) બીબી કુલસુમ (B) બીબી હાજરા
(C) બીબી શફુરા

**(૪) મૈયતને કબરમાં દફન કર્યા પછી પ્રથમ રાત્રે જે નમાઝ પઢવામાં આવે છે તે નમાઝનું નામ શું છે ?**
(A) નમાઝે ઈસ્તેખારહ
(B) નમાઝે વહ્શત
(C) નમાઝે ઈસ્તિસ્કા

**(૫) મુસલમાન ઓછામાં ઓછી કેટલા માઈલની મુસાફરી કરે તો તેના ઉપર નમાઝને કસર કરવાનો નિયમ લાગું પડે છે ?**
(A) અઠ્ઠાવીસ માઈલ (B) ચૌદ માઈલ
(C) પિસ્તાલીસ માઈલ

**(૬) હઝરત મૂસા(અ.)એ કયા પર્વત ઉપર અલ્લાહ તરફથી અસા અને યદે બૈઝાના બે મોઅજિઝા પ્રાપ્ત કર્યા હતા ?**
(A) કોહે સફા (B) કોહે તૂર (C) કોહે જુદી

**(૭) અલ્લાહે જિન્નાતોને શામાંથી પેદા કરેલ છે?**
(A) ધગધગતી આગમાંથી
(B) ધુમાડાવાળી આગમાંથી
(C) ધુમાડા વગરની આગમાંથી

# ઈમામતના બે પ્રકાર

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી
બાવા સાહેબ(મદ્દે.)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

આધુનિક શસ્ત્રોથી સજ્જ ડાકૂઓને કાબૂમાં કરવા માટે જો પોલીસને દાતરડું અને સાઈકલ આપીએ તો કેવું હાસ્યસ્પદ લાગે ? પોલીસ ન તો તેમનો પીછો કરી શકે કે ન તો તેમને ડરાવી શકે.

પારા-૮, સૂરા-૭, આયત-૧૩ થી ૧૭ પ્રમાણે અલ્લાહ શયતાનને સંબોધીને ફરમાવે છે કે તને આવું અભિમાન છે ? **તું જન્નતથી નીચે ઉતરી જા કેમકે તારી આ મજાલ નથી કે તું અહીં રહીને અભિમાન કરે. તું અહીંથી નીકળ. બેશક તું નીચ લોકોમાંથી છે. શયતાન કહેવા લાગ્યો કે તું મને એ દિવસની છૂટ આપ જે દિવસે આખી દુનિયાના લોકોને ફરીથી જીવતા કરવામાં આવશે. ફરમાવ્યું, સારું, મંજૂર છે. તને જરૂર છૂટ આપવામાં આવી. શયતાન કહેવા લાગ્યો કેમકે તેં મારો માર્ગ રોક્યો છે તો હું પણ તારા સીધા માર્ગ પર બની આદમને (ગુમરાહ કરવા માટે) લાગ જોઈને બેસીશ. પછી તેમની આગળથી અને એમની પાછળથી અને એમની જમણી તરફથી અને ડાબી તરફથી (ટૂંકમાં દરેક જગ્યાએથી) તેમના પર આવીને તેમનાથી ભૂલો કરાવીશ અને તું એમનામાંથી ઘણાઓને શુકર કરનારા નહીં જુએ.**

આ આયતથી જાણવા મળ્યું કે આદમ(અ.)ને સિજદો ન કરવાથી નારાજ થઈને અલ્લાહે શયતાનને જન્નતમાંથી કાઢી મૂક્યો. શયતાને ફરીથી લોકો જીવતા થઈને ઊઠે તે સમય સુધીની અલ્લાહ પાસે મુદત માગી અને લોકોને સીધા માર્ગથી ગુમરાહ કરવા માટે કહ્યું. અને તે લોકોને ચારે તરફથી ઘેરીને ગુમરાહ કરશે અને ઘણા લોકોને ચારે તરફથી ઘેરીને ગુમરાહ કરશે અને ઘણા લોકો અલ્લાહના આભારી નહીં રહે. તેમ કહ્યું છતાં અલ્લાહ એમ ફરમાવતો નથી કે જા તારાથી થાય તેમ કર, પરંતુ હું મારા બંદાઓને ગુમરાહ નહીં થવા દઉં. એમ જો અલ્લાહે શયતાને કહ્યું હોત તો આપણને શાંતિ રહેત કે શયતાન છે તો પણ કંઈ વાંધો નહીં, અલ્લાહ આપણને ગુમરાહ નહીં થવા દે. પરંતુ આનાથી ઉલ્ટું શયતાને જે શક્તિ માગી તે બધી અલ્લાહે તેને આપી. હવે આવા શક્તિશાળી શયતાન આગળ માણસનું શું ગજુ ? અને તે ગુમરાહ થાય તો અલ્લાહ તેને જહન્નમમાં નાખે તો પછી આપણે ઉસૂલે દીનમાં અલ્લાહને આદિલ માનીએ છીએ તે ક્યાં રહ્યું ?

પારા-૨૦, સૂરા-૨૮, આયત-૪૧

**'અને અમોએ તેમને (ગુમરાહોના) એવા ઈમામ બનાવ્યા કે જેઓ (લોકોને) જહન્નમ તરફ બોલાવે છે અને કયામતના દિવસે તેમની મદદ કરવામાં આવશે નહીં.'**

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહે શયતાનને પણ દરજ્જો આપ્યો છે ઈમામનો કે જે લોકોને જહન્નમ તરફ બોલાવે છે. અને...

પારા-૧૭, સૂરા-૨૧, આયત-૭૩

**'અને અમોએ તેમને એવા ઈમામ બનાવ્યા કે જેઓ અમારી આજ્ઞા પ્રમાણે લોકોને હિદાયત કરતા હતા અને અમોએ તેમને નેકીઓ કરવાની તથા નમાઝ પઢવાની તથા ઝકાત આપવાની આજ્ઞા આપી હતી અને તેઓ સઘળા માત્ર મારી જ બંદગી કરનારા હતા.'**

ઉપરની આયતોથી જાણવા મળ્યું કે અલ્લાહે ઈમામ પણ બે પ્રકારના બનાવ્યા છે : એક ગુમરાહ કરનાર અને એક હિદાયત કરનાર. શયતાન પણ ઈમામ અને અલી(અ.) પણ ઈમામ. હવે આપણને જાણવા મળ્યું કે શયતાન પર અલ્લાહ ગઝબનાક થયો. જન્નતમાંથી તેને કાઢી મૂક્યો તેમ છતાં તે ચૂપચાપ જતો કેમ ન રહ્યો કારણ કે શયતાન જાણતો હતો કે ભલેને અલ્લાહ મારાથી નારાજ થયો તેમ છતાં એ મારી માગણીને કબૂલ મંજૂર રાખશે માટે જ તેણે લોકોને ગુમરાહ કરવાની અને પોતાને કયામત સુધી જીવાડવાની દરખાસ્ત મૂકી. સાબિત થયું કે જે ઈમામ હોય છે તે અલ્લાહના સ્વભાવથી વાકેફ હોય છે માટે જ અલ્લાહે ગુમરાહ કરનાર શયતાન સામે હિદાયત કરનાર અલી(અ.)ને મૂક્યા. (જ્યાં **અલી** લખું ત્યાં બાર ઈમામ સમજી લેવા કેમકે બધા જ પોતાના જમાનાના મોહંમદ છે.)

શયતાનને પણ અલ્લાહ તરફથી જ શક્તિઓ મળી અને અલી(અ.)ને પણ અલ્લાહ તરફથી શક્તિઓ મળી છે. શયતાનને અલ્લાહે નારાજ થઈને શક્તિ આપી જ્યારે અલી(અ.)ને અલ્લાહે રાજી થઈને શક્તિઓ આપી.

શયતાન એક છે અને ઈમામ બાર છે. અલ્લાહે માણસને બુધ્ધિ આપી જેથી તે સમજીને શયતાનથી પોતાની જાતને બચાવીને અલી(અ.)ને પોતાની જાત સોંપી દે અને પોતે હિદાયત મેળવે એટલે કે જો માણસ શયતાનને અનુસરશે તો જહન્નમ તરફ જશે અને અલી(અ.)ને અનુસરશે તો જન્નત તરફ જશે.

આપણો અનુભવ છે કે આપણને શયતાનનો અનુભવ ડગલેને પગલે થાય છે જ્યારે અલી(અ.)નો અનુભવ થતો નથી. એનું કારણ એ છે કે શયતાન માણસને ગુમરાહ કરવાની તાકમાં જ હોય છે. એટલે **'માન ન માન મૈં તેરા મહેમાન'** કહીને હાજર થઈ જાય છે. જ્યારે અલ્લાહે હઝરત અલી(અ.) માટે નાદે અલી ઊતારી. તેમાં કહેવામાં આવ્યું છે કે અલ્લાહની અજાયબીઓને જાહેર કરનાર અલી(અ.)ને તમે બોલાવો તો ખરા, એ તમારી દરેક મુશ્કેલીમાં મુશ્કિલકુશા સાબિત થશે. એટલે કે અલી(અ.)ને બોલાવીએ નહીં તો તે આવશે નહીં, જ્યારે શયતાનને બોલાવો કે ન બોલાવો એ હંમેશાં હાજર જ હોય છે, ગુમરાહ કરવા માટે. આપણે મોટા ભાગે મુશ્કેલીઓ કે મુસીબતોમાં સપડાઈએ છીએ ત્યારે જ હઝરત અલી(અ.)ને બોલાવીએ છીએ. પરંતુ હઝરત અલી(અ.)ને બોલાવવાનો ખરો સમય તો જ્યારે શયતાન આપણાથી ખોટું કરાવવા માગતો હોય ત્યારે જ હોય છે.

શયતાન એટલો બધો મશહૂર છે કે જે લોકો ઈસ્લામમાં માનતા હોય કે ન માનતા હોય બધા જ શયતાનથી વાકેફ હોય છે. આપણે કોઈને પણ શયતાન કહીશું તો તે તરત જ નારાજ થશે એટલે કે શયતાનથી નફરત કરવી દરેક જણ જાણે છે જ્યારે હઝરત અલી(અ.)થી મોહબ્બત કરવી જોઈએ એ તો મુસલમાનોમાં પણ ઘણા ખરા જાણતા નથી.

હવે આપણે શયતાન તરફ મનન કરીને હઝરત અલી(અ.)ની કાર્યશક્તિને જાણવાનો પ્રયત્ન કરીએ.

શયતાન એક છે તેમ છતાં તે અલ્લાહના બંદાને ગુમરાહ કરવા માટે દરેક જગ્યાએ, દરેક દેશમાં હાજર થઈ શકે છે. શયતાન આગથી બનેલો છે. હઝરત અલી(અ.) અલ્લાહના નૂરથી બનેલા છે. તેમને હિદાયતના ઈમામ બનાવવામાં આવ્યા છે. તો જો અલ્લાહના બંદાઓ તેમને હિદાયત માટે બોલાવે તો તે કેમ હાજર ન થઈ શકે ? જો શયતાન

માટે યકીન છે કે તે દરેક જગ્યાએ હાજર થઈ શકે છે તો હઝરત અલી(અ.) માટે પણ યકીન હોવું જોઈએ કે તેઓ બંદાની મદદ માટે દરેક જગ્યાએ હાજર થઈ શકે છે.

પારા-૫, સૂરા-૪, આયત-૧૭૭ થી ૧૨૦

**'આ મુશરિકો અલ્લાહને મૂકીને બસ સ્રીઓની જ પરસ્તિશ કરે છે અને હકીકતમાં આ લોકો ઉધ્ધત શયતાનની પરસ્તિશ કરે છે કે જેના પર ખુદાએ લાઅનત કરી છે અને જેણે શરૂઆતમાં જ કહ્યું હતું કે હે ખુદા ! હું તારા બંદાઓમાંથી કેટલાક લોકોને જરૂર મારી તરફ લઈ લઈશ અને પછી તેમને ગુમરાહ કરીશ અને એમને મોટી મોટી આશાઓથી જરૂર લોભાવીશ અને હું તેમને જરૂર એવી આજ્ઞાઓ પર ચલાવીશ કે જેથી તેઓ ચોપગા પ્રાણીઓના કાન ચીરી નાખશે અને જે લોકો અલ્લાહને ત્યજી શયતાને મિત્ર બનાવશે તે ખરે જ ખુલ્લી હાનિ ભોગવશે. તે (શયતાન) તેમને વાયદા કરે છે અને તેને ખોટી આશામાં નાખે છે અને શયતાન તેમને વાયદો નથી કરતો પણ કેવળ ધોખો જ આપે છે.'**

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહને મૂકીને પોતાની મરજીથી પોતાના હાથે બનાવેલાને માનવું એટલે તે શયતાનને જ માનવા બરાબર છે કે જેના પર અલ્લાહે લાનત કરી છે અને જે લોકો શયતાન તરફ ચાલ્યા જાય છે તેમને શયતાન ગુમરાહ કરે છે એવી રીતે કે મોટી મોટી લોભામણી આશાઓ જગાવે છે અને જાનવરોને અલ્લાહનું નામ લઈને ઝુબેહ કરવાનું બદલાવીને તેમના કાન ચીર ફાળ કરવાનું કહે છે અને માણસને તે વિધિ યોગ્ય લાગે છે. અને તેની આજ્ઞાથી અલ્લાહની સર્જેલી વસ્તુને બદલી નાખશે એટલે કે જેને અલ્લાહે હલાલ કર્યું હશે તેને હરામ સમજશે અને જેને અલ્લાહે હરામ કર્યું હશે તેને હલાલ સમજશે એટલે કે અલ્લાહની દ્રષ્ટિમાં જે સારું છે તેને તે ખરાબ સમજશે અને જે અલ્લાહની દ્રષ્ટિમાં ખરાબ છે તેને સારું સમજશે. શયતાન તેમને ખોટી આશા જુઠ્ઠા વાયદા કરે છે.

શયતાન ગુમરાહોનો ઈમામ છે તો તેની તરફ ઝૂકી જવાથી તે બંદાને ગુમરાહ કરે છે. તો હઝરત અલી(અ.)ને અલ્લાહે હિદાયતના ઈમામ બનાવ્યા છે તો જે બંદાઓ તેમના પર ઈમાન રાખશે તો ઈમામ અલી(અ.) જરૂર તેની હિદાયત કરશે અને ગુમરાહીથી બચાવશે. ખોટી આશાઓ નહીં, પરંતુ દિલોમાં સાચી આશાઓ જન્માવશે અને અલ્લાહે સર્જેલી વસ્તુને બદલવા નહીં દે. હલાલને હલાલ અને હરામને હરામ બનાવશે. હઝરત અલી(અ.) પોતાના માનનારાને ખોટા ભ્રમમાં રહેવા નહીં દે પણ સાચો વાયદો કરશે અને આખરેતના નુકસાનથી બચાવશે.

પારા-૧૭, સૂરા-૨૨, આયત-૫૨

**'અને હે રસૂલ ! અમે તમારા પહેલાં જ્યારે પણ કોઈ રસૂલ અને નબી મોકલ્યો તો એ જરૂર**

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

૮

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبَّنَآ اٰمَنَّا بِمَآ اَنْزَلْتَ وَاتَّبَعْنَا الرَّسُوْلَ فَاكْتُبْنَا مَعَ الشّٰهِدِيْنَ ﴿۵۳﴾

**રબ્બના આમન્ના બેમા અન્ઝલ્ત વત્તબઅ્નર રસૂલ ફકતુબ્ના મઅશ્શાહેદીન.**

(પારો-૩, સૂરએ આલે ઈમરાન, આયત-૫૩)

અર્થ : અય અમારા પરવરદિગાર ! તેં જે કંઈ નાઝિલ કર્યું છે તેના પર અમે ઈમાન લાવ્યા અને અમોએ તારા રસૂલનું અનુકરણ કર્યું જેથી તું (સત્યની) સાક્ષી આપનારાઓની સાથે અમને (પણ) લખી લે.

**થયું કે જે સમયે તેણે હુકમો પહોંચાડવાની ઈચ્છા કરી તો શયતાને તેની ઈચ્છામાં લોકોને બહેકાવીને વસવસો નાખી દીધો. પછી શયતાન જે વસવસો નાખે છે તેને અલ્લાહ નષ્ટ કરી નાખે છે. પછી અલ્લાહ પોતાની આયતોને મજબૂત કરી દે છે અને અલ્લાહ જાણનાર તથા હિકમતવાળો છે.'**

આ આયતથી જાણવા મળ્યું કે શયતાન દરેક નબીના જમાનામાં તેમના કાર્યોમાં આડખીલી નાખવા માટે પહોંચી જતો હતો. શયતાનને અલ્લાહ તરફથી જ લાંબુ આયુષ્ય મળ્યું છે એટલે કે જ્યારે લોકો મૃત્યુ પામીને ફરીથી જીવતા થશે ત્યાં સુધીનું આયુષ્ય મળ્યું છે. હમણાં બારમા ઈમામનો જમાનો છે પરંતુ તેમને અલ્લાહે ગયબમાં રાખ્યા છે એટલે તેઓ એવો અમલ નહીં કરે કે જેનાથી પોતે જાહેર થઈ શકે કારણ કે સૂરએ દહરમાં આવ્યું છે કે અમે એહલેબયત તે ઈચ્છતા જ નથી કે જે અલ્લાહ ઈચ્છતો ન હોય. હઝરત અલી(અ.)ની ઉંમર ૬૩ વર્ષની છે. તો જાણે કે શયતાનને અલ્લાહે ગુમરાહ કરવા માટે મોકળું મેદાન આપી દીધું. પરંતુ એવું નથી. શયતાન જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી જ લોકોને ગુમરાહ કરી શકશે પરંતુ તેના મૃત્યુ પછી તે કાંઈ પણ કરી નહીં શકે. જ્યારે હઝરત અલી(અ.)ને અલ્લાહે **'મઝહરુલ અજાએબ'** બનાવ્યા છે. શયતાન ગુમરાહોનો ઈમામ છે પરંતુ તેની શક્તિને પણ આપણે સમજી શકતા નથી. એવી જ રીતે હઝરત અલી(અ.)ને અલ્લાહના અઝાએબને જાહેર કરનાર બનાવ્યા છે. અલ્લાહની કુદરત તેમનાથી જાહેર થશે. એ આપણી બુધ્ધિમાં આવી શકે નહીં. માટે જ તેને અજાએબ કહેવામાં આવે છે. જેમ શયતાન દરેક નબીના કાર્યોમાં આડખીલી નાખવા માટે પહોંચે છે તેવી રીતે જ હઝરત અલી(અ.) પોતાની વિલાદત પહેલાં દરેક નબીની મદદ કરવા પહોંચી જાય છે અને પોતાની શહાદત પછી પણ મદદ કરવા પહોંચી જાય છે.

આપણે મજલિસોમાં રિવાયતોમાં સાંભળ્યું છે કે હઝરત ફાતેમા બિન્તે અસદ, હઝરત અલી(અ.)ની માતાએ હઝરત અલી(અ.)ને પૂછયું કે બેટા! તને મઝહરુલ અજાએબ કેમ કહેવામાં આવે છે ? તો હઝરત અલી(અ.)એ તેમને હાર બતાવીને કહ્યું કે હે મા ! તમને ખબર છે કે આ હાર ક્યાંથી આવ્યો ? એક વખત તમે બાળપણમાં પોતાની સહેલીઓ જોડે જંગલમાં રમી રહ્યાં હતાં ત્યાં એક સિંહ આવ્યો. આપની બધી સહેલીઓ નાસી ગઈ પરંતુ આપ ત્યાં જ ઊભાં રહ્યાં. એટલામાં એક ઘોડેસવાર આવ્યો અને તેણે સિંહને કહ્યું કે હે જંગલના સિંહ ! જંગલમાં જતો રહે. તને ખબર નથી કે આ અલ્લાહના સિંહની માતા છે એટલે એ સિંહ જતો રહ્યો. ત્યારે આપે ઘોડેસવાર પર ખુશ થઈને પોતાના ગળામાંથી હાર આપ્યો હતો. જુઓ આ હાર તે જ છે ને ? હઝરત ફાતેમા બિન્તે અસદે તે હારને ઓળખી લીધો એટલે હઝરત અલી(અ.)એ કહ્યું કે એ ઘોડેસવાર બીજો કોઈ નહીં પરંતુ હું પોતે જ હતો.

બીજી રિવાયત શહાદત પછીની આપણે મહોર્રમની મજલિસોમાં શામે ગરીબાના ઝિકરમાં સાંભળીએ છીએ. જ્યારે હઝરત ઝયનબ(અ.) બચ્ચાંઓનું અને ખયમાનું રક્ષણ કરતાં હતાં ત્યાં તો દૂરથી અંધકારમાં પ્રકાશ દેખાયો કે જે નજીક આવી રહ્યો હતો. જ્યારે નજીક આવ્યો તો એક ઘોડે સવાર દેખાયો. આપે શિકાયત કરી કે હવે શું લૂંટવામાં બાકી છે કે તું લૂંટવા આવી રહ્યો છે ? ખબરદાર, હું અલીની બેટી છું. એમ કહીને તેના ઘોડાની લગામ પકડી લીધી ત્યારે ઘોડેસવારે પોતાની નકાબ હટાવી કહ્યું કે બેટા ! હું પોતે જ અલી છું. તમારું રક્ષણ કરવા આવ્યો છું.

હવે હું હકીમ સૈયદ મહેમૂદ ગીલાની

(શિયાલકોટ)ના એક મહાન સંશોધાત્મક સંગ્રહનો એક નાનકડો ભાગ **એલીયા**માંથી કેટલાક પ્રસંગો રજૂ કરું છું જેમાં હઝરત અલી(અ.)ની પોતાની વિલાદત પહેલાં કરેલી મદદનું વર્ણન છે.

**શ્રી કૃષ્ણ પ્રાર્થના :**

હે પરમેશ્વર ! સંસારના પરમાત્મા ! તને તારી જાતની કસમ કે જે આકાશ અને ધરતીનો જન્મદાતા છે અને તેની કસમ કે જે તારા પ્યારાનો પ્યારો, તારા પ્રિતમનો પ્રિતમ છે. તને એનો વાસ્તો કે જે આહલી છે. (અલીનું નામ છે), જે સંસારના સૌથી મોટા મંદિરમાં કાળા પથ્થરની નજીક પોતાનો ચમત્કાર બતાવશે, તું મારી વિનંતીને સાંભળ જૂઠ્ઠા રાક્ષસોનો નાશ કર અને સાચાઓને વિજય આપ. હે ઈશ્વર ઈલાહ ઈલાહ !

**'કિષ્ન બિનતી'** લેખક પંડિત રામધન, પેજ નં. ૭૨ સાગરી પુસ્તકાલય દિલ્હી, ૧૯૩૧ ઈ.સ.માં)

હઝરત દાઉદ(અ.)ના સહિફએ ઝબૂરનાં કેટલાંક પેજ જૂની આવૃત્તિમાં છે.

એ મહાન જાતનું આજ્ઞાપાલન કરવું વાજિબ છે કે જેનું નામ એલી છે. તેની તાબેદારીથી જ દીન અને દુનિયાનાં બધાં કાર્યો સફળ થાય છે અને તે મહાન હસ્તીને હદાદ હૈદર પણ કહે છે કે જે નિઃસહાય લોકોનો સહારો, ગઝબનાક સિંહ, ખૂબ જ શક્તિશાળી અને કા'બામાં પેદા થનારો છે. તેનો પાલવ પકડો અને તેના આજ્ઞાપાલનમાં એક સેવકની માફક રહેવું દરેક ઉપર ફર્જ છે. સાંભળી લો કે જેમની પાસે કાન છે, સમજી લો કે જેમની પાસે બુધ્ધિ છે અને વિચારી લો કે જેમની પાસે દિલ હોય.

હઝરત નૂહ(અ.) દુઆ કબૂલ થયા પછી આભાર વ્યક્ત કરે છે, ઈલાહી! હું તારી બેહિસાબ પ્રશંસા કરું છું. પરવરદિગાર ! તારો બેશુમાર શુક્ર છે. તેં સખત અઝાબથી મને બચાવ્યો. તારા રસૂલ એહમદ(સ.)નો પણ શુક્રગુઝાર છું (આભારી) અને તે એલીયાનો પણ આભાર કે જેણે મદદ કરી. એ એલીયા કે જે તારા ઘરમાં જન્મ લેશે અને તારા નબીની બેટીનો પણ આભાર અને તેમના બન્ને પુત્રોનો પણ આભારી છું કે જેમણે મને મદદ કરી.

૧. **જવાહેરૂલ અદવીયા** નામની કિતાબમાંથી મનકુલ પ્રેસ નવલકિશોર લખનઉ. ૧૮૯૯

૨. **તારીખે આલમઃ**લેખક સજ્જાદ યઝદાની પ્રેસ બોમ્બે ૧૯૦૦-૧૨.

**બુધ્ધની દુઆ :**

અય મારા વ્હાલાઓના વ્હાલા ! અય એલીયા ! અય બધા ઉપર વિજયી થનારા ! આવ અને તારા દર્શન આપીને મારી સહાયતા કર. અય પરમાત્માના શેર ! દુનિયાનાં શિયાળવાં મને ખાઈ જવા ઈચ્છે છે. તને એની કસમ કે જેની શક્તિ તારી અંદર છે, મારી મુશ્કિકુશાઈ કર. તેં વાયદો કર્યો છે કે મુસીબતના સમયે આવી પહોંચીશ. અત્યારે મદદ કરવાનો સમય છે. જલ્દી આવી જા નહિતર હું બરબાદ થઈ જઈશ. તારું નામ એ છે કે જે પરમાત્માનું છે અને તારા ચહેરા પર નજર કરવી હજારો પ્રાર્થનાઓ કરવા બરાબર છે. તું ભગવાનનો ચહેરો છે. મારા વહાલા ! તું સર્વસ્વ છે અને હું તારા વગર કંઈ જ વિસાતમાં નથી. તું બધું જ જોઈ રહ્યો છે. સઘળી પરિસ્થિતિ તારી નજર સમક્ષ છે. મારી તકલીફો તું જાણે છે. તું જ તેને દૂર કરી શકે છે. ઓમ એલીયા, ઓમ એલીયા ઓમ એલીયા.

**બુધ્ધયોગ રિસાલએ બુધ્ધજ્ઞાન** : લેખક રામનારાયણ બનારસી, ઈ.સ. ૧૯૩૧, પાના નં. ૫૫

ઉપરની હકીકતથી જાણવા મળ્યું કે નબીઓ,

પયગમ્બરો, સંતો બધા પોતાના જમાનામાં હઝરત અલી(અ.) અને પંજેતનને જાણતા હતા અને તેમનાથી મદદ મેળવતા હતા.

હવે આપણે હમણાંની એટલે કે ઈ.સ. ૧૯૬૧ની વાત જોઈએ. ડૉ. એફ. કરાકા કે જે કરંટ પેપરનો તંત્રી હતો કે જેણે હઝરત અલીનું નામ પણ જાણ્યું ન હતું. તેના જીવનમાં હઝરત અલી આવ્યા અને તેની કેવી મદદ કરી તે તેણે પોતાની કિતાબમાં વર્ણવ્યું છે. તે આપવીતી છે અને તેનું નામ તેણે ***THEN CAME HAZARAT ALI*** રાખ્યું એટલે કે **'પછી હઝરત અલી પધાર્યા'**, તે વર્ણવે છે કે તેણે સ્વપ્નમાં જોયું કે બધા માણસો બે લાઈનોમાં ઊભા છે અને બધા **'હઝરત અલી, હઝરત અલી'** કહી રહ્યા છે. સાથે તનો મિત્ર હુસૈન પણ ઊભો છે. એટલામાં સામેથી એક ઘોડેસવાર કે જેણે ચહેરા પર નકાબ પહેર્યો હતો, તેને આવતાં જોયો. જ્યારે ઘોડેસવાર નજીક આવ્યો તો તેણે નકાબ હટાવીને કરાકા તરફ જોયું, કરાકા એમ લખે છે કે મને એવું લાગ્યું કે હું તેજસ્વી સૂર્યને જોઉં છું. મારી આંખો અંજાઈ ગઈ. પછી તેણે હાથ લાંબો કર્યો. એ હાથ જાણે કોઈ પહેલવાનનો હોય તેમ લાગ્યું હતું. મેં જ્યારે એ હાથને પકડ્યો તો હું જમીનથી અધ્ધર થઈ ગયો. તે વ્યક્તિ ૩૦-૪૦ વર્ષની લાગતી હતી. અને તે જ હઝરત અલી હતા. બધા તેમને હઝરત અલી કહીને બોલાવતા હતા. ત્યાર પછી તો કરાકા જુદા જુદા પ્રસંગોએ હઝરત અલીએ કેવી મદદ કરી તે વર્ણવે છે. એક વખત તેનું પથરીનું ઓપરેશન હતું. પથરી ઈંડા જેવડી મોટી હતી અને તેને ડાયાબિટીસ હતું પરંતુ હોસ્પિટલ જવા પહેલાં હઝરત અલીએ તેને બશારત આપી કે બધું સારું થઈ જશે, ચિંતા ન કર. તે જ પ્રમાણે તે નજફ અને હૈદરાબાદમાં મૌલા અલી પર દર્શને ગયો ત્યાં મુસલમાન સિવાય બીજું કોઈ જઈ શકે નહીં એવું બોર્ડ મૂકેલું હતું તેવી જગ્યાએ તેને મુજાવર પોતે હઝરત અલીના કહેવાથી લેવા આવ્યો અને રોઝામાં લઈ ગયો. એવા પ્રસંગો એણે લખ્યા છે. સાબિત થયું કે હઝરત અલી(અ.) શહાદતના ઘણા સમય પછી પણ, ભારત દેશમાં પણ તેની મદદ કરે છે. હઝરત અલી(અ.) ચાહે તે જગ્યાએ પહોંચી જાય છે.

પારા-૩, સૂરા-૨, આયત-૨૬૮

**'શયતાન તમને ગરીબ થઈ જશો એમ બીવરાવે છે'** તો જ્યારે પણ મનમાં આવો વસવસો આવે તો સમજી લેવું કે આ શયતાની વસવસા છે ત્યારે **'લાહૌલા વલા કુવ્વતા ઈલ્લા બિલ્લાહ'** પઢવું અને **'યા અલી મદદ'** કહેવું કેમકે હઝરત અલી અલ્લાહ તરફથી મનમાંથી ભય દૂર કરી ને હિંમત આપશે **'અને અલ્લાહ તરફથી ક્ષમા અને રોઝીથી નિરાશ નહીં થવા દે. શયતાન નિર્લજ્જપણે વર્તવાની આજ્ઞા કરે છે'** એટલે કે શયતાન ખોટા હુકમનો કરનાર છે. તો હઝરત અલી અલ્લાહ તરફથી સચ્ચાઈનો હુકમ આપનાર છે, ઉલીલ અમ્ર છે.

પારા-૧૩, સૂરા-૧૪, આયત-૨૨

**'શયતાન કહેશે કે નિઃસંશય અલ્લાહે તો તમને સાચો વાયદો કર્યો હતો અને મેં પણ વાયદો કર્યો હતો પણ તેનું પાલન મેં તમારી સાથે કર્યું નહીં. વળી તમારા ઉપર મારું કાંઈ ચલણ તો હતું જ નહીં સિવાય કે મેં તમને બોલાવ્યા હતા અને તમોએ મારું કહેવું માની લીધું હતું માટે હવે તમે મને ઠપકો આપો નહીં બલ્કે તમને પોતાને જ ઠપકો આપો. હવે હું ન તો તમારી ફરિયાદને પહોંચનારો થઈ શકું છું કે ન તો તમે મારી ફરિયાદને પહોંચનારા થઈ શકો છો. તમોએ મને જે (અલ્લાહ)નો શરીક બનાવ્યો હતો તેનો તો હું નિઃસંશય પ્રથમથી ઈન્કાર કરતો હતો. નિઃસંશય જેઓ જુલમગાર છે તેમના માટે દુઃખદાયક અઝાબ છે.'**

આ આયતથી કયામતમાં ગુમરાહોના ઈમામ શયતાનની પરિસ્થિતિ કેવી હશે તે જાણવા મળે છે. તે વાયદો કરે છે પરંતુ પાલન કરતો નથી. જ્યારે હિદાયતના ઈમામ હઝરત અલી(અ.) જે વાયદો કરશે તેનું પાલન અવશ્ય કરશે.

શયતાનની આજ્ઞા માનનારા પર તેનું ચલણ હોતું નથી, જ્યારે હઝરત અલી(અ.)ની આજ્ઞા માનનારા પર સત્તા હોય છે. કયામતમાં શયતાન તેના અનુયાયીની ફરિયાદને પહોંચનાર નહીં હોય, જ્યારે હઝરત અલી(અ.) તેમના અનુયાયીની ફરિયાદને પહોંચી વળશે અને પોતાના ઝંડા નીચે સ્થાન આપશે.

પારા-૭, સૂરા-૫, આયત-૯૧

**'એ સિવાય બીજું કાંઈ જ નથી કે શયતાન તમારી વચ્ચે શરાબ તથા જુગાર વડે શત્રુતા અને દ્વેષ નાખવા ઈચ્છે છે અને તમને અલ્લાહની યાદ તથા નમાઝ અદા કરતાં અટકાવે છે તો પણ શું તમે (તેને અનુસરતા) અટકશો નહીં ?'**

શયતાન લોકોમાં વેરઝેર નાખવા ઈચ્છે છે માટે જ તેમને શરાબ અને જુગાર તરફ લલચાવે છે એનો અર્થ એ કે હઝરત અલી(અ.) લોકોમાં સંપ અને મિત્રતા નાખવા ઈચ્છે છે. માટે એવાં કામો તરફ પ્રેરણા આપશે કે જેથી આપસમાં મેળમેળાપ વધે અને અલ્લાહની ઈબાદતો તથા તેની યાદની પ્રેરણા મળશે.

પારા-૧૪, સૂરા-૧૫, આયત-૧૬ ૧૯

**'અને ખરે જ અમોએ આકાશમાં નક્ષત્રો કાયમ કર્યાં છે અને જોનારાઓ માટે તે આકાશને અમોએ તારાઓથી સુશોભિત બનાવ્યું છે અને દરેક લાનત પામેલા શયતાનના આગમનથી તેનું રક્ષણ કર્યું છે. પણ જો કોઈ શયતાન ચોરી છૂપીથી કોઈ વાત સાંભળવા જાય તો પ્રત્યક્ષ અગ્નિ જ્વાળા (રૂપે એક તારો) તેનો પીછો કરે છે અને પૃથ્વીને અમોએ (તમારા વસવાટ માટે) પાથરી છે અને તેમાં મોટા મોટા પહાડ (ખીલા) તરીકે સ્થાયી કર્યા છે અને તેમાં યોગ્ય પ્રમાણમાં દરેક વસ્તુ ઉગાડી દીધી.**

આ આયતથી જાણવા મળ્યું કે શયતાનની પહોંચ આકાશ સુધી છે અને ત્યાંની વાતો સમજવાનું જ્ઞાન ધરાવે છે એટલે જ તેને ત્યાંથી હાંકી કાઢવામાં આવે છે. શયતાન આગથી બનેલો ગુમરાહોનો ઈમામ છે. તો જો શયતાન આકાશ સુધી પહોંચવાની શક્તિ ધરાવતો હોય તો પછી નૂરથી બનેલા હિદાયતના ઈમામ અને રસૂલ(સ.) કે જે એક જ નૂરથી બનેલા છે તેમને અલ્લાહ અર્શ પર લઈ જઈને મેઅરાજ કરાવે અને તેમની સાથે લાખો વાતો કરે તેમાં શી નવાઈ ? તેમને માનભેર અર્શ સુધી બોલાવવામાં આવે છે અને તેઓ ત્યાંની વાતોથી અને હકીકતથી વાકેફ હોય છે.

પારા-૨૫, સૂરા-૪૩, આયત-૩૬ થી ૩૮

**'અને જે શખ્સ અલ્લાહની યાદથી મોઢું ફેરવી લે છે તો તેના માટે અમે એક શયતાનની નિમણૂંક કરી દઈએ છીએ, એ જ તેનો સાથી રહે છે અને ખચીત જ એ જ શયતાનો તેમને સન્માર્ગથી અટકાવતા રહે છે અને તેઓ એવું ગુમાન કરતા રહે છે કે તેઓ હિદાયત પામેલા છે એટલે સુધી કે જ્યારે તે (કયામતમાં) અમારી પાસે આવશે તો તે પોતાના સાથી શેતાનને કહેશે કે મારી તથા તારી વચ્ચે પૂર્વ પશ્ચિમનું છેટું હોત તો કેવું સારું થાત.**

આ આયતથી જાણવા મળ્યું કે જે અલ્લાહની યાદથી મોઢું ફેરવે છે તેના માટે અલ્લાહ પોતે એક શયતાનની નિમણૂંક કરે છે કે જે તેનો સાથી બનીને અલ્લાહની રાહથી રોકતો રહે છે. એનાથી ઉલ્ટું જે હંમેશાં અલ્લાહની યાદમાં રહે તો અલ્લાહ તેને ઈમામ સાથે રાખશે અને ઈમામ તેને અલ્લાહના માર્ગ પર સાબિતકદમ રાખશે અને કયામતમાં પણ

તે ઈમામ સાથે જ રહેશે.

પારો-૨, સૂરા-૨, આયત-૧૬૯

**'તે શયતાન તમને દુષ્ટ કાર્યો કરવાની તથા નિર્લજ્જપણે વર્તવાની આજ્ઞા કરે છે અને વળી અલ્લાહના સંબંધમાં વગર વિચાર્યે આક્ષેપ કરવાની આજ્ઞા કરે છે.'**

જો ઈમામથી આપણે સંબંધ રાખીશું તો ઈમામ આપણને દુષ્ટ કાર્યો કરવાથી તેમજ નિર્લજ્જપણે વર્તવાથી દૂર રહેવાની પ્રેરણા આપશે અને અલ્લાહના સંબંધમાં ગમે તેમ બોલતાં રોકશે.

પારા-૧, સૂરા-૨, આયત-૩૪

**'અને જ્યારે અમોએ ફરિશ્તાઓને કહ્યું કે આદમને સિજદો કરો તો સર્વેએ સિજદો કર્યો સિવાય ઈબ્લીસે. તેણે અભિમાનથી ઈન્કાર કર્યો અને કાફિર થઈ ગયો.'**

અલ્લાહના નબી હઝરત આદમ(અ.)ને સિજદો કરવાનો અલ્લાહે હુકમ કર્યો તેમ છતાં તેણે સિજદો ન કર્યો અને અભિમાન કરવા લાગ્યો અને કાફિર થઈ ગયો.

હઝરત અલી(અ.) પોતાના જમાનાના અલ્લાહના નબી પર પોતાની જાત ન્યોછાવર કરીને હિજરતની રાત્રે રસૂલ(સ.)ની જાન બચાવવા દુશ્મનોની તલવારો નીચે સૂઈ ગયા. અલ્લાહે તેમનો નફસ ખરીદી લીધો અને પોતાની બધી મરજીઓ આપી દીધી અને હઝરત અલી(અ.) **કુલ્લે ઈમાન** (સંપૂર્ણ ઈમાન) થયા.

પારા-૧૫, સૂરા-૧૮, આયત-૫૦

**'તે ઈબ્લીસ જિન્નાતની કોમમાંથી હતો આથી તેણે તેના પરવરદિગારના હુકમનું ઉલ્લંઘન કર્યું. આમ છતાં શું તમે મને મૂકીને તેને અને તેના વંશજોને મિત્ર બનાવો છો જો કે તેઓ તમારા દુશ્મન છે ?'**

હઝરત અલી(અ.) એહલેબયતમાંથી છે. તેઓ એવું ઈચ્છતા જ નથી કે જે અલ્લાહ ન ઈચ્છે. તો આપણે હિદાયત મેળવવી હોય તો હઝરત અલીને અને તેમના વંશજોને મિત્ર બનાવવા જોઈએ, તેમનાથી મહોબ્બત રાખવી જોઈએ કારણ કે એ લોકો પણ આપણાથી મહોબ્બત રાખે છે.

તમારી કોમ હઝરત અલી(અ.)થી સાવ અજાણી હતી. તેવા સમયે તમે તમારા પીર કબીરૂદ્દીન બાવા(રહે.) તરફ નજર કરી અને તમે ગવાહી આપી કે અલ્લાહ એક છે, બીજો કોઈ ખુદા નથી. મોહંમદ(સ.) અલ્લાહના રસૂલ છે અને હઝરત અલી(અ.) અલ્લાહના વલી અને રસૂલના વસી છે, એમ ગવાહી આપી. તમારો રૂહાની સંબંધ મોહંમદ વ આલે મોહંમદથી થઈ ગયો. તમે શયતાનના પંજાથી છૂટી ગયા. તો જ્યાં સુધી તમે પીરના સિલસિલાથી મહોબ્બત રાખશો ત્યાં સુધી તમે હઝરત અલી(અ.) અને તેમના વંશથી જોડાયેલા રહેશો. શયતાન તમારું કાંઈ બગાડી શકશે નહીં. *


**ભોરણીયા સાદિકઅલી આર.**
મો.૯૯૦૯૪૮૮૨૨૫
૯૯૨૪૪૧૮૨૪૩

**બાલીસણા ઝાકિરહુસૈન જી.**
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭

## ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક

**(સેલ્સ & સર્વિસ)**

## L.E.D. ડેકોરેશન

અમારે ત્યાં ઈલેક્ટ્રીક સામાન, રિચાર્જેબલ ટોર્ચ તેમજ હોટલ, દરગાહ, ઝરીહ મુબારક કે ઈમામવાડાને લગતું **L.E.D.** સીરીઝનું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**L.E.D. સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીંગલ શોપીંગ સેન્ટર, વડનગર.**

# હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ

**મજલિસ નં. ૧૦**

અઉઝોબિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ.

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા મોહંમદીંવ વ આલેહીત તૈયેબીન. (સલવાત)

હઝરત ઈમામ હુસૈન (અ.સ.) પોતાની દુઆમાં ફરમાવે છે :

**અય વો જો હર નફ્સ કે આ'માલ પર નઝર રખતા હૈ.** અલ્લાહને યાદ કરે છે કે અલ્લાહ એ છે કે જે દરેક નફ્સના અમલ - કાર્યો ઉપર નજર રાખે છે. **અય વો કે જીસકા મેરી તરફ સે શુકર કમ ભી હુવા તો ઉસને મુઝ કો મહેરૂમ નહીં કીયા.** અલ્લાહ એ છે કે જો હું શુકર ઓછો અદા કરું તો પણ અલ્લાહ મને પોતાની નેઅમતોથી વંચિત નથી રાખતો. **ઔર મુઝ સે અઝીમ ખતા ભી હુઈ તો ઉસને મુઝ કો રૂસ્વા નહીં કીયા.** અને જો મારાથી મોટી ભૂલ પણ થઈ જાય તો મને બદનામ નથી થવા દેતો. **ઔર મુઝે ગુનાહોં મેં આલૂદા દેખા તો ભી ઉસને મશહૂર નહીં કીયા.** અને મને ગુનાહોમાં સપડાયેલો જોયો તો પણ અલ્લાહે તે વાતને લોકોમાં વહેતી કરી નહીં, છૂપાવી રાખી. **અય વો કે જીસને બચપન મેં મેરી હિફાઝત કી.** બાળપણમાં મને સંભાળનારો અલ્લાહ છે. **અય વો કે જીસને બુઢાપે મેં મુઝ કો રિઝક અતા કીયા.** ઘડપણમાં મને રોઝી આપનારો પણ અલ્લાહ છે. **અય વો કે જીસને ઈતની નેઅમતેં દી જીન કો શુમાર નહીં કીયા જા સકતા.** અને એટલી અસંખ્ય નેઅમતો આપનારો અલ્લાહ છે. **ઔર ઉસકી નેઅમતોં કા બદલા ભી નહીં ચુકાયા જા સકતા.** અને અલ્લાહને આપણે તેની નેઅમતોનો બદલો આપવા જઈએ તો ય આપણે શકિતમાન નથી. **અય વો કે જીસને મેરે સાથ નેકી ઔર મુઝ પર ખૈરો એહસાન કીયા.** અલ્લાહ એ છે કે જેણે મારી સાથે નેકી અને મારા ઉપર અહેસાન કર્યો છે. **ઔર મૈં ઉસકે સાથ અસ્યાનો નાફરમાની સે પેશ આયા.** આ એવા સમયે કે જયારે હું અલ્લાહની બારગાહમાં ગુનાહ કરતો હતો અને અવજ્ઞા કરતો હતો ત્યારે અલ્લાહે મને નેકી અને અહેસાનની સાથે નવાજયો છે. **અય વો કે જીસને ઉસ વકત ઈમાન કી તરફ મેરી રહેનુમાઈ કી જબ મૈં શુક્રો સિપાસ કે તૌર તરીકે સે નાવાકિફ થા.** અલ્લાહ એ છે કે જે મને ઈમાન તરફ દોરી ગયો જયારે કે હું શુકર કેવી રીતે કરવો તે પણ નહોતો જાણતો. આ કોણ કહી રહ્યા છે ? આ મા'સૂમ ઈમામ કહી રહ્યા છે. મા'સૂમ કોને કહેવાય ? જેનાથી અજાણ્યે પણ ભૂલ ન થાય તે મા'સૂમ હોય. તો જયારે મા'સૂમ ઈમામ અલ્લાહની બારગાહમાં આટલા ઝૂકી જાય છે અને આવી રીતે **ખુસૂઅ** અને **ખુઝૂઅ** સાથે અલ્લાહને યાદ કરે છે તો પછી આપણે એવું કહેવાવાળા કોણ છીએ કે મારો દોષ શું કે અલ્લાહે મને આવી સજા કરી ? આપણે તો ડગલે ને પગલે દોષ કરતા જ હોઈએ છીએ. તો જયારે પણ આપણને આવું લાગે કે બદનસીબીનો સામનો થઈ રહ્યો છે. રડવાને અને કુદરતને દોષ આપવાને બદલે સૌથી પહેલાં આપણે ઈસ્તેગ્ફાર કરવો જોઈએ અને અલ્લાહના દરબારમાં માફી માગવી જોઈએ શકય છે કે અલ્લાહને રહેમ આવી જાય અને બદનસીબીનાં વાદળો જલ્દી પલટાઈ જાય.

**અય વો જીસકો મૈંને બીમારીમેં પુકારા તો**

**ઉસને મુઝકો શિફા દી.** બીમારીમાં જ્યારે અલ્લાહને સાદ આપ્યો, પોકાર્યો તો અલ્લાહે મારી બીમારી ટાળી દીધી. **બરેહનગીમેં આવાઝ દી તો ઉસને મુઝે લિબાસ અતા કીયા.** જયારે મારી પાસે પહેરવા માટે કપડાં ન હતાં, મેં અલ્લાહને સદા આપી તો અલ્લાહે તરત જ મનેં સારાં સારાં કપડાં આપી દીધાં. **ભૂખ કી હાલત મેં પુકારા તો મુઝે સૈર કીયા.** ભૂખ્યો હતો અને અલ્લાહને યાદ કર્યો તો અલ્લાહે મને ખાવાની વસ્તુઓથી નવાજી દીધો. **પ્યાસ કી હાલત મેં બુલાયા તો મુઝે સયરાબ કીયા.** તરસ્યો હતો અને અલ્લાહને બોલાવ્યો તો અલ્લાહે મને તૃપ્ત કરી દીધો. **આલમેં ઝિલ્લત મેં બુલાયા તો મુઝે ઈઝ્ઝત દે દી.** હું લોકોની નજરોમાં અપમાનિત હતો, મારું કોઈ માન ન હતું તેવી હાલતમાં મેં અલ્લાહને બોલાવ્યો તો અલ્લાહે મને માન અપાવ્યું, લોકોમાં. **જહાલત મેં બુલાયા તો મુઝે આરિફ બના દીયા.** હું જાહિલ હતો, અજ્ઞાની હતો, મેં અલ્લાહને બોલાવ્યો તો અલ્લાહે મને આરિફ એટલે કે માઅરેફત ધરાવનારો આલિમ બનાવી દીધો. **અકેલેમેં પુકારા તો મુઝે કસીર સાથી દીયે.** એકલો હતો, અલ્લાહને મેં સદા આપી તો અલ્લાહે મને ઘણા બધા દોસ્તો આપી દીધા. **વતન સેં દૂર ગુરબત મેં આવાઝ દી તો મુઝે (વતન) વાપિસ લૌટા દીયા.** હું વતનથી દૂર હતો અને વતનની યાદ આવી અને અલ્લાહને બોલાવ્યો, અલ્લાહને મેં અવાજ આપ્યો તો અલ્લાહે મને વતન પાછો બોલાવી લીધો. **ફકીરીમેં બુલાયા તો મુઝે માલદાર બના દીયા.** ફકીરીમાં અલ્લાહને અવાજ આપ્યો તો હું માલદાર થઈ ગયો. **(ઝુલ્મમેં) ઈમ્દાદ કે લીયે બુલાયા તો મેરી મદદ કી.** જયારે મારા ઉપર ઝુલ્મ થતો હતો અને મેં અલ્લાહને સદા આપી તો તરત જ મારા સુધી મદદ પહોંચી ગઈ. **માલદાર હોકર બુલાયા તો (દીયા હુઆ માલ) મુઝસે નહીં છીના.** જયારે હું માલદાર થઈ ગયો અને અલ્લાહને યાદ કર્યો. તો જે મારી પાસે હતું તે ઓછું થવા ન દીધું. **અગર મૈં (માંગતે માંગતે) કીસી વજહ સે રૂક ગયા તો ખુદ મુઝે અતા કરના શુરૂઅ કર દીયા.** જયારે હું માગતાં માગતાં કોઈ કારણસર રોકાઈ ગયો, માગી ન શકયો આગળ તો અલ્લાહે આપવાનું ચાલું રાખ્યું. અલ્લાહે આપવાનું અટકાવી દીધું નહીં.

**પસ તૂ હી હમ્દ કે લાયક હૈ.** યા અલ્લાહ ! તું જ પ્રશંસા – હમ્દ, પ્રશંસા માટે અરબીમાં અને ખાસ કરીને કુરઆનની ભાષામાં શબ્દ છે **હમ્દ.** ઈમામ હુસૈન(અ.સ.) ફરમાવે છે કે હમ્દને લાયક તો તું જ છે. બાકી તો **તારીફ** પણ અરબી શબ્દ છે. આપણે ગુજરાતીમાં પણ વાપરીએ છીએ. તારીફ બધાની હોઈ શકે. હમ્દ ફકત અલ્લાહની હોઈ શકે. **ઔર તેરા હી શુક્ર બજા હૈ.** શુક્ર કરવામાં આવે તો અલ્લાહનો જ કરવામાં આવે. આ જ યોગ્ય છે. **અય વો કે જીસને મેરી લગ્ઝિશોં સે દરગુઝર કી.** અલ્લાહ એ છે કે જેણે મારી ભૂલોને દરગુજર કરી દીધી. એની મને સજા ન કરી. **મેરી મુસીબત કો દૂર કીયા.** મારી મુસીબતોને ટાળી દીધી. **ઔર મેરી દુઆકો કુબૂલ કીયા. મેરે મખ્ફી ઐબ કો છુપાયા.** જે મારા છૂપાયેલાં રહસ્યો હતાં, એબ હતા એ બધાં ને છૂપાવી રાખ્યાં. **ઔર મેરે ગુનાહોંકો બક્ષ દીયા.** મારા ગુનાઓને બક્ષી દીધા. **મેરી હાજત કો પૂરા કીયા.** જે મેં માગ્યું હતું તે અલ્લાહે આપ્યું. **ઔર મેરે દુશ્મન કે ખિલાફ મેરી મદદ કી.** દુશ્મન મારું બૂરૂં કરવાનું ઈચ્છતો હતો ત્યારે બૂરૂં થવા દીધું નહીં. **ચુનાંચે તેરી નેઅમતેં, તેરે એહસાનાત, તેરે કરમોં ઔર બક્ષિસોં કા શુમાર કરના ભી ચાહૂં તો કભી શુમાર નહીં કર સકતા.** એટલી એટલી બક્ષિસો, નેઅમતો, કરમ, અલ્લાહે મારા ઉપર કર્યા છે કે ગણતરીમાં ન આવે.

**અય મેરે માલિક ! તૂને હી એહસાન કીયા.**

યા અલ્લાહ! તેં મારા ઉપર અહેસાન કર્યો છે. **લાઈલાહા ઈલ્લલ્લાહ**નું આ જ સ્વરૂપ છે. સૌથી પહેલાં આજે આપણે જે ત્રણ ફકરા વાંચી ગયા. પહેલો ફકરો હતો, અલ્લાહની સિફતોને યાદ કરવાનો. **અય વો હર નફ્સ કે આમાલ પર નઝર રખતા હૈ. અય વો કે જીસકા મેરી તરફ સે શુક્ર કમ ભી હુવા તો ઉસને મુઝકો મહેરૂમ નહીં કીયા.** અલ્લાહનો ઝિકર અલ્લાહની સિફતો વડે. બીજો ફકરો. **પસ તૂ હી હમ્દ કે લાયક હૈ ઔર તેરા હી શુક્ર બજા હૈ. અય વો કે જીસને મેરી લગ્ઝિશોં સે દરગુઝર.** આ ફકરો છે જેમાં શુક્ર કરવાની રીતથી અલ્લાહના બધા જ અહેસાન યાદ કર્યા ઈમામ હુસૈન (અ.સ.) એ, શુક્ર કરતાં કરતાં. સૌથી પહેલાં ઝિકર કરતાં કરતાં, પછી શુક્ર કરતાં કરતાં અને હવે આ શહાદત આપતાં આપતાં. હવે હઝરત ઈમામ હુસૈન (અ.સ.) શહાદત એટલે કે સાક્ષી પૂરે છે. **લાઈલાહા ઈલ્લલ્લાહ** કહેવાનું સ્વરૂપ છે આ. **અય મેરે માલિક ! તૂને હી એહસાન કીયા.** તું જ છે કે જેણે અહેસાન કર્યો મારા ઉપર.

**તૂને હી નેઅમત દી.** કોઈ બીજાએ નથી આપી. ફક્ત તેં આપી. **તૂને હી નેકી સે નવાઝા.** મને નેકીઓ આપી, એ પણ તું જ છે. **તૂને હી ફઝલો કરમ કીયા.** મારા ઉપર અહેસાન કરવાવાળો, ફઝલ કરવાવાળો. **ફઝલ** કોને કહેવાય ? **અદલ** અને **ફઝલ**માં આપણા ઈમામોએ આપણને ફેરફાર બતાવ્યો છે. **અદલ** એટલે કે ઈન્સાફ. ઈન્સાફ તેને કહેવાય કે આપણે જેને જેટલી જરૂર હોય અથવા જેટલો હકદાર હોય સામેવાળો એટલું આપીએ તો તેની સાથે ઈન્સાફ કર્યો આપણે. જેટલો હકદાર છે તેના કરતાં વધુ આપી દઈએ તો તે અદલ નથી, ઈન્સાફ નથી. આ પછી થઈ ગયું **ફઝલ**. તો અદલ અને ફઝલમાં એટલો ફેર છે કે જરૂરિયાત જેટલું જ આપીએ તે અદલ છે, જરૂરિયાત કરતાં વધારે એ ફઝલ છે. **તૂને હી ફઝલો કરમ કીયા. તૂને હી ભરપૂર નેઅમતેં દી. તૂને હી રિઝક અતા કીયા.** રોઝી પણ તેં જ આપી. **તૂને હી તૌફીક દી, તૌફીક** એટલે કામયાબી. આપણે જે પણ નિય્યત કરીએ નેકીની, કોઈપણ મઝહબી રીતે કે સામાજિક રીતે નેક કાર્ય કરવાની અને આપણે કામયાબ થઈ જઈએ તો સમજી લેવાનું કે અલ્લાહે તૌફીક આપેલી હતી એટલે કામયાબ થઈ શક્યા. તૌફીક વગર કોઈ કામયાબ થતું નથી. તો અલ્લાહ તરફથી કામયાબી માટે મળેલું લાયસન્સ તે તૌફીક ગણાય. **તૂને હી તૌફીક દી. તૂને હી ઈમ્દાદ કી.** તેં જ મારી મદદ કરી. **તૂને હી ગની બનાયા.** તેં જ મને સંતોષી અથવા માલદાર બન્ને અર્થ થાય છે. તો તેં જ મને માલદાર બનાવ્યો. **તૂને હી ખાસ ઈનામ સે નવાઝા.** મારા ઉપર વિશેષ ઈનામ તેં જ કર્યુ હતું. **તૂને હી પનાહ અતા કી.** મને શરણ તેં જ આપ્યું છે. **તૂને હી હર જગહ કિફાયત કી.** દરેક જગ્યા ઉપર જ્યારે મને કોઈની જરૂર પડી તો ફક્ત તું જ હતો કે જેની જરૂરિયાત પૂરી કરી. **તૂને હી હિદાયત કી.** હિદાયત કરનાર - મારું માર્ગદર્શન કરનાર પણ તું જ છે. **તૂને હી મહેફૂઝ રખ્ખા.** મને સુરક્ષા પૂરી પાડનાર પણ તું જ છે. **તૂને હી પર્દાપોશી કી.** મારા એબ ઉપર પડદો પણ તેં જ નાખ્યો. **તૂને હી મગફેરત કી.** મને માફ કર્યો તો તેં જ કર્યો. **તૂને હી દરગુઝર કી.** મારી બૂરાઈઓથી આંખ આડા કાન પણ તેં જ કર્યા. **તૂને હી કુદ્રત દી.** મને જે શક્તિ આપી એ પણ તેં જ આપી. **તૂને હી ઈઝ્ઝત દી.** ઈજ્જત પણ તેં જ આપી. **તૂને હી મદદ કી. તૂને હી એઆનત કી.** એઆનત એટલે સપોર્ટ (support) પીઠબળ આપવું. **તૂને હી તાઈદ કી.** તાઈદ એટલે સમર્થન. આપણે કાંઈ કરીએ અને આખી દુનિયા આપણો વિરોધ કરતી હોય કે આપણે જે કરી રહ્યા છીએ એ ખોટું છે અને પછી તો દરેક મામલામાં ભવિષ્યવાણીઓ પણ ચાલતી થઈ જાય છે ને ? આની આવી અસર થશે, આવું ના કરો, પેલું ના

કરો. એમાં જે સમજદાર વ્યક્તિ હોય છે એ પોતાના જ બલબૂતા ઉપર નિર્ણય લઈ લે છે અને આગળ વધે છે, કામયાબ થઈ જાય છે. પછી આખી દુનિયા પાછળ-પાછળ આવે છે કે હા ! તમે સારું કર્યું પણ પહેલાં કોઈ સાથ આપતું નથી ત્યારે કોણ સાથ આપે છે ? ફક્ત અલ્લાહ.

**તૂને હી નુસરત કી.** યા અલ્લાહ ! તેં જ મારી નુસરત કરી, મદદ કરી. **તૂને હી શિફા દી.** બીમારીમાંથી શિફા તેં જ આપી. **તૂને હી આફિયત દી.** સલામતી પણ તેં જ આપી. **તૂ હી વો હૈ જીસને બુઝુર્ગી અતા કી.** મને લોકો વચ્ચે બુઝુર્ગ - મહાન બનાવ્યો તો તે પણ તેં જ બનાવ્યો. **તૂ બુલંદ હૈ, બાબરકત હૈ.** યા અલ્લાહ ! તૂ ઊંચો છે, બરકતવાળો છે. **તેરે લીયે હમ્દે દાઈમ હૈ.** હંમેશાં કાયમ રહે એવી હમ્દ, એવી પ્રસંશા તારા માટે છે. **ઔર તેરે લીયે શુક્ર મુસલસલ હૈ.** તારા માટે જે શુકર છે તે સતત છે, અવિરત છે કદીયે અટકતો નથી.

**પસ અય મેરે માઅબૂદ !** અય જે મારા માટે પૂજનીય છે, ઈબાદતને લાયક છે તે અલ્લાહ.

**પસ અય મેરે માઅબૂદ ! મૈં અપને ગુનાહોં કા મુઅતરિફ હું.** હું સ્વીકારું છું કે મેં ગુનાહો કર્યા છે. **લેહાઝા મેરે લીયે ઉનકો બક્ષ દે.** મારા માટે એ બધા ગુનાહોને બક્ષી દે. **મૈં ને હી બદી કી હૈ.** હવે **લાઈલાહા ઈલ્લલ્લાહ**થી વિપરીત. પહેલાં ફક્ત તું, હવે ફક્ત હું. જે બૂરાઈઓ છે એ ફક્ત પોતાની તરફ નિસ્બત કરે છે અને જે સારાપણું છે, નેકીઓ છે તે ફક્ત અલ્લાહ તરફ નિસ્બત કરે છે. વાસ્તવિક કાર્યો વડે **લાઈલાહા ઈલ્લલ્લાહ** કહેવું આને કહેવાય અને હું મોટો છું એ કાર્યો વડે કુફ્ર કરવું અથવા શીર્ક કરવું કહેવાય કારણ કે મોટો તો અલ્લાહ જ છે પછી આપણે કયાંથી આવી ગયા મોટા ?

**મૈંને હી બદી કી.** મેં જ બૂરાઈ કરી છે. **મૈંને હી ખતા કી હૈ.** મેં જ ભૂલ કરી છે. **ઔર મૈંને હી ગુનાહ કા માહોલ ફરહામ કીયા.** ગુનાહ માટે માહોલ મેં જ ઊભો કર્યો છે. **મૈં હી જહાલત સે પેશ આયા.** અજ્ઞાનતા વડે મેં જ કામ લીધું છે. **મૈંને હી ગફલત બર્તી.** ગાફિલ હું જ હતો. ગાફિલ એટલે બેદરકાર. **મૈંને હી સહ્‌વ કીયા.** સહ્‌વ કોઈ કામ કરવા જતાં બેદરકારીથી ભૂલ થઈ જાય તેને સહ્‌વ કહે છે. **મૈંને હી તુઝ પર એઅ્‌તિમાદ ન કીયા.** એઅ્‌તિમાદ એટલે ભરોસો. જ્યારે તારા ઉપર ભરોસો કરવો જોઈતો હતો ત્યારે મેં પોતાની જાત ઉપર ભરોસો કરીને ભૂલ કરી છે. **મૈંને હી અમદન ગલત અકદામ કીયે.** જાણી જોઈને ખોટાં પગલાં મેં જ ભર્યાં છે. **મૈંને હી વાદે કીયે ઔર મૈંને હી મુખાલેફત કી.** મારા વાયદા પણ મેં જ કર્યા અને પછી તેને તોડી પણ મેં જ નાખ્યા. **મૈંને હી અહદશિકની કી.** જે મનમાં નિશ્ચય કર્યો છે. તેને પણ મેં જ તોડી નાખ્યો છે. **મૈંને હી ઈકરાર કીયા ઔર મૈંને હી અપને લીયે ઔર અપને ઉપર તેરી નેઅમતકા એતિરાફ કીયા.** અને આ બધી મારી બૂરાઈઓ, મારી ભૂલોને સ્વીકાર કરવાવાળો પણ હું જ છું અને હું સ્વીકારું જ છું કે મારા માટે અને મારા ઉપર જે બધી નેઅમતો છે, તે તારા તરફથી છે. **ઔર ફીર ગુનાહોં કા રૂખ કર દીયા.** અને આવી રીતે સ્વીકાર કર્યા પછી હું એવો હતો કે હું તરત ગુનાહ તરફ વળી ગયો. ખરેખર તો એવું હોવું જોઈતું હતું કે અલ્લાહની નેઅમતોનો આભાસ થઈ ગયા પછી ગુનાહ તરફ કોઈએ વળવું જ ના જોઈએ. **પસ અય ખુદા ! મેરે લીયે ઈન ગુનાહોં કો બક્ષ દે.** હું આવી બધી વાતો સ્વીકારું છું માટે મારા ઉપર રહેમ કર અને આ બધા ગુનાહ તું બક્ષી દે. ઈન્શાઅલ્લાહ હવે કાલે.

**અલ્લાહથી દુઆ કરીએ કે અલ્લાહ આપણી બધી બૂરાઈઓ દૂર કરે અને નેકીઓ તરફ વાળે.**

(ઈલોલ તલાવ, તા.૨૬-૧૦-૨૦૦૯, સોમવાર)

# અલી મુશ્કિલકુશા

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

*જ્યારે આપણે જીવનનું અવલોકન કરીએ છીએ ત્યારે આપણે સમજી જઈએ છીએ કે જો કોઈ એક વસ્તુ હોય તો તેને **હંફાવનાર** બીજી કોઈ વસ્તુ હંમેશાં હોય જ છે. ઉદાહરણ તરીકે જો કોઈ જાડા પૂંઠાને મારે **ખૂબ ચોકસાઈપૂર્વક** કાપવું હોય તો તેના માટે મારે તીક્ષ્ણ ધારવાળા કટરની જરૂર પડશે. જો હું કટર વગર કાપવા પ્રયત્ન કરીશ તો હું મારી આંગળીઓને ઈજા પહોંચાડીશ અને પૂંઠાને ચોકસાઈપૂર્વક કાપી પણ નહીં શકું. આમ કટરમાં પૂંઠાને ક્ષતિરહિત કાપવાની **ક્ષમતા** રહેલી છે. તે પૂંઠાને **હંફાવી શકે છે.***

*આપણા રોજિંદા જીવનમાં આવાં તો ઘણાં ઉદાહરણો હોય છે કે જે આપણને આ દિશામાં વિચારવાની ફરજ પાડે છે. તાજેતરમાં હું એક રેડિયો સ્ટેશનનો કાર્યક્રમ સાંભળી રહ્યો હતો અને તે કાર્યક્રમમાં રસોડામાં કામ કરતી વખતે આગ લાગે તો **સલામતી માટેની સલાહ** અંગે ચર્ચા ચાલી રહી હતી. ઉદ્‌ઘોષકે શ્રોતાઓને એવી સલાહ આપી કે આકસ્મિક આગ લાગે તેવા સંજોગોમાં **સાવચેતીના પગલા** તરીકે રસોડામાં રેતીથી ભરેલી ડોલ રાખવી. સંકટ સમયે તેને આગ ઉપર **ઊંધી વાળીને ખાલી કરી શકાય** અને **તાત્કાલિક આગ ઓલવાઈ જાય. રેતીની અંદર આગના પડકારને હંફાવવાની ક્ષમતા** રહેલી છે. અલ્લાહ (સુ.વ.ત.)એ દરેક **સમસ્યાના નિવારણની** રચના કરેલી છે.*

હવે સામાન્ય રીતે જ્યારે હું કોઈને તેના જીવન અંગે કંઈ પૂછું છું તો મોટા ભાગે તો મને એવો જ જવાબ મળે છે કે જીવન મુશ્કેલ અને સમસ્યાઓથી ભરેલું છે. તો ચાલો આપણે પ્રથમ તો એ શોધીએ કે જીવન આટલું બધું મુશ્કેલ શા માટે છે ? આપણે જે **સમસ્યાઓ** અને **હાડમારીઓનો** સામનો કરીએ છીએ તેની પાછળ કયું કારણ રહેલું છે ? અને આપણી આ બધી સમસ્યાઓનો હાથવગો ઉપાય શું છે ?

આપણે બધા નસીબદાર છીએ કે આપણી પાસે કુરઆન સૌથી સારો માર્ગદર્શક છે કે જે આપણને વધારે સારા જીવન તરફ દોરી જઈ શકે છે. તેથી મારું માનવું તો એ છે કે ઉપરોક્ત પ્રશ્ન ઉપર કુરઆન વધારે સારો પ્રકાશ ફેંકી શકે તેમ છે. આથી ચાલો આપણે આ કારણ માટે કુરઆનને ઝીણવટપૂર્વક તપાસીએ. કદાચ અલ્લાહ (સુ.વ.ત.) આપણી આ તપાસને સફળ બનાવે ય ખરો.

ચાલો આપણે નીચેની આયતો જોઈએ (સૂરએ હિજ્ર, આયત-૩૯ થી ૪૩)

**'શૈતાને કહ્યું કે અય મારા પરવરદિગાર ! જેવી રીતે તેં મને ભૂલ ખવડાવી છે તેમ હું પણ દુનિયામાં (બૂરી વસ્તુઓને) તેમની નજરમાં સુશોભિત બનાવીશ અને અવશ્ય <u>તે સઘળાઓને ભૂલ ખવડાવીશ સિવાય તેમના કે જેઓ તારા નિખાલસ બંદાઓમાંથી હશે.</u>'**

**'(અલ્લાહે) ફરમાવ્યું, મારી તરફ આવવાનો <u>આ (એક) જ માર્ગ સીધો છે.</u> નિઃસંશય (જેઓ) મારા <u>(નિખાલસ) બંદા</u> છે તેમના પર તારી કાંઈ સત્તા ચાલશે નહીં, સિવાય કે <u>માર્ગભ્રષ્ટો</u>માંથી કે જેઓ તારા અનુયાયી થઈ જાય**

**અને ખચીત જ તેઓ સર્વેના વાયદાની જગ્યા જહન્નમ છે.'**

વધુમાં સૂરએ એઅરાફમાંની આયતમાં અલ્લાહ શયતાન વિશે વિગતવાર જણાવે છે :

**'...બેશક તે(શેતાન) તથા તેનું લશ્કર તમને એવા સ્થળેથી જોયા કરે છે કે જ્યાંથી તમે તેમને દેખી શકતા નથી; બેશક અમોએ શેતાનોને કે જેઓ ઈમાન નથી ધરાવતા તેમના હિમાયતી બનાવ્યા છે...'** (સૂરએ એઅરાફ, આયત-૨૭)

→ આના ઉપરથી સ્પષ્ટ થાય છે કે જે ક્ષણે આપણે **ગુમરાહ થઈએ છીએ** અને **શેતાનનું અનુસરણ કરવાનું ચાલુ કરી દઈએ છીએ** કે તરત જ આપણી **સમસ્યાઓ** ચાલુ થઈ જાય છે અને જો શેતાનને આવી શક્તિ મળેલી હોય તો તેની સામે આપણે કેવી રીતે લડી શકીએ ? કદાચ આપણને એવું લાગે કે **જે દેખાતો નથી** તેની સાથે લડવાની અપેક્ષા આપણી પાસે કેવી રીતે રાખી શકે ? શેતાનના ઉપદ્રવથી આપણે કેવી રીતે બચી શકીએ ?

અલ્લાહ(સુ.વ.ત.)એ દરેક સમસ્યાના નિવારણની રચના કરેલી છે એ કારણે તેણે શેતાન સામે લડવાનો ઉપાય પણ પેદા કર્યો જ હોવો જોઈએ. ફરીથી કુરઆન જ આપણને સાચા ઉપાયનું માર્ગદર્શન આપશે તેથી ચાલો આપણે કુરઆનને વધુ ઝીણવટપૂર્વક તપાસીએ.

આના માટે ચાલો આપણે નીચે આપેલ કુરઆનની આયતો પર ધ્યાન કેન્દ્રિત કરીએ.

● (સૂરએ તા-હામાં મૂસા(અ.) અલ્લાહ (સુ.વ.ત.) સમક્ષ દુઆ માગે છે.)

**'અને (મારી મદદ માટે) મારા કુટુંબમાંથી એક(ને) મારો વઝીર (સહાયક) નીમી દેઃ મારા ભાઈ હારૂનનેઃ તેના કારણે મારી પીઠ મજબૂત કરી નાખ : અને તેને મારા કાર્યમાં ભાગીદાર** બનાવ : **કે જેથી અમે બન્ને તારી ઘણી ઘણી પવિત્રતા વર્ણવીએ : અને તારી ઘણી યાદ કરીએ : નિઃસંશય તું અમારી સ્થિતિને સારી પેઠે જોનાર છે. ફરમાવ્યું, હે મૂસા ! તારી સઘળી માગણીઓ કબૂલ થઈ ગઈ.'** (સૂરએ તાહા, આયત-૨૯ થી ૩૬)

આવી રીતે મૂસા(અ.)એ અલ્લાહ (સુ.વ.ત.) સમક્ષ હારૂનને પોતાના **ઉત્તરાધિકારી** અને **મદદનીશ** બનાવવા માટે દુઆ માગી. મૂસા(અ.) **પોતાના ભાઈ હારૂન(અ.)ના સ્વરૂપમાં** અલ્લાહની જ મદદ માગી રહ્યા હતા અને અલ્લાહ (સુ.વ.ત.)એ મૂસા(અ.)એ માગેલી બધી જ દુઆઓનો સ્વીકાર કરી લીધો.

● (સૂરએ એઅરાફ, આયત-૧૪૨માં મૂસા (અ.) હારૂન(અ.)ને સૂચના આપે છે.)

**'અને (તૂર પર જતી વખતે) મૂસાએ પોતાના ભાઈ હારૂનને કહ્યું કે તું મારી કોમમાં મારો પ્રતિનિધિ બનીને (લોકોની) સુધારણા કરતો રહેજે અને ફસાદખોરોના માર્ગને અનુસરતો નહીં.'**

● (સૂરએ મરિયમ, આયત-૫૩માં અલ્લાહ (સુ.વ.ત.) મૂસા(અ.) માટે આવું ફરમાવે છે.)

**'અને અમોએ અમારી કૃપાથી તેના ભાઈ હારૂનને (પણ એક) નબી બનાવીને તેને (એક મદદનીશ) આપ્યો.'**

ઉપરોક્ત બાબત ઉપરથી એ બાબત તર્કપૂર્ણ લાગે છે કે તે માત્ર મૂસા(અ.)ની જ ઈચ્છા ન હતી પરંતુ અલ્લાહ(સુ.વ.ત.) પણ એવું જ ઈચ્છતો હતો કે હારૂન(અ.) મૂસા(અ.)ના ઉત્તરાધિકારી બને. હારૂન(અ.) મૂસા(અ.)ને માટે **ખૂબ મદદરૂપ** હતા અને તેમને મૂસા(અ.)ની કોમના **માર્ગદર્શક નિયુક્ત કરવામાં આવ્યા હતા.**

આ બાબતને જો આપણે ઈસ્લામના ઈતિહાસ સાથે સાંકળીએ તો આપણને જાણવા મળશે કે રસૂલ(સ.)ના સમય દરમિયાન લડવામાં આવેલ દરેક ધર્મયુધ્ધમાં મૌલા અલી(અ.) **યુધ્ધ ભૂમિમાં**

**અડગ અને અડીખમ રહ્યા હતા.** લગભગ બધા જ સમાલોચકો કે જેમણે બદ્ર, ઓહદ, ખંદક, ખૈબર અને બીજાં ધર્મયુધ્ધોનો ઉલ્લેખ કર્યો છે તેમણે રસૂલ(સ.) અને ઈસ્લામ પ્રત્યેની તેમની વફાદારી અને નિષ્ઠા(તેમને સોંપવામાં આવેલ જવાબદારી)ના અહેવાલનું સમર્થન કર્યું છે.

અને એટલા જ માટે તો રસૂલ(સ.)એ મૌલા અલી(અ.)ની બાબતમાં આવું ફરમાવ્યું છે :

● **'અય અલી ! તમે મારા માટે એવા છો કે જેવા હારૂન(અ.) મૂસા(અ.) માટે હતા.'**

(સંદર્ભ : જલાલુદ્દીન સુયુતિ, તારીખુલ ખુલફા, પેજ-૬૫, અબુ અબ્દુલ્લાહ બુખારીએ પોતાની સહીહમાં ભાગ-૩, ગઝવાતની કિતાબ, ગઝવએ તબુક પેજ-૫૪, અને પોતાની કિતાબ બિલાઉલ ખલ્ક, પેજ-૧૮૦ મુસ્લિમ બિન હજ્જાજે પોતાની સહીહમાં ભાગ-૨, પેજ-૨૩૬ થી ૨૩૭, સવાએકે મોહર્રકા, પેજ-૩૦ અને અન્ય)

● **'અલી તમારો માર્ગદર્શક છે અને તમારે બધાએ મારી પાસે હૌઝે કૌસર પર આવવાનું છે...'** (સંદર્ભ : કન્ઝુલ અમ્માલ, ભાગ-૨, પેજ-૩૫૦)

→ જેવી રીતે હારૂન(અ.) મૂસા(અ.) માટે ખૂબ જ મદદરૂપ નીવડ્યા હતા એવી જ રીતે મૌલા અલી(અ.) પણ રસૂલ(સ.)ને ખૂબ મદદરૂપ નીવડ્યા હતા. જો હારૂન(અ.), મૂસા(અ.) અને અલ્લાહ(સુ.વ.ત.) દ્વારા નિયુક્ત થયેલા મૂસા (અ.)ના ઉત્તરાધિકારી (વસી) હતા તો મૌલા અલી પણ રસૂલ(સ.) અને અલ્લાહ દ્વારા નિયુક્ત થયેલા રસૂલ(સ.)ના ઉત્તરાધિકારી (વસી) હતા. જો હારૂન(અ.) મૂસા(અ.)ની કોમ માટે માર્ગદર્શક હતા તો મૌલા અલી પણ રસૂલ(સ.)ની ઉમ્મત માટે માર્ગદર્શક હતા. આથી જ તો **'યા અલી મદદ'**નો નાઅરો બીજું કંઈ નથી પણ **યોગ્ય રીતે નિયુક્ત થયેલ માર્ગદર્શક**ના નેજા હેઠળ આપણી જાતને **શેતાની વસવસાઓથી** બચાવવા માટે આશરો માગવો તે છે.

ચાલો વળી પાછા આપણે કુરઆન તરફ જઈએ અને જોઈએ કે આપણે આ દાવા માટેની કોઈ વધારે સાબિતી શોધી શકીએ છીએ કે કેમ. આ હેતુથી ચાલો આપણે સૂરએ માએદામાંથી નીચેની આયતો ઉપર મનન કરીએ :

**'(હે ઈમાનદારો !) તમારો રક્ષક અલ્લાહ અને તેના રસૂલના સિવાય કોઈ નથી અને તે લોકો પણ કે જેઓ ઈમાન લાવ્યા છે અને જેઓ નમાઝ કાયમ કરે છે તથા રૂકૂઅની સ્થિતિમાં ઝકાત આપે છે.'** (સૂરએ માએદા, આયત-૫૫)

બધા જ તફસીરકારો અને સંશોધકો આ અભિપ્રાય ઉપર એકમત છે કે આ આયત મૌલા અલીના સંદર્ભમાં છે કે જ્યારે તેઓ રૂકૂઅમાં ઝુકેલા હતા ત્યારે એક ફકીરને પોતાની વીંટી આપી હતી. (સંદર્ભ : ઈમામ નસાઈ, સહીહે નસાઈમાં, અલ જા'મા બૈનુલ સિહાહુલ સિત્તાહ, સઅલ્બી)

આમ અલ્લાહ (સુ.વ.ત.) આ આયત દ્વારા પોતાની જાત અને રસૂલ(સ.)ની સાથે સાથે મૌલા અલી(અ.)ને મુસ્લિમ જગતના પેશવા અને માર્ગદર્શક નિયુક્ત કરે છે. ત્યાર પછીની આયતમાં અલ્લાહ વધુમાં ફરમાવે છે :

**'અને જે અલ્લાહ તથા તેના રસૂલને તથા મોમિનોને મિત્ર બનાવશે (તે અલ્લાહવાળાઓના ટોળામાં દાખલ છે) અને ખરે જ અલ્લાહના પક્ષવાળા જ હંમેશાં વિજયી રહેશે.'** (સૂરએ માએદા, આયત-૫૬)

→ અલ્લાહ (સુ.વ.ત.) અને રસૂલ(સ.) સહિત મૌલા અલીનો આપણા **માલિક** અને **સરપરસ્ત** તરીકે સ્વીકાર કરવાથી આપણું જીવન હવે વધારે સરળ બની જાય છે. આપણે બધા અલ્લાહના લશ્કરમાં શામેલ થઈ ગયા કે જે કદી પણ પરાજિત

થતું નથી અને જ્યારે એક વાર તે લશ્કરમાં દાખલ થઈ ગયા તો આપણું પ્રત્યેક કદમ અલ્લાહના માર્ગમાં **'જેહાદ'** છે. આપણે આપણી રોજિંદી દિનચર્યાને અનુસરીએ તો પણ (તે કાર્ય) **જેહાદ** છે. આથી **<u>'યા અલી મદદ'</u>**નો નાઅરો **અલ્લાહના લશ્કરનો સૈનિક** બનવાનો નાઅરો છે કે જે આપણને કદીય ન મળેલું **સૌથી મોટું બહુમાન** છે અને પછી તો કોઈ શેતાન કદી પણ આપણા માટે સમસ્યાઓ ખડી નહીં કરી શકે.

હવે આપણું જીવન સહી સલામત છે કેમકે આપણે અલ્લાહના લશ્કરમાં છીએ પરંતુ જ્યારે આપણે આ દુનિયાથી કૂચ કરીશું ત્યારે શું થશે? (એમના જવાબ માટે) આપણે આ આયતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીશું અને તેમના ઉપર મનન કરીશું:

- **'અને જે લોકો <u>અલ્લાહના માર્ગમાં માર્યા જાય છે</u> તેમને મરણ પામેલા કહો નહીં; બલ્કે <u>તેઓ હયાત છે</u> પરંતુ તેનું તમને ભાન નથી.'**

(સૂરએ બકર, આયત-૧૫૪)

- **'અને જે લાકો <u>અલ્લાહની રાહમાં માર્યા ગયા</u> છે તેમને હરગિઝ હરગિઝ મરણ પામેલા સમજો નહીં : બલ્કે <u>તેઓ</u> પોતાના પરવરદિગાર પાસે <u>જીવતા હોઈ (ઉત્તમ પ્રકારની) રોઝી મેળવે છે.'</u>**

(સૂરએ આલે ઈમરાન, આયત-૧૬૯)

સૂરએ માએદાની આયતો કે જેની આપણે ઉપરના વિભાગમાં ચર્ચા કરી તેના ઉપરથી આપણે એ બાબત સમજ્યા કે અલ્લાહ (સુ.વ.ત.) અને રસૂલ(સ.) સહિત મૌલા અલીનો આપણા પેશવા તરીકે સ્વીકાર કરવાથી આપણે જ્યાં સુધી જીવતા રહીએ ત્યાં સુધી અલ્લાહના લશ્કરનો ભાગ હોઈએ છીએ અને આપણું પ્રત્યેક કદમ **તેના માર્ગમાં** જ હોય છે. જ્યારે ઉપરોક્ત બન્ને આયતો એવું કહેતી હોય કે જો કોઈ માણસ અલ્લાહના માર્ગમાં મૃત્યુ પામે છે તો તે **શહીદ** હોય છે, તે **જીવતો** હોય છે, ત્યારે હું એવું માનું છું કે એટલા માટે જ તો મૌલા અલી(અ.)એ નહજુલ બલાગહમાં આવું કહ્યું છે :

**'અને જે લોકો ખુદા અને તેના રસૂલ(સ.) અને તેમની એહલેબયતના હકને ઓળખતાં પોતાની પથારી ઉપર પણ પોતાનો શ્વાસ છોડે તો તે શહીદ મરે છે.'** (નહજુલ બલાગહ, ખુત્બા નં.૧૮૮)

→ જ્યાં સુધી આપણે જીવતા છીએ ત્યાં સુધી **'યા અલી મદદ'**નો નાઅરો આપણને અલ્લાહના લશ્કરમાં પ્રવેશ આપે છે. આપણું જીવન **અલ્લાહના માર્ગ**માં **જેહાદ** હોય છે અને જ્યારે આપણે આ (ફાની) દુનિયા છોડીએ છીએ ત્યારે આપણે **શહીદ** હોઈએ છીએ.

આ લેખની શરૂઆતમાં આપણે સૂરએ તા-હામાંથી આયતો જોઈ હતી જેમાં મૂસા(અ.)એ હારૂન(અ.) માટે દુઆ માગી હતી. ચાલો હવે એ જોઈએ કે મૌલા અલી(અ.) અને તેમના મોહિબ માટે રસૂલ(સ.)ની દુઆઓ કઈ છે ?

**'અય અમારા માલિક ! મોહબ્બત રાખજે એની સાથે કે જે અલી સાથે મોહબ્બત રાખતો હોય, ધિક્કારજે એને કે જે અલીને ધિક્કારતો હોય; હિમાયત કરજે એની કે જે અલીની હિમાયત કરતો હોય; ત્યજી દેજે એને કે જેણે અલીને ત્યજી દીધો હોય.'** (આ શબ્દો રસૂલ(સ.)એ ગદીરે ખુમમાં (અલી(અ.)ની વિલાયતની) જાહેરાત પછી ઉચ્ચાર્યા હતા.)

આપ(સ.)એ એવી પણ દુઆ માગી હતી, **'અય અલ્લાહ ! દોસ્ત રાખજે એને કે જે અલીને દોસ્ત રાખતો હોય અને દુશ્મનાવટ રાખજે એની સાથે કે જે અલી સાથે દુશ્મનાવટ રાખતો હોય.'**

(સંદર્ભ : કન્ઝુલ અમ્માલ, ભાગ-૨, પેજ-૩૫૦)

અને અલ્લાહ(સુ.વ.ત.)એ કુરઆનમાં આવું

પણ ફરમાવ્યું છે :

**'(એ દિવસે) તેમને શફાઅત કરવા માટેનો કોઈ અધિકાર નહીં હોય, <u>સિવાય કે જેણે દયાળુ અલ્લાહ પાસેથી કોઈ વાયદો (લઈ) લીધો હોય.'</u>**

(સૂરએ મરિયમ, આયત-૮૭)

ઉપરોક્ત આયત જણાવે છે કે કયામતના દિવસ દરમિયાન ગુનેગારોની સાથે એવા **અમુક લોકો** પણ હશે કે જેમણે અલ્લાહ(સુ.વ.ત.) પાસેથી વચન લઈ લીધું છે અને તેમની **'સિફારિશ'**નો સ્વીકાર કરવામાં આવશે. મોટા ભાગના તફસીરકારોએ એવું લખ્યું છે કે **'ઈકરાર લઈ લીધો'** અથવા વચન લીધું, તે શબ્દ પ્રયોગ **ઈમામોને ચાહવાનું અને અનુસરવાનું વચન**(ના સંદર્ભમાં) છે. (સંદર્ભ : તફસીરે દુર્રે મન્સૂર, ભાગ-૪, સવાએકે માહર્રકા અને બીજા ઘણા બધા)

ઉપરોક્ત હદીસમાં આપણે હમણાં જ જોયું કે જે લોકો અલી(અ.)ને દોસ્ત રાખતા હોય તેમની સાથે દોસ્તી રાખવાની રસૂલ(સ.)એ અલ્લાહ સમક્ષ દુઆ માગી અને અલ્લાહ(સુ.વ.ત.)એ ઉપરની આયતમાં એવું ફરમાવ્યું કે જે લોકોએ વચન લીધાં છે તેઓ તેની સમક્ષ સિફારિશ કરવા માટે શક્તિમાન બનશે. કૃપા પ્રાપ્ત કરવાનો અર્થ **પ્રેમ કરવો** અથવા **ઈમામના દોસ્ત** બનવું તે છે. અને ઈમામતની શરૂઆત મૌલા અલીથી શરૂ થઈ. તે **ઈમામે મુત્તકી** (મુત્તકીઓના ઈમામ) છે. તે **અમીરુલ મોમિનીન** છે. આથી તેમની સાથેની મોહબ્બત આપણને અલ્લાહ(સુ.વ.ત.) તરફથી શિફારિશ મેળવવાનો વિશેષાધિકાર અર્પણ કરે છે. કેવું સન્માન ગણાય !

→ આપણું સંશોધન કાર્ય સફળ થયું છે. કુરઆને આપણને અંતિમ ચુકાદો આપી દીધો છે. <u>**અબુતુરાબ**</u> **(મૌલા અલી) પ્રત્યેના પ્રેમથી ભરેલી ડોલ** આપણને શેતાનની **આગ**થી બચાવશે. મૌલા અલી બધી જ શેતાની સમસ્યાઓનો ઉકેલ છે. જો આપણે તેમની સાથે મોહબ્બત રાખીએ અને તેમનો આપણા મૌલા અને પેશવા તરીકે હૃદયપૂર્વક સ્વીકાર કરીએ તો આપણે **હિદાયતયાફ્તા** (હિદાયત પામેલ) છીએ. આપણે અલ્લાહ (સુ.વ.ત.)ના **અજેય લશ્કર**માં છીએ, આપણું જીવન **જેહાદ** છે, અને **પથારી ઉપર મરીશું તો પણ** આપણે **શહીદ** તરીકે મરીશું. આપણે **અલ્લાહના એવા દોસ્ત** બની જઈએ છીએ કે જેઓ અલ્લાહની કૃપા ઝંખી શકે છે અને જેમની **સિફારિશ**નો તેના દ્વારા સ્વીકાર કરવામાં આવશે. તેથી જ તો તે **'મુશ્કિલકુશા'** છે. તો પછી આપણે બધા એકી અવાજે **'યા અલી મદદ'** શા માટે ન કહીએ ? ✻

<u>**ઈસ્લામી કવીઝ નં. ૧૧૯ના જવાબો**</u>

(૧) બિહવલિલ્લાહે વ કુવ્વતેહી અકુમો વ અકઉદ (૨) સૂરએ ફાતિર (૩) બીબી શફુરા (૪) નમાઝે વહ્શત (૫) અઠ્ઠાવીસ માઈલ (૬) કોહે તૂર (૭) ધુમાડા વગરની આગમાંથી


**પ્રો. જી. કે. સુણસરા (સેવાણીવાળા)**

**બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ**

**● રેડીમેડ ●**
✻ જીન્સ ✻ ટી.શર્ટ ✻ શોર્ટ શર્ટ ✻ સ્લીમ શર્ટ ✻ કારગો ✻ ઝભ્ભા-લેંઘા ✻ ટ્રાઉઝર્સ ✻ નાઈટ ડ્રેસ વિગેરે.

**● કલોથ ●**
શુટીંગ તથા શર્ટીંગ

**● ટેલર્સ ●**
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

**૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.**
**ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦**

# મન્કબત

-: રચયિતા :-

**હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)**

| | |
|---|---|
| અય દિલે બેચૈન તેરી ઈલ્તિજા, | اے دلِ بے چین تیری التجا |
| જાએગી ઈક પલમેં સૂએ મુર્તઝા. | جائے گی اِک پل میں سوئے مرتضےٰ |
| કર વો દેંગે તેરે દુ:ખ્ખોંકી દવા, | کر وہ دیں گے تیرے دکھوں کی دوا |
| આયેગા તુઝકો મવદ્દતકા મઝા. | آئے گا تجھ کو مودّت کا مزا |
| રાહ હોગી ખુશગવાર વ ખુશનુમા, | راہ ہوگی خوشگوار و خوشنما |
| ફૂલ હોંગે બિખરે હર સૂ જા બ જા. | پھول ہونگے بکھرے ہر سو جابجا |
| કોહસારોંમેં સદાએ મન્કબત, | کوہساروں میں صدائے منقبت |
| ગુંજ કર ફિર જાયેગી વો તા સમા. | گونج کر پھر جائے گی وہ تا سما |
| તાઈરોંકે મુંહસે નિકલેગી અઝાં, | طائروں کے مُنہ سے نکلے گی اذاں |
| જંગલોંમેં દીદકા ઈક વલ્વલા. | جنگلوں میں دید کا اِک ولولہ |
| બસ્તિયોં પે નૂર હોગા હૈદરી, | بستیوں پہ نور ہوگا حیدری |
| ઝર્રા ઝર્રા નૂર દેખેગા નયા. | ذرّہ ذرّہ نور دیکھے گا نیا |
| કાઈનાતી કેહ ઉઠેંગે સબકે સબ, | کائناتی کہہ اُٹھینگے سب کے سب |
| આ ગયા લો મેરા મૌલા આ ગયા. | آ گیا لو میرا مولاؐ آ گیا |
| કરકે સૌ સૌ સજદે રબકે શુક્રકે, | کر کے سو سو سجدے رب کے شکر کے |
| નૂર દેખેગા **'મુજાહિદ'** બારહા. | نور دیکھے گا مجاہدؔ بارہا |

* *

**:::::::::: શબ્દાર્થ ::::::::::**

**ઈલ્તિજા** : વિનંતી, યાચના **સૂએ** : ની તરફ **મવદ્દત** : પ્રેમ, મહોબ્બત **ખુશગવાર** : રૂચિકર, મનવાંછિત **ખુશનુમા** : મનોહર, સુંદર **હર સૂ** : દરેક જગ્યાએ **જા બ જા** : ઠેર ઠેર **કોહસારોંમેં** : પર્વતમાળાઓમાં **મન્કબત** : ખુદા સુધી પહોંચેલા મહાત્માઓની ગુણગાથા **તા સમા** : આકાશ સુધી **તાઈરોંકે** : પક્ષીઓના **અઝાં** : અઝાન, બાંગ **દીદ** : દીદાર, દર્શન **વલ્વલા** : ઉત્સાહ, જોશ

# ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)

## પ્રદૂષણ ઉપર પ્રતિબંધ

(ગતાંકનું ચાલુ)

વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી આ વિષય એટલો સચોટ છે કે જો આવી પરિસ્થિતિ ચાલુ રહી અને સમુદ્રો આવી રીતે પ્રદૂષિત થતા રહ્યા તો માણસ અને પ્રાણીનું જીવન આગામી પચાસ વર્ષ સુધીમાં મુશ્કેલીભર્યું થઈ જશે કારણ કે ઑક્સિજનનું પ્રમાણ ઘણું ઓછું થઈ જશે અને લોકો એવી રીતે શ્વાસ લેશે કે જેવી રીતે કોઈકે તેમના ગળાને બન્ને હાથો વડે જોરથી પકડી રાખેલું. એ વાત પણ સ્પષ્ટ છે કે જ્યારે માણસની શ્વાસ લેવાની આવી પરિસ્થિતિ હશે તો તે આજની જેમ કામ પણ નહીં કરી શકે અને માણસની કાર્યક્ષમતા ઓછી થઈ જશે અને માણસની જાણકારીનું સ્તર ઝડપથી ઘટશે કારણ કે જ્યારે કોઈ વિદ્યાર્થી ક્લાસમાં બેચેન હોય છે તો તે કોઈ પણ વસ્તુ ઉપર ધ્યાન આપી શકતો નથી અને જ્યારે કોઈ શિક્ષક બેચેન હોય છે તો તે કોઈ પણ મુશ્કેલ વાત વિદ્યાર્થીઓને સમજાવી શકતો નથી. ખેડૂત પણ જો પોતાના ખેતરમાં કામ કરતો હોય અને મજૂર કે જે કારખાનામાં કામ કરવામાં વ્યસ્ત હોય ત્યારે જો ઑક્સિજનની પર્યાપ્ત માત્રા તેમનાં ફેફસાં સુધી ના પહોંચે અને એ સિવાય જેઓ કાયમી વ્યાકુળતાથી પીડાતા પણ હોય તો તે લોકોને એવું લાગશે કે તેમના શરીરનું કોઈ પણ અંગ સારી રીતે કામ કરી રહ્યું નથી અને તેમની ઈચ્છા પ્રમાણે હલનચલન કરી શકતું નથી, એટલા માટે કે તેમના શરીરના કોઈ પણ ભાગને પર્યાપ્ત માત્રામાં ઑક્સિજન પહોંચતો નથી અને પર્યાપ્ત માત્રામાં ઑક્સિજન શરીર સુધી ન પહોંચે તેના પરિણામનો અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીના બાયોલોજીકલ ઈન્ટીટ્યુટમાં સસલા સહિત અન્ય પ્રાણીઓ ઉપર પ્રયોગ કરવામાં આવ્યો છે કે જેના દ્વારા જાણી શકાયું છે કે જ્યારે મગજના કોષોને પર્યાપ્ત માત્રામાં ઑક્સિજન પહોંચતો નથી તો તે બધા હુકમો કે જે મગજ શરીરના અંગોને આપે છે તે હુકમો તેમના અંગો સુધી પહોંચવામાં મોડું થાય છે.

મગજના કોષો સુધી ઑક્સિજન પર્યાપ્ત માત્રામાં ન પહોંચવાના પરિણામ ઉપર જો અમે વિચાર કરીએ તો અમે કહી શકીએ છીએ કે આગામી પચાસ વર્ષોમાં મોટરકાર બનાવવાના કારખાનામાં જો કોઈ મજૂર કોઈ ચાવીને હાથમાં લે તો તેને ચાવી ઉપાડવાની તૈયારી કરવામાં અને તેને ઉપાડી લેવા વચ્ચે કેટલીક ક્ષણો જોઈશે કારણ કે મગજના કોષોને પર્યાપ્ત માત્રામાં ઑક્સિજન મળતો નથી કે જેથી તે ચાવીને તરત ઉઠાવી લેવાનો હુકમ પોતાના હાથ પગને આપી શકે અને તેના હાથ પગ એક ક્ષણમાં ચાવી ઉઠાવી લેવા માટે તૈયાર થઈ જાય.

આવી જ રીતે માણસને બધાં કાર્યો પૂરાં પાડવામાં મોડું થશે અને કોઈ ગાડીનો ડ્રાઈવર જ્યારે

પોતાની સામેની કોઈ વસ્તુને જોશે અને બ્રેક લગાવશે તો જ્યારે તે બ્રેક લગાવવાનો નિર્ણય લેશે ત્યારથી લઈને તેના પગ બ્રેકના પેડલ ઉપર દબાણ કરે ત્યાં સુધી તેને કેટલીક ક્ષણો જોઈશે જેના કારણે સામે આવનારી વસ્તુ કચડાઈ જશે. કોઈ પાઈલોટ કે જે એરપોર્ટ ઉપરથી વિમાન ઉડાડવા માગતો હશે તો તેનો પણ આવો જ હાલ થશે. જે ક્ષણે તેણે નિયંત્રણ માટેનું હેન્ડલ ફેરવવું જોઈએ કે જેથી વિમાનનો આગળનો ભાગ ઉપર ઉઠે અને પૈડાં રનવેથી જુદાં પડી જાય તો તે પાયલોટ સમયસર આવું નહીં કરી શકે પરંતુ તે નિયંત્રણના હેન્ડલને થોડીક ક્ષણો પછી ફેરવશે જેના કારણે વિમાન કે જે આખા રનવે ઉપર દોડીને આવ્યું હશે તે હવે આગળ કોઈ જગ્યા બાકી નહીં રહેવાના કારણે અવરોધો સાથે ટકરાઈને બળી જશે.

જેવી રીતે મગજના કોષોને પર્યાપ્ત માત્રામાં ઑક્સિજન ન મળે તો તે સંબંધિત અંગોને ઝડપથી કામ કરવા માટે તૈયાર કરી શકાતા નથી. એવી જ રીતે બીજા અવયવો દા.ત. કાન અને આંખ પણ ઝડપથી કામ પૂરું પાડવામાં નિષ્ફળ રહે છે અને નાક પણ સૂંઘવામાં વિલંબ કરે છે. આવી જ રીતે યાદશક્તિ ઘણી ઓછી થઈ જાય છે અને બધા લોકોને ભૂલકણાપણાની બીમારી લાગુ પડે છે અને જો તેઓ નવી જાણકારી વાંચીને કે સાંભળીને યાદ રાખવા માગે તો તેમને ઘણી તકલીફ થાય છે.

માનવ જીવનના પર્યાવરણને પ્રદૂષિત કરનારી વસ્તુઓમાંથી એક યુરેનિયમ અથવા પ્લુટોનિયમના એટમનું સંવર્ધન પણ છે કે જેના કારણે એવો પદાર્થ નીકળે છે કે જે પર્યાવરણમાં ફેલાઈને પ્રદૂષણનું કારણ બને છે અને અણુમથકો સતત આ પદાર્થોને બહાર ફેંકે છે ત્યારે અણુમથક પોતે પણ સંભવતઃ ખતરનાક સાબિત થઈ શકે તેમ છે.

અણુમથક બનાવતી વખતે અસાધારણ સાવચેતી દાખવવામાં આવે છે અને બધા લાભાલાભનું ધ્યાન રાખવામાં આવે છે તો ય એ ખતરો તો હોય જ છે કે કદાચ કોઈ અકસ્માતના કારણે કોષ (cell) ની અંદર વિસ્ફોટ ન થઈ જાય. સેલ એક એવી પેટી છે કે જેમાં ગ્રેફાઈટની સાથે યુરેનિયમ અથવા પ્લુટોનિયમ હોય છે અને ઉષ્ણતા પેદા કરે છે. અણુમથકમાં ઉષ્ણતા પેદા કરવાવાળા કેન્દ્રને ઉર્જાનો સ્રોત કહેવામાં આવે છે અને અણુમથકનું પ્રવાહી કે જે દક્ષિણ ઈંગ્લેન્ડમાં આવેલું છે તેની અંદર જો વિસ્ફોટ થઈ જાય તો તેની ચારેય બાજુ ૧૬૦ કિલોમીટર સુધી દરેક પ્રકારની સજીવ સૃષ્ટિ નાશ પામશે અને વિસ્ફોટના પરિણામ સ્વરૂપ પેદા થનારી ઉષ્ણતા ચારેય બાજુ ૮૦ કિલોમીટર સુધી ફેલાઈને મકાનોને વેરાન કરી નાખશે અને જંગલોને સંપૂર્ણરીતે નાબૂદ કરી દેવા ઉપરાંત નદીઓ અને સમુદ્રોને પણ સૂકવી નાખશે.

હજી સુધી આવો કોઈ અકસ્માત થયો નથી પરંતુ એવા અકસ્માત માટે કોઈ પણ એક સેલમાં ગ્રેફાઈટ (કે જે હાલના જમાનામાં અણુવીજ ઉપર નિયંત્રણ રાખવા માટે વપરાય છે) નું કોઈ પણ કારણે ખૂટી જવું અથવા બેકાર થઈ જવું પર્યાપ્ત છે.

અમને આશા છે કે જુદા જુદા દેશોમાં આવેલા કોઈ પણ અણુમથકમાં આવું નહીં બને પરંતુ અફસોસ એ વાતનો છે કે એ દેશોમાં અણુમથક સતત વિકિરણ (radiation) કાઢવાવાળો પદાર્થ બહાર ફેંકે છે અને નિષ્ણાતોને ખબર નથી કે આ પદાર્થને કયા ઠેકાણે લઈ જાય કે જેથી પર્યાવરણ પ્રદૂષિત ન થાય. વિકિરણ બહાર કાઢવાવાળા પદાર્થને ઠેકાણે લગાડવા માટે નિષ્ણાતોને સૌથી પહેલાં જે વિચાર આવ્યો તે એ હતો કે તે પદાર્થને પેટીઓમાં બંધ કરીને સમુદ્રના તળિયે ડુબાડી દેવામાં આવે. પરંતુ પછી તેમણે વિચાર્યું કે શક્ય છે કે

પાણીના દબાણના કારણે પેટીઓમાં તિરાડ પડી જાય અથવા તો પાણીનું દબાણ તેમને તોડી નાખે અને વિકિરણ પેદા કરનારો પદાર્થ પાણીમાં ભળીને પ્લાન્કટન સહિત સમુદ્રની બધી સજીવ સૃષ્ટિનો નાશ કરી નાખે. બીજું એ કે જો પાણીનું દબાણ પેટીઓને તોડી ન નાખે તો ય સમય વીતતાં પેટીઓ ખુલી જશે અને વિકિરણ પેદા કરનારો પદાર્થ સમુદ્રના પાણીને પ્રદૂષિત કરી નાખશે અને સમુદ્રની સજીવ સૃષ્ટિ નાશ પામશે. આ જ કારણે તે લોકોએ વિકિરણ પેદા કરનારા પદાર્થને સમુદ્રમાં નાખ્યો નહીં.

જ્યારે વૈજ્ઞાનિકો ચંદ્ર સુધી પહોંચ્યા તો તેમણે વિચાર્યું કે વિકિરણ પેદા કરનારા પદાર્થને ચંદ્ર ઉપર મોકલી દેવામાં આવે તો કેવું ? પરંતુ ત્રણ કારણોસર આ કાર્ય આજ સુધી પાર પાડી શકાયું નથી. પહેલું એ કે અણુમથકોનો વિભાગ ખાનગી વિભાગ છે એટલે કે તે સરકારી વિભાગોની શ્રેણીમાં આવતો નથી. ફક્ત રશિયા તેમજ બીજા બધા સમાજવાદી દેશો સિવાય અણુમથક ચલાવનારાઓ એટલી ક્ષમતા ધરાવતા નથી કે વિકિરણ પેદા કરનારા પદાર્થને મજબૂત પેટીઓમાં બંધ કરીને રૉકેટ વડે પૃથ્વીના ગુરૂત્વાકર્ષણમાંથી બહાર કાઢીને ચંદ્રની હદ સુધી પહોંચાડી દે કારણ કે ફક્ત ધનવાન સરકારો જ વિકિરણ પેદા કરનારા પદાર્થને ચંદ્ર ઉપર પહોંચાડવાનું ખર્ચ સહન કરી શકે તેમ છે અને આ કાર્ય કોઈ એવા વિભાગના બસની વાત નથી કે જેની પાસે સીમિત પૂંજી હોય.

બીજી બાબત એ કે આવી પેટીને ચંદ્ર સુધી પહોંચાડવામાં અડચણ પેદા કરે છે તે એ છે કે નિષ્ણાતોને ભરોસો નથી કે જે રોકેટ વડે તેઓ ઉપરોક્ત પેટીને મોકલી રહ્યા છે તેને કોઈ અકસ્માત નહીં નડે અને તે રૉકેટ પૃથ્વીના ગુરૂત્વાકર્ષણની સરહદોથી બહાર નીકળ્યા પહેલાં પડી નહીં જાય અથવા તો અવકાશમાં ફાટી નહીં જાય. આવી પરિસ્થિતિમાં વિકિરણ પેદા કરનારો પદાર્થ ધરતી ઉપર ફેલાઈ જશે અને પ્રાણીઓ અને વૃક્ષોનો નાશ કરી નાખશે.

આ માર્ગમાં ત્રીજી અડચણ એ છે કે ચંદ્ર એ પદાર્થના કારણે પ્રદૂષિત થઈ જશે અને હજી સુધી એવી જાણકારી મળી નથી કે ચંદ્ર આર્થિક રીતે માનવજાતિને ફાયદાકારક છે કે નહીં. જો ચંદ્ર માનવજાતિ માટે આર્થિક રીતે ફાયદાકારક હોય તો વિકિરણ પેદા કરનારા પદાર્થની પેટીઓને ત્યાં ખડકવાનો અર્થ એ છે કે માણસ ભવિષ્યમાં ચંદ્રની ઈસ્કામત(મિલકત/પૂંજી)નો ફાયદો નહીં ઉઠાવી શકે. જો કે ચંદ્ર ઉપર પવન નથી કે જે વિકિરણ પેદા કરનારા પદાર્થને આમ તેમ ફેલાવી શકે. પરંતુ ચંદ્ર ઉપર પૃથ્વીની સરખામણીમાં દિવસે વધારે ગરમી હોય છે અને ચંદ્રની ગુરૂત્વાકર્ષણ શક્તિ ય પૃથ્વી કરતાં ઘણી ઓછી છે. વધારે ગરમી અને ઓછી ગુરૂત્વાકર્ષણ શક્તિ વિકિરણ પેદા કરનારા પદાર્થને ફેલાવવાનું કારણ બની શકે છે અને આવી રીતે ચંદ્રનો ગોળો પ્રદૂષિત થઈ શકે છે અને પછી માણસ ત્યાં ક્યારે ય પણ ચંદ્રના ખનીજ પદાર્થને કાઢવા માટેનું કાર્ય કરી નહીં શકે. આ ત્રણેય કારણોને લીધે હજી સુધી માણસ વિકિરણ પેદા કરનારા પદાર્થને ચંદ્ર સુધી પહોંચાડી શક્યો નથી.

(ક્રમશઃ)



**સાજેદાબાનુ ઈસ્માઈલભાઈ**

**મલપરા (વેળાવાપુરા)**

B.Pharm (2nd Sem.)

**G. K. Corner Solution 109**

(૧) અલીગઢ (૨) સોકેટિસ(૩) રન આઉટ (૪) હાર્ડવેર (૫) બાયોલૉજી (૬) અસ્થમા (૭) ૨.૫૪ સે.મી. (૮) ચીન

# ગ ડ મ થ લ ૨૧૮

:::: સંપાદકઃ::::
મો.કમરઅલી શરીફભાઈ
શેખ (હિંમતગનર)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ■ | ૩ | | ૪ | ૫ | ■ |
| | ■ | ૬ | | ૭ | | ■ | ૮ | | ૯ |
| | ■ | | ■ | ૧૦ | | ૧૧ | | ■ | |
| ૧૨ | ૧૩ | ■ | ૧૪ | | ■ | | ■ | ૧૫ | |
| ■ | | ■ | | ■ | ૧૬ | | ૧૭ | ■ | |
| ■ | ૧૮ | | | ■ | ■ | ૧૯ | | ૨૦ | ■ |
| ૨૧ | | ■ | ■ | ૨૨ | ૨૩ | ■ | ૨૪ | | ૨૫ |
| ૨૬ | | | | ■ | | ■ | ૨૭ | | |
| ■ | | ■ | ■ | ૨૮ | | | ■ | ■ | |
| ૨૯ | | | | ■ | | ■ | ૩૦ | | |

## :::: આડી ચાવીઓ ::::

(૧) યુવાની, યૌવન (૩)
(૩) વિપુલતા, પુષ્કળતા (૪)
(૬) પ્રસન્નતા, ખુશી (૪)
(૮) પ્રાણી, જાનવર (૩)
(૧૦) ઈસ્લામમાં પવિત્ર મનાતું પાણી (૪)
(૧૨) કરબલાનું એક નામ (૨)
(૧૪) પ્રહાર, ફટકો (૨)
(૧૫) મિત્ર, દોસ્ત (૨)
(૧૬) સન્નારી, શિષ્ટ મહિલા (૩)
(૧૮) દિવાસળી(૩)
(૧૯) ભાગ્ય, તકદીર (૩)
(૨૧) બધું, ગાળ (૨)
(૨૨) નિરાશા, નાઉમેદી (૨)
(૨૪) પરિણામ, કયામત (૩)
(૨૬) સભા, કચેરી (૪)
(૨૭) ની દિશામાં (૩)
(૨૮) જન્નત, સ્વર્ગ (૩)
(૨૯) ઈચ્છા, ઉત્કંઠા, અભિલાષા (૪)
(૩૦) હાર, હરોળ, લાઈન (૩)

## :::: ઊભી ચાવીઓ ::::

(૧) સજ્જનતા, સુશીલતા (૪)
(૨) પાણીનું ઘન સ્વરૂપ (૩)
(૩) જૂનું પુરાણું, પ્રાચીન (૩)
(૪) કૃપા, મહેરબાની (૩)
(૫) રોટલી, વગેરે શેકવાનું છીંછરું વાસણ (૨)
(૭) દૃશ્ય, દેખાવ (૩)
(૯) તિરસ્કાર, ધિક્કાર, ધૃણા (૪)
(૧૧) એક પ્રખ્યાત વૃક્ષ કે જેનાં ફળ ખવાય છે અને તેનું તેલ માલિશમાં અને ખાવામાં વપરાય છે. (૪)
(૧૩) આજ્ઞાપાલક, આજ્ઞાકિંત (૭)
(૧૪) વારસદાર (૩)
(૧૭) શિખામણ, ઉપદેશ (૪)
(૨૦) માણસ, માનવ (૩)
(૨૧) હજાર (૨)
(૨૩) સબર કરવી અને અલ્લાહની ઈચ્છામાં રાજી રહેવાનો ગુણ (૪)
(૨૫) ઝડપ, વેગ (૪)

## ગડમથલ નં.૨૧૭નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ હ | મ | ૨ સ | ફ | ૩ ર | ■ | ૪ શ | રી | ૫ અ | ૬ ત |
| મ્દ | ■ | ર | ■ | વાં | ■ | બ્બી | ■ | ૭ જ | બ |
| ■ | ૮ આ | બા | દ | ■ | ■ | ર | ■ | ન | ■ |
| ૯ ત | લ | બ | ■ | ૧૦ તા | ૧૧ ક | ■ | ૧૨ શ | બી | ૧૩ હ |
| સ્કી | ■ | ■ | ■ | ૧૪ હા | મી | ■ | રા | ■ | કી |
| ૧૫ ન | ૧૬ કી | રૈ | ૧૭ ન | ■ | ના | ■ | ૧૮ બ | ૧૯ શ | ર |
| ■ | ર્ગ | ■ | ફ | ■ | ■ | ૨૦ કુ | ■ | દી | ■ |
| ૨૨ ક | ત | ૨૩ મી | ર | ■ | ૨૪ દ | ર | ૨૫ બ | દ | ૨૬ ર |
| દી | ■ | રા | ■ | ૨૭ રા | ■ | ૨૮ આ | કા | ■ | કી |
| મ | ■ | ૨૯ સ | ર | ઝ | મી | ન | ■ | ૩૦ જા | મ |



મૌલા અલી(અ.)નાં પ્રવચનો, આજ્ઞાપત્રો અને બોધવચનોનો સંગ્રહ

# નહજુલ બલાગહ



## ભાગ-૩

## બોધ વચનો અને ઉપદેશો

**હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)**

**(૨૩૫) બુધ્ધિવાન અને બુધ્ધુ :**

આપને અરજ કરવામાં આવી કે બુધ્ધિવાન પુરૂષની વ્યાખ્યા ફરમાવો. તો ફરમાવ્યું, બુધ્ધિવાન એ છે કે જે દરેક વસ્તુને તેની જગ્યાએ રાખે છે. અરજ કરવામાં આવી કે તો પછી જાહિલની વ્યાખ્યા શું છે ? ફરમાવ્યું, એ તો હું કહી ચૂક્યો.

હેતુ એ છે કે જાહિલ તે છે કે જે દરેક વસ્તુને અસ્થાને રાખે છે અને તે બયાન ન કરવું જ એક રીતે બયાન છે તે બુધ્ધિવાનનો વિરોધી છે. -સૈયદ રઝી.

**(૨૩૬) દુનિયાની બેકદરી :**

ખુદાની કસમ આ તમારી દુનિયા મારી નજરમાં કોઢીના હાથમાં સુવ્વરના હાડકાથી પણ બદતર છે.

**(૨૩૭) ઈબાદતના પ્રકાર :**

એક કોમ સવાબની લાલચમાં ઈબાદત કરે છે તો એ વેપારીઓની ઈબાદત છે અને એક કોમ અઝાબના ડરથી ઈબાદત કરે છે તો એ ગુલામોની ઈબાદત છે, અસલ એ કોમ છે કે જે ખુદાના શુક્ર માટે ઈબાદત કરે છે અને આ જ આઝાદ લોકોની ઈબાદત છે.

**(૨૩૮) ઓરતની બૂરાઈ :**

ઓરત નખશીખ બૂરાઈ છે અને તેની સૌથી મોટી બૂરાઈ એ છે કે તેના વગર ચાલતું પણ નથી.

**(૨૩૯) આળસ અને છિદ્રો શોધવા :**

જે શખ્સ આળસ અને પ્રમોદથી કામ લે છે તે પોતાના હકો પણ ગુમાવે છે અને જે ચાડી ખાનારની વાત માની લે છે તો મિત્રોને પણ ગુમાવી બેસે છે.

**(૨૪૦) ગસબી પથ્થર :**

ઘરમાં એક પથ્થર પણ ગસબી લાગેલો હોય તો તે તેની બરબાદીની જમાનત છે.

**(૨૪૧) જાલિમ અને મઝલૂમ :**

મઝલૂમનો દિવસ (કયામત) જાલિમ માટે એ દિવસથી વધારે ભારે હોય છે કે જે જાલિમનો મઝલૂમ માટે હોય છે.

**(૨૪૨) ખુદાનો ખોફ :**

અલ્લાહથી ડરતા રહો ભલે સંક્ષિપ્ત જ કેમ ન હોય અને પોતા અને તેની વચ્ચે પડદો રાખો ભલે બારીક જ કેમ ન હોય.

**(૨૪૩) જવાબો અસંખ્ય હોવા :**

જ્યારે જવાબો વધી જાય છે તો મૂળ વાત ખોવાઈ જાય છે.

**(૨૪૪) આભાર અને કૃતજ્ઞતા :**

અલ્લાહનો દરેક નેઅમતમાં એક હક હોય છે જે તેને અદા કરી દેશે ખુદા તેની નેઅમતને વધારી દેશે અને જે કચાશ રાખશે તે ચાલુ નેઅમતને પણ ખતરામાં નાખી દેશે.

**(૨૪૫) ઈચ્છાઓની ઓછપ :**

જ્યારે શક્તિ વધી જાય છે તો ઈચ્છાઓ ઘટી જાય છે.

**(૨૪૬) નેઅમતનો અપકાર :**

નેઅમતોના પતનથી ડરતા રહો કેમકે દરેક નિરંકુશ થઈને નીકળી જનારી વસ્તુ પાછી નથી આવ્યા કરતી.

**(૨૪૭) કૃપાવૃત્તિ :**

મહેરબાનીની ભાવના સગપણથી વધારે મહેરબાનીનું કારણ હોય છે.

**(૨૪૮) નેક ભાવના :**

જે કોઈ તમારા વિશે સારા વિચાર ધરાવે છે તેના વિચારોને સાચા કરી બતાવો.

**(૨૪૯) નફ્સનો ગુલામ :**

શ્રેષ્ઠ અમલ એ છે કે જેમાં તમારે તમારા મનને મજબૂર કરવું પડે.

**(૨૫૦) ખુદાની ઓળખ :**

મેં પરવરદિગારને ઈરાદાઓના તૂટવાથી, નિય્યતોના ફરી જવાથી અને હિંમત હારી જવાથી ઓળખ્યો છે.

**(૨૫૧) કડવાશ અને મીઠાશ :**

દુનિયાની કડવાશ આખેરતની મીઠાશ છે અને દુનિયાની મીઠાશ આખેરતની કડવાશ છે.

**(૨૫૨) ફરજોના હુકમો અને મસ્લેહતો :**

અલ્લાહે ઈમાનને જરૂરી ગણ્યું છે શીર્કથી પાક રહેવા માટે અને નમાઝને વાજિબ કરી છે ગર્વથી દૂર રહેવા માટે. ઝકાતને રોઝીનું સાધન બનાવ્યું અને રોઝાને શુધ્ધ મનોવૃત્તિને ચકાસવાનું સાધન બનાવ્યું છે. જેહાદને ઈસ્લામની કીર્તિ માટે રાખી છે અને અમ્ર બિલ મઅરૂફને અવામની સુધારણા માટે, નહીઅનિલ મુનકરને મૂર્ખાઓની બૂરાઈઓ રોકવા માટે વાજિબ કર્યાં છે. સિલે રહમ સંખ્યામાં વૃધ્ધિ માટે, કિસાસ ખૂનના રક્ષણ માટે અને હદ્દદને નિષેધોનું મહત્વ સમજાવવાનું સાધન. શરાબબંધી બુધ્ધિના રક્ષણ માટે કરવામાં આવી છે અને ચોરીથી બચવું ઈજ્જતના રક્ષણ માટે જરૂરી ઠરાવ્યું છે. વ્યભિચારને વંશના રક્ષણ માટે હરામ કરવામાં આવ્યું છે. સૃષ્ટિ વિરૂધ્ધ સમાગમ વંશની બકા માટે હરામ ઠેરવ્યું છે. ગવાહોને ઈન્કારની સામે પૂરાવાનું સાધન બનાવ્યા છે અને જૂઠ ત્યજવાને સચ્ચાઈની સજ્જનતાનું સાધન ઠરાવ્યું છે. શાંતિ સ્થાપનાને ખતરાઓથી બચાવ માટે રાખવામાં આવેલ છે અને ઈમામતને મિલ્કતની વ્યવસ્થા માટે નીમવામાં આવેલ છે અને પછી ફરમાબરદારી ઈમામતની મહત્તાની નિશાની ઠરાવી છે. *


HDFC STANDARD LIFE INSURANCE
Sar Utha ke Jiya

Mo. 98258 81814



**નજરઅલી યુનુસભાઈ પીચારજી**

**GOLD CLUB MEMBER : HDFC SLIC**

**ઓફિસ** : ડાયમંડ એસ્ટેટ, સહયોગ હોટલની પાછળ,
ને.હા.નં.૮, ગામ-મોતાલી-અંકલેશ્વર, જી.ભરૂચ
ફોન નં. ૯૮૨૫૮ ૮૧૮૧૪

**રહેઠાણ** : ગામ-સેદ્રાણા, તા.સિધ્ધપુર, જી.પાટણ
ફોન નં. : ૨૨૬૬૦૩

**પાક પરવરદિગારના કરમથી સતત ૬ વર્ષથી આપની સેવામાં હાજર**

**શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના વીમેદારોને અંતઃકરણપૂર્વક સહકાર બદલ આભાર**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya

**જીવનવીમા તથા રોકાણના નવીન તથા જુના કામકાજ માટે સંપર્ક કરો.**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya



પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત

# જુંબિશે લબ  جُنبشِ لب

## નઝમ ૧૪

### બહુઝૂર હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)

اے امامِ دوجہاں اے باقرِ علمِ نبی — **અય ઈમામે દોજહાં, અય બાકરે ઈલ્મે નબી,**
کس سے ہو وصف آپکا کس سے ہو مدحت آپکی — **કિસસે હો વસ્ફ આપકા, કિસસે હો મિદ્હત આપકી.**

(અય આલોક અને પરલોક એ બન્ને જગતના ઈમામ ! અય નબી(સ.)ના જ્ઞાનના મહાન વિદ્વાન ! આપની ખૂબીઓનું વર્ણન કોના દ્વારા થઈ શકે તેમ છે ? આપનાં વખાણ કોના દ્વારા થઈ શકે તેમ છે ?)

آپ کے نانا حسنؑ، اور آپ کے دادا حسینؑ — **આપકે નાના હસન(અ.) ઔર આપકે દાદા હુસૈન(અ.)**
کس نے پائی ہے جہاں میں یہ نسب کی برتری — **કિસને પાયી હૈ જહાંમેં, યે નસબકી બરતરી.**

(આપના નાનાજાન હઝરત ઈમામ હસન(અ.) છે અને આપના દાદા હઝરત ઈમામ હુસૈન(અ.) છે. આખી દુનિયામાં આપને મળી છે એવી ખાનદાની શ્રેષ્ઠતા બીજા કોણે મેળવી છે ?)

زاہد و ابرار، معصوم و امامِ پنجمیں — **ઝાહિદો અબરાર, મા'સૂમો ઈમામે પંજમીં,**
بعدِ زین العابدینؑ، ہیں آپ عالم کے ولی — **બા'દ ઝયનુલ આબેદીં, હૈ આપ આલમકે વલી.**

(આપ ઝાહિદ(ઈન્દ્રિયનિગ્રહી),નેક સીરત, મા'સૂમ અને પાંચમા ઈમામ છો. ઈમામ ઝયનુલ આબેદીન(અ.) પછી આપ જ દુનિયાના વલી છો.)

کربلا میں وہ مصائب اہلِ ظلم و جور کے — **કરબલામેં વો મસાએબ, એહલે ઝુલ્મો જોરકે,**
وہ تحمّل آپ کا، وہ صبر اور وہ کم سِنی — **વો તહમ્મુલ આપકા, વો સબ્ર ઔર વો કમસિની.**

(કરબલાના મેદાનમાં અત્યાચારી અને જોરાવર લોકોએ જે દુ:ખો આપના તથા આપના કુટુંબ ઉપર નાખ્યાં તેમ છતાં ય આપની નાની ઉંમર હોવા છતાં એ સહિષ્ણુતા અને ધૈર્ય (દાદ માગી લે તેવાં છે.))

مصطفٰے کے جانشینِ پنجم اے شاہِ ھدے — **મુસ્તફાકે જાનશીને પંજુમ, અય શાહે હુદા,**
رونقِ مُلکِ شریعت ہے امامت آپکی — **રૌનકે મુલ્કે શરીઅત હૈ ઈમામત આપકી.**

(આપ હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના પાંચમા જાનશીન(ઉત્તરાધિકારી) છો. અય હિદાયતના બાદશાહ! આપની ઈમામત તો શરીઅતના મુલકની શોભા છે.)

سر پہ ہے تاجِ امامت زیرِ پا راہِ نجات — **સર પે હૈ તાજે ઈમામત, ઝેરે પા રાહે નજાત,**
آپ کے عہدِ مبارک میں تھی یہ شان آپکی — **આપકે ઓહદે મુબારકમેં થી યે શાન આપકી.**

(આપના મસ્તક ઉપર ઈમામતનો મુગટ (શોભી રહ્યો) છે અને આપના પવિત્ર પગની નીચે નજાતનો (મુક્તિનો) માર્ગ (આવેલો) છે. આપને મળેલા પવિત્ર પદાધિકારમાં આવી (નિરાળી) શાન નજરે પડતી હતી.)

| | |
|---|---|
| التجا کر بارگاہِ باقری میں اے ظہیر | **ઈલ્તેજા કર બારગાહે બાકરીમેં અય 'ઝહીર' !** |
| پیش کر دے عاجزی سے جو تمنّا ہو تری | **પેશ કર દે આજિઝીસે જો તમન્ના હો તેરી.** |

(અય 'ઝહીર'! ઈમામ મોહંમદ બાકર(અ.)ના દરબારમાં પોતાની માગણીને રજૂ કરી દો અને તમારા મનમાં જે તમન્ના હોય તે આજીજીપૂર્વક રજૂ કરી દો.)

**નવીન કિતાબ તૈયાર થઈ રહી છે.....**
**બસ થોડીક જ રાહ જુઓ.**
કુરઆન અને હદીસ ઉપર આધારિત,
ચિંતનાત્મક, લેખોનો અમૂલ્ય સંગ્રહ

## હિદાયતનાં મોતી

**લેખકો**
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)
જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી

**ટ્રે ફેઈથ વિલેજ એજ્યુકેશન કમિટી આયોજિત**

## ઈલ્મોત્સવ-૨૦૧૦


**તા.૨૧-૧૧-૨૦૧૦, રવિવાર**
**સ્થળ : કરબલા, કાકોશી**

**Education Status of SJMMJ**


સપ્ટે.૧૦ના 'જાફરી આવાઝ'માં માહિતીમોકલવા માટેની છેલ્લી તા.૩૦/૯/૨૦૧૦ હતી તે તારીખ વધારીને તા.૩૧/૧૦/૨૦૧૦ કરવામાં આવેલ છે તેની નોંધ લેવી.


## નવાને આવકારો જુનાથી મેળવો છુટકારો

**અત્યંત લાભદાયી એક્ષચેન્જ ઓફર ખાસ હોટલ ઈન્ડસ્ટ્રીઝ માટે**
METRO®
**છેલ્લાં ૩૦ વર્ષથી હોટલ ઈન્ડસ્ટ્રીઝમાં જોડાયેલા**



- ▶ વોટર કુલરની રેન્જ - ૧૦ થી ૫૦૦ લીટર સુધી
- ▶ ઓઝોન ફ્રેન્ડલી ▶ વીજળીનો ઓછો વપરાશ
- ▶ સ્ટેનલેસ સ્ટીલનો ઍંગલ સ્ટ્રકચર અને બોડી



**OUR OTHER PRODUCTS**
Window Air Conditioner • Split Air Conditioner
Water Cooler • Vertical Freezers • Deep Freezers


**MKTD. BY : METRO ENGINEERING CO. (Rahimbhai)**
૮, હાઈટેક કોમ્પલેક્ષ, મ્યુઝીયમ સામે, પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૫૮૯૬૯૮ ફેકસ : ૦૭૯-૨૬૫૮૯૨૪૦ મો. : ૯૮૨૫૦ ૩૫૩૮૨


**Mfg. By : PERFECT ENGINEERS**
૮/બી, હાઈવે કોમર્શીયલ સેન્ટર, દાણીલીમડા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨. ફોન : ૨૫૩૨૬૯૧૪, ૨૫૩૨૯૨૫૬, મો.૯૭૨૫૦૧૧૧૨૧ Email : perfectengg_1986@yahoo.co.in

# નન્હે રોઝેદાર * હિજરી સન-૧૪૩૧



શહરબાનુ શબ્બીરહસન મોમિન
માતા : સુગરાબાનુ(દમણ)
ઉ.વ. : ૨.૧૧ રોઝા : ૨



સાદિકઅલી ઈમ્તિયાઝઅલી
માતા : તસ્લીમાબાનુ(દમણ)
ઉ.વ. : ૪ રોઝા : ૫


હુસૈનમોહંમદ મંજૂરઅલી મોમિન
માતા : ફિરોઝાબાનુ(દમણ)
ઉ.વ. : ૪ રોઝા : ૬



સરવરહુસૈન મોહસિનઅલી
માતા : ફિજ્જાબેન(કઠોર)
ઉ.વ. : ૪.૬ રોઝા : ૧



ઈનામઅલી શબ્બીરઅલી વિજાપુરા
માતા : સાકેરાબેન(ઈલોલ ત.)
ઉ.વ. : ૫ રોઝા : ૧


અકબરહુસૈન હુસૈનઅબ્બાસ
(સાથળ-સરખેજ)
ઉ.વ. : ૫.૬ રોઝા : ૧


હુસૈનમહંમદ મદદઅલી ભગત
માતા : આબેદાબાનુ(બાદરપુર)
ઉ.વ. : ૫.૬ રોઝા : ૧


ફૈઝમહંમદ જાફરઅલી માણુસીયા
માતા : સાજેદાબેન(જેઠીપુરા-હૈદરા.)
ઉ.વ. : ૬ રોઝા : ૧૫



સાજીદઅલી શબ્બીરભાઈ મોમિન
માતા : શહેનાઝબાનુ(દમણ)
ઉ.વ. : ૬ રોઝા : ૫


સાકેરાબેન ગફુરભાઈ મોમિન
માતા : તાહેરાબેન(બાદરપુર)
ઉ.વ. : ૬ રોઝા : ૨



શીરીનફાતમા અલીમહંમદ ઘરખડ
માતા : ફિજ્જાબેન(બાદરપુર)
ઉ.વ. : ૬ રોઝા : ૧



મહંમદહુસૈન ઝુલ્ફિકારઅલી વિજાપુરા
માતા : સાકેરાબેન(જેઠીપુરા)
ઉ.વ. : ૬ રોઝા : ૧


શહરબાનુ ફિરોઝમહંમદ મોમિન
માતા : હુસૈનાબાનુ(કઠોર)
ઉ.વ. : ૭ રોઝા : ૩૦


આબિદહુસૈન મદદઅલી શેલીયા
માતા : હુસૈનાબેન (પાટણ)
ઉ.વ. : ૭ રોઝા : ૨૩



મહેમૂદહસન મંજૂરહુસૈન ભોવણીયા
માતા : ફિજ્જાબહેન(ઈલોલ પ.)
ઉ.વ. : ૭ રોઝા : ૬


આસિફઅલી મીકદાદઅલી વિજાપુરા
માતા : સાકેરાબેન(જેઠીપુરા)
ઉ.વ. : ૭ રોઝા : ૩


નુસરતફાતેમા હસનઅલી મસુ
માતા : આબેદાબેન(મહેરપુરા)
ઉ.વ. : ૭ રોઝા : ૩


આબિદઅલી ઈબ્રાહીમભાઈ ભોવણીયા
(ઈલોલ પહાડીયા)
ઉ.વ. : ૮ રોઝા : ૩૦


તાહેરાફાતેમા વજીરઅલી વિજાપુરા
માતા : હુસૈનાબેન(જેઠીપુરા)
ઉ.વ. : ૮ રોઝા : ૪


ઈરફાનાફાતેમા ઈમ્તિયાઝઅલી મોમિન
માતા : શબનમબાનુ(વસો)
ઉ.વ. : ૯ રોઝા : ૩૦



ઝહીરઅબ્બાસ ઈમ્તિયાઝઅલી મોમિન
માતા : યાસ્મીનબાનુ( - )
ઉ.વ. : ૯ રોઝા : ૩૦


કુરબાનહુસૈન એ. શાવદી
માતા : નજમાબેન(ઈલોલ ત.)
ઉ.વ. : ૯ રોઝા : ૧૨



કુલસુમફાતેમા મંજૂરઅલી મોમિન
માતા : ફિરોજાબાનુ(દમણ)
ઉ.વ. : ૧૦ રોઝા : ૩૦


મકબુલફાતેમા મહેંદીહુસૈન મસી
માતા : તાહેરાબેન (મહેરપુરા)
ઉ.વ. : ૧૦ રોઝા : ૩૦


નજરઅલી ફિરોઝમહંમદ મોમિન
માતા : આબેદાબાનુ(કઠોર)
ઉ.વ. : ૧૦ રોઝા : ૩૦



મહેમૂદહુસૈન જી. શાવદી
માતા : તાહેરાબેન(ઈલોલ ત.)
ઉ.વ. : ૧૦ રોઝા : ૨૮




મહંમદહુસૈન મદદઅલી શેલીયા
માતા : હુસૈનાબેન (વેળાવાપુરા)
ઉ.વ. : ૧૧ રોઝા : ૩૦



મહેંદીઅલી શબ્બીરહસન મોમિન
માતા : સુગરાબાનુ(દમણ)
ઉ.વ. : ૧૧ રોઝા : ૩૦



મહંમદહુસૈન અકબરઅલી દાંત્રેલિયા
માતા : આબેદાબેન (જેઠીપુરા)
ઉ.વ. : ૧૧ રોઝા : ૩૦




મહંમદહુસૈન શબ્બીરઅલી મસી
માતા : ઝોહરાબેન (ઈલોલ ત.)
ઉ.વ. : ૧૧ રોઝા : ૨૭



અકબરઅલી મંજૂરઅલી ખોરજીયા
માતા : - (અબલઉંવા-મુશાહિદપુરા)
ઉ.વ. : ૧૨ રોઝા : ૩૦




હુસૈનમહંમદ શબ્બીરઅલી શેલીયા
માતા : રૂકૈયાબેન(પાટણ)
ઉ.વ. : ૧૨ રોઝા : ૩૦




મહેંદીહસન મુમ્તાઝહૈદર મોમિન
માતા : ઝયનબબાનુ(કઠોર)
ઉ.વ. : ૧૪ રોઝા : ૩૦



મેઅરાજફાતેમા ભગત
માતા : જહાંનુમા(વસો-દમણ)
ઉ.વ. : ૭ રોઝા : ૧૩




ઝાહિદઅલી ભગત
માતા : જહાંનુમા(વસો-દમણ)
ઉ.વ. : ૩.૬ રોઝા : ૨



રાશિદઅલી આબિદઅલી મરેડીયા
માતા : હુસૈનાબાનુ(બાદરગઢ-મુંબઈ)
ઉ.વ. : ૬ રોઝા : ૨




મોમિન રફઅતફાતેમા મોહંમદઅલી
માતા : આબેદાબેન(દમણ)
ઉ.વ. : ૩.૧ રોઝા : ૧




રામસડા આશિકઅલી
શબ્બીરભાઈ (કેસીમ્પા)
H.S.C. ૮૫.૧૪%



રામસડા અહેસાનઅલી
શબ્બીરભાઈ (કેસીમ્પા)
H.S.C. ૮૦.૧૪%



રામસડા શૌકતઅલી
કાસમભાઈ (કેસીમ્પા)
S.S.C. ૮૧.૦૮%





## ક્ષમા યાચના

મોહંમદ વ આલે મોહંમદ અને કા'બા વ કિબ્લા આલી જનાબ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની ભલી દુઆઓથી હું જેઠીપુરા નિવાસી **મો.યુસુફભાઈ પેરજીભાઈ માણુસીયા** તથા મારાં મહોરદાર **મો.ઝયનબબેન યુસુફભાઈ માણુસીયા**ને ઓક્ટોબર-૨૦૧૦માં હજ-ઝિયારત કરવા જવાનું નસીબ પ્રાપ્ત થયેલ છે. અમારું આપ સૌને નિવેદન છે કે અમારા દ્વારા સગા-સંબંધીઓ, મિત્રો, પાડોશીઓ, સહપંથીઓ અને સર્વે મોમિન ભાઈ-બહેનોની જાણ્યે અજાણ્યે કોઈ ભૂલચૂક થઈ ગઈ હોય તો ક્ષમ્ય ગણીને માફ કરશો. અમારી હજ-ઝિયારત સફળ બને તેવી દુઆ કરશો અને અમે દુઆ ગુઝારીએ છીએ કે પરવરદિગાર મોહંમદ વ આલે મોહંમદ તેમજ પીરાને તરીકતની ભલી દુઆઓથી દરેક મોમિન ભાઈ-બહેનને હજ-ઝિયારત નસીબ કરે, આમીન.

**-લિ. મો.યુસુફભાઈ પેરજીભાઈ માણુસીયા (જેઠીપુરા)**
**મો.ઝયનબબેન યુસુફભાઈ માણુસીયા(જેઠીપુરા)**



હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

**બયાન નં.૭૬**

**પંથ પીયાકા પંથી યું મન ધરના,**
**ભેદ સમજનો ઉસ પંથમાં ચલના.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે હે તરીકતના પંથ ઉપર ચાલનારા પથિક ! પીયુના પંથ ઉપર ચાલતી વખતે તું તારા મનમાં એ બાબત ધારણ કરજે કે તારે આ પંથ ઉપર ચાલતી વખતે તેનો ભેદ, તેનું રહસ્ય જાણવાનું છે.)

**બેદ ઈસ જગમાં ફુરકાંન લહીએ,**
**ફુરકાંન બિના દુજા નાં કહીએ.**

(આ દુનિયામાં ધર્મશાસ્ત્ર તરીકે તું ફુરકાનને ગણજે (કે જે હક અને બાતિલને છૂટાં પાડનાર છે.) ફુરકાન અર્થાત કુરઆન વગર બીજાને ધર્મશાસ્ત્ર ન કહેતો.)

**અંતો આખિર યું મન ધરના,**
**ફુરકાંન બિના ઓર બયાંન નાં કરના.**

(છેવટે તો તારે તારા મનમાં એ બાબત ધ્યાનમાં રાખવાની છે કે તારે ફુરકાન-કુરઆનમાં લખ્યું હોય એ પ્રમાણે જ બયાન કરવું એ સિવાય બીજું કોઈ બયાન કરવું નહીં.)

**પીયાજીનો જેસા જગ દિખાયા,**
**વેસા બેદ પીર હુકમ લિખાયા.**

(અલ્લાહ તઆલાએ આપણને જેવી દુનિયા બતાવી છે એવી જ રીતે ધર્મશાસ્ત્ર અંગેના હુકમો પીરે લખીને બતાવ્યા છે.)

**સુરિજન મીતા હે સબસું ડાહ્યા,**
**જગ જેસા પીર બેદ ઊનો બતાયા.**

(અલ્લાહ તઆલા બધાં કરતાં સૌથી વધારે ડાહ્યો અને જ્ઞાની છે. તેણે જેવું જગત બનાવ્યું એ પ્રમાણેનું ધર્મશાસ્ત્ર તેણે પીરને બતાવ્યું છે.)

**રાહા રે તરીકત પીયા બિગતસું કીતી,**
**જિસો જેસા ભાવા ઉસો વેસી દીતી.**

(અલ્લાહે તરીકતના રસ્તાની વિગત એવી બનાવી છે કે જેને જેવી વિગત માફક આવે એવી એને આપી છે.)

**પીરકી રાહા વે તો સવલી રે ગણીએ,**
**જે પીર બિના રહા વે દુરિજન ભણીએ.**

(પીર જે રસ્તો બતાવે તે રસ્તાને તમે સીધો રસ્તો (સિરાતે મુસ્તકીમ) ગણજો. જે રસ્તો પીર વગરનો હોય તે રસ્તાને દુરિજન શયતાનનો રસ્તો કહેજો.)

**બેદમાં તો રાહા બિના દુજા નાં આખા,**
**ભેદ ઉસ રાહકા સબ બેદ માંહી દાખા.**

(ધર્મશાસ્ત્રમાં તો અલ્લાહના માર્ગ સિવાય બીજા કોઈ માર્ગની વાત કરવામાં આવી નથી. આ રસ્તાનો સઘળો ભેદ(રહસ્ય) ધર્મશાસ્ત્રમાં જ જણાવી દેવામાં આવ્યો છે.)

***જેસી રે કરણી કરે જગ માંહી જેસી,**
**પાવે રે આગળ કરતવ તેસી.**

---

***કરણી રે કરે જગ માંહી જેસી.**

(જે માણસ આ દુનિયામાં જેવી કરણી કરશે, જેવા આમાલ બજાવી લાવશે, એવાં જ ફળ તેને આગળ (આખેરતમાં) મળશે.)

**પીયા હુકમ પીર બેદ લહીઆ,**
**આપ સમઝે બાજ જગકું કહીઆ.**

(અલ્લાહના હુકમ મુજબનું ધર્મશાસ્ત્ર પીરે અલ્લાહ પાસેથી લીધું. પીરે પોતે તેને બરાબર સમજી લીધું અને ત્યાર પછી જ જગતને બતાવ્યું.)

**જો નબી બિના રાહ પંથી અવર બતાવે,**
**તો પંથીકા વે કે'ણા બોત ભુલાવે.**

(જો તરીકતનો પંથી, નબી(સ.)એ જે રસ્તો બતાવ્યો હોય તે સિવાયનો બીજો કોઈ રસ્તો બતાવે તો પંથીનું કથન તેને (અસલ) માર્ગ ભૂલાવી દેશે.)

**તો ડાહ્યા પંથી આપ પીયુજીસું હોવે,**
**તો કાહે નાં આપકું જાંન બુઝ ખોવે?**

(જો તરીકતનો પંથી પોતાના પીયુજી કરતાં વધારે ડાહ્યો (દોઢ ડાહ્યો) હોય તો પછી જાણી બુઝીને તે પોતાનો જીવ શા માટે ન ખોઈ નાખે ?)

**નબી પહેલી કિતાબાં નખેદ રે જાંનો,**
**ઈસ જગે ફુરકાંન બેદ પિછાંનો.**

(આપણા નબીના પહેલાં નાઝિલ થયેલી કિતાબો (તૌરેત, ઝબૂર, ઈન્જીલ)ને રદ થયેલી (મન્સુખ) જાણજો. હવે તો આ જગતમાં ધર્મશાસ્ત્ર તરીકે તો ફુરકાન-કુરઆનને જ ઓળખજો.)

***ચારું કિતાબાં હેં યું નામ લેણા,**
***પણ નખેદ હે તીનું કિતાબું કા કે'ણા.**

---

***ચારું કિતાબાં હેં કહીએ યું નાંમ જીભ લેણા,**
***પણ નખેદ હે ભેદ તીનું કિતાબુંકા કે'ણા.**


Manohar Designs
ઈન્ટીરીયર ડીઝાઈન વીથ કમ્પલીટ ડ્રોઈંગ્સ, સ્પેસ પ્લાનીંગ, પી.ઓ.પી. ડીઝાઈન, ઈલેકટ્રીકલ, ફલોરીંગ ડીઝાઈન, ફર્નિચર ડીઝાઈન, કલર સ્ટોરી
3D હાઉસ એલીવેશન 3D ઈન્ટીરીયર ડીઝાઈન
3D ફર્નિચર ડીઝાઈન 3D એનીમેશન
નજરઅલી જી. આગલોડીયા ❖ નુરમોહંમદ જી. આગલોડીયા
MOBILE : 090309 79468, 090305 81407
email : manohardesigns@gmail.com


(ચાર આકાશી કિતાબો (તૌરેત, ઝબૂર, ઈન્જીલ, કુરઆન) નાઝિલ થઈ છે એમનાં નામ જીભથી ભલે કહેજો પરંતુ (આગળની) ત્રણ કિતાબોમાં જે કંઈ કહેવામાં આવ્યું છે તેને રદ થયેલું સમજજો.)

**ફુરકાંન કિતાબ મહંમદ કું દીતા,**
**સો હુકમ પીયાકા હે સુરિજન મીતા.**

(ફુરકાન અર્થાત કુરઆને મજીદ નામની આકાશી કિતાબ આપણા પયગમ્બર મોહંમદ(સ.)ને આપી છે અને અલ્લાહ તઆલાના જે કંઈ હુકમો છે તે તેમાં દર્શાવેલા છે.)

**વે ક્યું રે હુકમ પંથી રે ફિરાવે,**
**તો પંથ માંહે જાતે પીયાકું ક્યું પાવે ?**

**-: રે તુંહી :-**

(તો આ કુરઆનમાં આપેલ હુકમોનું ઉલ્લંઘન તરીકતનો પંથી શા માટે કરે ? જો તે કુરઆનના હુકમને ન માને અને તરીકતના પંથે જાય તો તે પોતાના પીયુને કેવી રીતે મેળવી શકે ?)

**પીયુજી સુરિજન આપના, સબ જાંને ઉસકે રંગ રે,**
**સબ જાંને ઉસકે રંગ;**
**જો પંથી રંગ નાં જાંનીયા, તો રાહમાં પડીઆ ભં ગ રે,**
**તો રાહમાં પડીઆ ભંગ**

(અલ્લાહ તઆલા આપણો પીયુજી છે અને બધા લોકો તેના રંગને (સિબ્ગતુલ્લાહ)ને જાણે છે. જો તરીકતના પંથિકે અલ્લાહના રંગને જ ન ઓળખ્યો હોય તો તેના તરફ જવાના માર્ગમાં ભંગાણ પડ્યું જ સમજી લેજો.) ✻


**હોટલ ભાગ્યોદય**
રાધનપુર ચાર રસ્તા, હાઈવે મહેસાણા.
**રેસ્ટોરન્ટ ભાડે/કોન્ટ્રાકટથી આપવાની છે.**
**સંપર્ક કરો : ૯૮૨૫૨૪૭૪૪૦**

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

સૂરા નં.૬૫ — સૂરએ તલાક

કુલ ૧૨ આયતો ધરાવતો આ સૂરો મદીનામાં નાઝિલ થયેલો હોવાથી મદની સૂરો છે.

**અય નબી ! જ્યારે તમે લોકો સ્ત્રીઓને તલાક આપો તો તેમની ઈદ્દત (યાને માસિક ૠતુથી પાક થવા)ના સમયે આપો, અને ઈદ્દત(ના દિવસો)ની ગણતરી રાખો, અને અલ્લાહ યાને તમારા પરવરદિગારથી ડરતા રહો; ન તમે (ઈદ્દતની અંદર) તેમને તેમના ઘરોમાંથી કાઢી મૂકો, અને ન તેઓ પોતે નીકળી જાય, સિવાય કે તેમણે કોઈ ખુલ્લી બેહયાઈ(અનીતિ) કરી હોય; અને આ અલ્લાહની (નક્કી કરેલી) હદો છે; અને જે શખ્સ અલ્લાહની (ઠરાવેલી) હદો ઓળંગી જાય તો ખરે જ તેણે પોતે જ પોતાના પર જુલમ કર્યો કહેવાશે; તું શું જાણે છે કે આ (તલાક) પછી કદાચને અલ્લાહ કોઈ (એવી) વાત પેદા કરે (કે જેથી પાછો મેળાપ થઈ જાય). (૧)**

અબ્દુલ્લાહ બિન ઉમરે પોતાની સ્ત્રીને હૈઝની હાલતમાં તલાક આપી તો હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું કે તેણીને સ્ત્રી તરીકે પાછી રાખ. જ્યારે તેણી હૈઝથી પાક થાય તો તેણી સાથે સોહબત કર્યા પહેલાં તું ચાહે તો તલાક આપજે. ત્યારે અલ્લાહે આ આયત નાઝિલ ફરમાવી કે અય પયગમ્બર(સ.) ! જ્યારે તમે લોકો સ્ત્રીઓને તલાક આપો તો તેણીઓના ઈદ્દા એટલે પાકીઝગીની હાલતમાં આપો અને તમે ઈદ્દાની મુદ્દતને ગણો અને ઈદ્દાની મુદ્દતને વધારે અને ઓછી કરવામાં ખુદાથી ડરતા રહો અને તલાક આપેલી સ્ત્રીઓને ઈદ્દતની અંદર તેમના ઘરોમાંથી કાઢી ન મૂકો અને ન તેઓ પોતે નીકળી જાય, સિવાય કે તેમણે કોઈ ખુલ્લી બેહયાઈ (અનીતિ) કરી હોય અને તેમણે ઈદ્દો પૂરો થાય ત્યાં સુધી પોતાના પતિની રજા સિવાય બહાર જવું જોઈએ નહીં. સ્ત્રીને તલાક આપવા વિષે કેટલીક શરતો છે અને તલાક આપવાના કેટલાક મસાએલ છે જે ફિકહની કિતાબોમાં વિગતવાર છે. અત્રે ટૂંકમાં રજૂ કરવામાં આવે છે.

(૧) તલાક આપનારો બાલિગ (પુખ્ત વયનો) હોવો જોઈએ. (૨) દિવાનો ન હોય (૩) પોતાની ઈચ્છાથી તલાક આપતો હોવો જોઈએ. (૪) તલાક આપે તે વખતે સ્ત્રી હૈઝ અને નિફાસથી પાક હોવી જોઈએ પણ તેમાં એ શરત છે કે મર્દ તે જ ગામમાં હોવો જોઈએ પણ જો પુરૂષ બીજે ગામ હોય તો શર્ત જરૂરી નથી. (૫) હૈઝ આવ્યા પછી સ્ત્રી સાથે સંભોગ ન કરે. (૬) તલાક આપતી વખતે સિગો જારી કરવો જોઈએ. (૭) બે આદિલ સાક્ષીની સામે તલાકનો સિગો જારી થવો જોઈએ.

જો કે તલાક આપવી હરામ નથી પણ તલાક આપવાની હદીસમાં નારાજગી દેખાડેલ છે. તલાક આપ્યા પછી જ્યાં સુધી ઈદ્દો પૂરો ન થાય ત્યાં સુધીમાં તે શખ્સ તે સ્ત્રીને સ્ત્રી તરીકે ફરી પાછી રાખવા ચાહે તો ઈદ્દો પૂરો થયા પહેલાં ફરી નિકાહ પઢાવવાની જરૂર નથી. સ્ત્રીને ઘરની બહાર કાઢી મૂકવાની મનાઈ છે તેમજ તેણીએ પણ બહાર નીકળવાની મનાઈ છે અને ઈદ્દો પૂરો થાય ત્યાં સુધી ખોરાકી અને પોષાકી આપવી જરૂરી છે. જો ઓરત જાહેર દુષ્ટ કામ કરે તો તેણીને ઘર બહાર કાઢી મૂકે. જાહેર દુષ્ટ કામ કોને કહે છે તે વિષે ભતભેદ છે. હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે તેણી જો વ્યભિચાર કરાવે તો ઘર બહાર કાઢી મૂકાવે અને તેણી ઉપર હદ જારી થાય. હઝરત ઈમામ રઝા(અ.)એ ફરમાવ્યું કે જો પતિના સગાઓને તેણી તકલીફ આપે અને આડી રીતે વર્તે તો તેણીનો પતિ

તેણીને ઈદ્દાના પહેલાં કાઢી શકે છે. ઈબ્ને અબ્બાસ કહે છે કે તેથી મુરાદ દરેક ગુનાહ છે અને ગુનોહ જાહેરમાં કરે તો કાઢી મૂકવામાં કોઈ વાંધો નથી અને આ હુકમ રજઈ તલાકના ઈદ્દામાં છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **પછી જ્યારે તેણીઓ પોતાની (ઈદ્દતની) મુદ્દત પૂરી કરી નાખે તો કાં તો તમે તેમને ભલાઈની સાથે રોકી લો અથવા તેમને યથાર્થ રીતે રવાના કરી દો અને (તલાક આપતી વખતે) તમારામાંથી બે ન્યાયી સાક્ષી રાખજો અને (અય સાક્ષીઓ ! અલ્લાહનો ખોફ રાખીને) ઠીક ઠીક સાક્ષી આપજો. આ આજ્ઞાઓની તમારામાંથી તે (લોકો)ને નસીહત કરવામાં આવે છે કે જે અલ્લાહ પર તથા કયામત પર ઈમાન રાખતો હોય અને જે શખ્સ અલ્લાહથી ડરશે તેના માટે અલ્લાહ છુટકારાનો માર્ગ કરી દેશે. (૨)**

**અને તે એવા સ્થળેથી રોઝી પહોંચાડશે કે જ્યાંથી તેને ગુમાન પણ નહીં હોય અને જે કોઈ ખુદા પર ભરોસો રાખશે તો તે જ તેના માટે બસ છે. બેશક ખુદા પોતાના કાર્યને પૂર્ણ કરનારો છે બેશક ખુદાએ દરેક વસ્તુ માટે એક પ્રમાણ નક્કી કરી દીધું છે. (૩)**

પછી જ્યારે તેણીઓ પોતાની ઈદ્દતની મુદ્દત પૂરી કરી નાખે કાં તો તમે તેમને ભલાઈની સાથે રોકી લો અથવા તો તેમને યથાર્થ રીતે રવાના કરી અને તેણીઓને ઈજા ન પહોંચાડો અને યોગ્ય રીતે ખોરાકી-પોષાકી આપો. પછી ફરમાવે છે કે તેણીઓથી નેક રીતે જુદાઈ ગ્રહણ કરો એટલે ઈદ્દા સુધીની મુદ્દતની ખોરાકી આપો અને મહેર વગેરે હોય તે અદા કરો. ખુલાસો એ કે જ્યાં સુધી ઈદ્દો પૂરો ન થાય ત્યાં સુધી તેણીને સ્ત્રી તરીકે રાખી લેવાનો મર્દને ઈખ્તેયાર છે અને ઈદ્દો પૂરો થયા પછી તેણી છૂટી થઈ જાય છે. પછી તે પુરૂષ જો તેણી સાથે નિકાહ કરવા ચાહે તો તે નિકાહ કરી શકે છે. પછી કુદરત કહે છે કે તલાક આપતી વખતે તમો તમારામાંથી બે આદિલ મોમિન સાક્ષી નિર્માણ કરો. આ આયતનો સંબંધ પહેલી આયતની શરૂઆતના વાક્યો સાથે છે એટલે પહેલી શરૂઆતના વાક્યમાં આવ્યું કે જ્યારે તમો તમારી સ્ત્રીઓને તલાક આપો તો તે વખતે બે સાક્ષી નિર્માણ કરો અને એ કારણથી તલાક આપતી વખતે બે આદિલ સાક્ષી નિર્માણ કરે છે જેથી તેનાથી કોઈ ફરી ન જાય.

અલ્લાહ તઆલા ફરમાવે છે કે તે ઈન્સાનને એવી જગ્યાએથી રોજી આપશે કે જે તેના ગુમાનમાં પણ નહીં હોય. રિવાયતમાં છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ ત્યારે હઝરતના કેટલાક અસહાબો ઘરના દરવાજા બંધ કરીને ખુદાની ઈબાદતમાં મશગૂલ થઈ ગયા અને કહેવા લાગ્યા કે હવે અલ્લાહ તો અમને ઘેર બેઠા રોજી પહોંચાડશે. જ્યારે હઝરતને આ વાતની ખબર પડી તો આપે કહ્યું કે તમે શા માટે રોજી મેળવવી બંધ કરી ? તેમણે કહ્યું કે રોજી આપનાર રોજીનો જામીન થયો છે તો પછી શા માટે અમે ઈબાદત ન કરીએ ? આપે ફરમાવ્યું કે તેનો મતલબ તો એ છે કે તમારા ગુમાનમાં પણ નહીં હોય ત્યાંથી અલ્લાહ રોજી પહોંચાડશે માટે પોતાના કામમાં ખુદા ઉપર ભરોસો કરો અને દરેક ચીજ વધઘટ થતી રહે છે. અલ્લાહ ઉપર ભરોસો કરનારની ત્રણ નિશાનીઓ છે. (૧) તે કોઈ પાસે સવાલ ન કરે. (૨) તેની પાસે કોઈ સવાલ કરે તો તેને રદ ન કરે. (૩) તેની પાસે કંઈ હોય તો તેને ભેગું ન કરે. (ક્રમશઃ)



**અહેસાનઅલી અબ્બાસભાઈ**

**મોમિન (સેવાણી-હૈદરાબાદ)**

B.Tech. Ele. & Tele.com.

**૭૨.૪૬%**

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## Glad Tidings (આનંદના સમાચાર)

بلبلا مژدهٔ بهار بیار
خبرِ بد به بوم باز گذار

**બુલબુલા મઝદએ બહાર બયાર**
**ખબારે બદ બા બૂમ બાઝ ગુઝાર.**

(અય બુલબુલ ! વસંતઋતુના આગમનના આનંદદાયક સમાચાર લાવ અને ખરાબ (અશુભ) સમાચાર ઘૂવડને કહેવા માટે છોડી દે.)

## Gluttony (ખાઉધરાપણું)

اندرون از طعام خالی دار
تا در او نور معرفت بینی
تُهی از حکمتی به علّت آن
که پُری از طعام تا بینی

**અંદરૂન અઝ તાઆમ ખાલી દાર,**
**તા દર અવ નૂર માઅરેફત બીની**
**તુહી અઝ હિકમતી બો ઈલ્લત આં**
**કે પૂરી અઝ તાઆમ તા બીની**

(તમારા પેટને ખાલી રહેવા દો જેથી તમે તેમાં માઅરેફતનું નૂર જોઈ શકો. જ્યારે તમારું પેટ છેક નાક સુધી ખોરાકથી ભરેલું હોય તો તમે હિકમતથી વંચિત રહી જાઓ છો.)

چندان بخور کز دهانت برآید
چندان که از ضعف جانت درآید

**ન ચંદાન બખૂર કઝ દહાનત બરઆયદ**
**ન ચંદાન કે અઝ ઝોફ જાનત દર આયદ**

(તમે ગળા સુધી ભરાઈ જાય એટલું ઠાંસી ઠાંસીને ય ન ખાતા અને એટલું ઓછું પણ ન ખાતા કે અશક્તિને કારણે મરણ પામો.)

با آنکه در وجود طعام است عیش نفس
رنج آورد طعام که بیش از قَدَر بود
گر گلشکر خوری به تکلّف، زیان کند
ور نان خشک دیر خوری، گلشکر بود

**બા આંકહ દર વજૂદ તઆમ અસ્ત ઐશે નફસ**
**રંજ આવરદ તઆમ કે બૈશ અઝ કદર બૂદ**
**ગર ગુલશકર ખૂરી બે તકલ્લુફ, ઝિયાન કુન્દ**
**વર નાનો ખુશ્ક ખૂરી, ગુલશકર બૂદ**

(જો કે ખોરાક ખાવો એ જીવનનો એક લ્હાવો છે તેમ છતાં તે વધારે પ્રમાણમાં ખાવામાં આવે તો તમને નુકસાન કરશે. જો તમે પૂરતા ભૂખ્યા ન થયા હો તેમ છતાં જો તમે ગુલકંદ ખાશો તો તે તમને નુકસાન પહોંચાડશે અને જો તમે કાળજીપૂર્વક સૂકાઈ ગયેલા રોટલાને ખાશો તો તે ગુલકંદ જેટલો જ સ્વાદિષ્ટ લાગશે.)

چو کم خوردن طبیعت شد کسی را
چو سختی پیشش آید، سهل گیرد
وگر تن پرور است اندر فراخی
چو تنگی بیند از سختی بمیرد

**ચૂ કમ ખુર્દન તબીઅત શુદ કસી રા**
**ચૂ સખ્તી પેશશ આયદ સહલ ગૈરદ**
**વગર તન પરૂર અસ્ત અંદર ફરાખી**
**ચૂ તંગી બૈનદ અઝ સખ્તી બમીરદ**

(જો કોઈ માણસ પોતે જ ઓછું ખાવાની ટેવ પાડે તો તે ભૂખને ખૂબ જ સહેલાઈથી સહન કરી શકશે એ વખતે કે જ્યારે તેણે તંગદસ્તીનો સામનો કરવો પડે. પરંતુ જો તે સુખના દિવસોમાં ભોગ વિલાસમાં રાચે તો અછતની પરિસ્થિતિમાં તે મરી જ જવાનો.)

خوردن برای زیستن و ذکر کردن است
تو معتقد که زیستن از بهر خوردن است
**ખુર્દન બરાઈ ઝિસ્તન વ ઝિક્ર કર્દન અસ્ત**
**તૂ મોઅતકદ કે ઝિસ્તન અઝ બહરે ખુર્દન અસ્ત**

(જીવન ટકાવી રાખવા માટે અને અલ્લાહની ઈબાદત માટે ખોરાક ખાવામાં આવે છે જ્યારે તું તો એવું માને છે કે માણસ ખાવા માટે જ જીવે છે.)

تنور شکم دم به دم تافتن
مصیبت بود روز نایافتن
**તન્નૂરે શિકમ દમ બા દમ તાફતન**
**મુસીબત બૂદ રોઝ નાયાફતન**

(પેટ રૂપી ભઠ્ઠીને વારંવાર ખવરાવ્યે જ જવાને કારણે (ખોરાકની) અછતના દિવસે વ્યથા ઉત્પન્ન થશે.)

شکم، بند دست است و زنجیر پای
شکم بنده، نادر پرستد خدای
**શિકમ બંદ દસ્ત અસ્ત વ ઝંજીર પાઈ**
**શિકમ બંદા નાદર પરસ્તદ ખુદાઈ**

(માણસનું પેટ એક હાથકડી છે કે જે તેના હાથને બંધક બનાવી દે છે અને તે એક એવી સાંકળ (બેડી) છે કે જે તેના પગને જકડી રાખે છે. જે માણસ પોતાના પેટનો ગુલામ (ખાઉધરો) હોય તે ભાગ્યે જ અલ્લાહની ઈબાદત કરતો હોય છે.)

اسیر بند شکم را دو شب نگیرد خواب
شبی ز معدهٔ سنگی، شبی ز دلتنگی
**અસીરે બંદ શિકમ રા દો શબ ન ગૈરદ ખ્વાબ**
**શબી ઝ માઅદએ શબી ઝ દિલતંગી**

(જે માણસ પાતાના પેટનો ગુલામ હોય તે બે રાત સુધી ઊંઘી શકતો નથી, એક રાત્રે કે જ્યારે તેનું પેટ ભરચક ભરેલું હોય છે (ત્યારે તેને ઊંઘ આવતી નથી) અને બીજી રાત્રે કે જ્યારે તે પેટ ભરવાની ચિંતામાં હોય છે. (ત્યારે ઊંઘી શકતો નથી.)) *

## General Knowledge Corner

109

સંકલન : મો.ઈસ્માઈલહુસૈન જી. ડોડીયા(ઝહીરાબાદ-કાટવાડ)

**(૧) ભારતમાં પ્રખ્યાત મુસ્લિમ યુનિવર્સિટી ક્યાં આવેલી છે ?**
**(A)** અમૃતસર **(B)** અલીગઢ
**(C)** ઉદયપુર **(D)** કાનપુર

**(૨) નીચેનામાં ગ્રીસના મહાન તત્વચિંતક અને લેખક કોણ છે ?**
**(A)** હિટલર **(B)** લેનિન
**(C)** સોક્રેટિસ **(D)** કૉન્ફયુશિયસ

**(૩) ક્રિકેટની રમતમાં નો બોલમાં બેટ્સમેન કઈ રીતે આઉટ થઈ શકે ?**
**(A)** કેચ આઉટ **(B)** રન આઉટ
**(C)** સ્ટમ્પિંગ **(D)** હિટ વિકેટ

**(૪) કમ્પ્યૂટરનાં જોઈ શકાતાં અને સ્પર્શ કરી શકાય તેવાં સાધનોને શું કહે છે ?**
**(A)** ઈનપુટ **(B)** સૉફ્ટવેર
**(C)** પ્રોગ્રામ **(D)** હાર્ડવેર

**(૫) પ્રાણીઓના ભૌતિક શરીરનો અભ્યાસ કરતું વિજ્ઞાન એટલે ?**
**(A)** બાયોલૉજી **(B)** એનેટોમી
**(C)** પેથોલૉજી **(D)** સાયકોલૉજી

**(૬) નીચેનામાંથી કયો રોગ શ્વસનતંત્રને લગતો છે ?**
**(A)** મોતિયો **(B)** કમળો
**(C)** પોલિયો **(D)** અસ્થમા

**(૭) ૧ ઈંચ બરાબર કેટલા સેન્ટિમીટર થાય ?**
**(A)** ૨.૨૪ સે.મી. **(B)** ૨.૩૪ સે.મી.
**(C)** ૨.૪૪ સે.મી. **(D)** ૨.૫૪ સે.મી.

**(૮) વસ્તીની દૃષ્ટિએ સૌથી મોટો દેશ કયો છે?**
**(A)** ભારત **(B)** જાપાન
**(C)** ચીન **(D)** રશિયા

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જંગે સિફ્ફીનમાં જનાબે અમીર(અ.)ની શુજાઅત

(ગતાંકનું ચાલુ)

અબુ મૂસા ગંભીર પ્રકૃતિના માણસ હતા. આગળ વધીને ખુદાની સિફ્તો અને વખાણ કર્યા પછી વર્ણન કરવા લાગ્યા, અય લોકો ! અમે આ બાબતમાં ખૂબ ઊંડો વિચાર કર્યો છે કે કોઈ અંગત બાબતથી ઉમ્મતનું કામ વ્યવસ્થિત નથી થતું અને તેની ગંદકી કોઈ અંગત બાબતથી દૂર થતી નથી. મારું અને ઈબ્ને આસનું મંતવ્ય આ બાબત પર એવું છે કે અમે અલી(અ.) અને મોઆવિયાને ખિલાફતથી અલગ કરીને આ કામ ઉમ્મતને સોંપી દઈએ. ઉમ્મત જેને ઈચ્છે તેને અપનાવી લે અર્થાત અલી(અ.) અને મોઆવિયા બન્નેને અળગા કરી દીધા છે. તમે બધા જેને ઈચ્છો અપનાવી લો. આટલું કહીને અબુ મૂસા પાછળ ખસી ગયા.

ઉમરૂ બિન આસે આગળ વધીને કહ્યું, અય લોકો ! અબુ મૂસાએ પોતાના દોસ્ત અલીને ખિલાફતથી અળગા કરી દીધા છે અને જે કંઈ કહ્યું છે તે તમે સાંભળ્યું છે. મેં પણ તેમના દોસ્તને અળગા કરી દીધા છે અને મારા દોસ્ત મોઆવિયાને કાયમ રાખું છું કેમકે તે હઝરત ઉસ્માનનો વલી છે અને તેમના ખૂનનો બદલો લેવા ઈચ્છુક છે અને સઘળા લોકોની બાબતમાં તેમના હોદ્દાનો વધારે પ્રમાણમાં હકદાર છે. આટલું કહીને તે ત્યાંથી અલગ થઈ ગયો.

અબુ મૂસાએ કહ્યું, અય ઈબ્ને આસ ! તને શું થઈ ગયું ? ખુદા તને દોસ્ત ન ગણે. તેં ખૂબ જ મોટી બેવફાઈ કરી છે અને દગો કર્યો છે. તું બિલકુલ એવા કૂતરા જેવો છે કે જેનું વર્ણન ખુદા પાકે પોતાની કલામે પાકમાં કર્યું છે. ઈબ્ને આસે અબુ મૂસાને કહ્યું, તારું ઉદાહરણ ગધેડા જેવું છે કે જેના ઉપર ઘણી બધી કિતાબો લાદેલી હોય. સાઅદ બિન અબી વક્કાસે કહ્યું, અય અબુ મૂસા ! ઉમરૂ બિન આસે તને પોતાના ફરેબથી કેવો નિર્બળ બનાવી દીધો છે! અબુ મૂસા કહેવા લાગ્યો, હું શું કરું ? તેણે શરૂઆતમાં કેટલીક બાબતો પર મારી સાથે સહમતી સાધીને પછી મારી સાથેનો અહદ તોડી દીધો છે. ઈબ્ને અબ્બાસ કહેવા લાગ્યો, આ તારો ગુનો નથી પરંતુ એનો ગુનો છે કે જેણે આ સ્થાન ઉપર તને રજૂ કર્યો. અબ્દુર્રહેમાન બિન અબુબકર કહેવા લાગ્યા, અગર અશઅરી આજના દિવસ પહેલાં દુનિયામાંથી ગાયબ થઈ જાત તો તેના માટે વધારે સારું હતું. શરીહ કહ્યા કરતા હતા, હું કદી એ બાબત પર નથી પસ્તાયો કે મેં ઈબ્ને આસને કોરડા મારવાના બદલે તલવારથી કેમ ન માર્યો. વિદિત થાય કે લોકોએ અબુ મૂસાની શોધખોળ કરી પરંતુ ખબર પડી કે તે ઘોડા ઉપર સવાર થઈને મક્કા ચાલ્યો ગયો છે.

અબુ મૂસા કહ્યા કરતો હતો કે મને ઈબ્ને અબ્બાસે ઈબ્ને આસના ફરેબથી ડરાવ્યો હતો પરંતુ મેં ઈબ્ને આસની વાતો ઉપર વિશ્વાસ કરી લીધો અને મને એવું ગુમાન થઈ ગયું કે આ ગદ્દાર મુસલમાનોની મસ્લેહત અને ઉમ્મતની નસીહતમાં કોઈ રીતથી મારા વિપ્લવની અસર પ્રગટ નહીં કરે. દોમ્મતુલ જન્દલથી પાછા આવીને શામના લોકો ઉમરૂ બિન આસની સાથે મોઆવિયાની પાસે ગયા અને તેને અમીર હોવાની સલામ બજાવી લાવ્યા. મોઆવિયાએ લોકો વચ્ચે ઊભા થઈ જઈને બયાન કર્યું કે જે કોઈ અમારી ખિલાફતમાં બહાનુ કાઢતો હતો તેણે હવે અમારી પાસે આવીને માહિતી આપવી જોઈએ. ઈબ્ને ઉમર કહ્યા કરતા હતા કે આ વખતે મારા દિલમાં થયું કે હું તેને એવું કહું કે તારી

ખિલાફતમાં બીજો તો કોઈ નહીં પરંતુ એ જ લોકો બહાનાં કાઢે છે કે જેઓ ઈસ્લામ પર રહીને તારી સાથે અને તારા બાપ સાથે લડ્યા છે, પરંતુ મને ડર હતો કે આ વાતનું વર્ણન કરવાથી ક્યાંક મારી ગરદન ન ઉડી જાય.

### જંગે નહેરવાનમાં જનાબે અમીર(અ.)ની શુજાઅત

અલ્લામા યૂસુફ અલ કન્જી અલ શાફઈ(રહે.) કફયા બતહ અલ તાલિબમાં લખે છે કે જ્યારે જનાબે અમીર(અ.) સિફ્ફીનથી કુફા પાછા આવવા લાગ્યા તો રસ્તામાં હરૂરીયા આપનાથી વિરોધી બનીને લશ્કરથી અલગ થઈ ગયા અને તહકીમને બૂરૂં કહેવા લાગ્યા કે ખુદા સિવાય કોઈનો હુકમ માનવા યોગ્ય નથી અને ખુદાની નાફરમાનીની ઈતાઅત કરવી વાજિબ નથી. તેમના દ્વારા સૌથી પહેલી બાબત આ જાહેર થઈ. જે રસ્તા ઉપર તેઓ હતા તેનાથી ચલિત થઈ ગયા.

જ્યારે જનાબે અમીર(અ.) કુફાની નજીક પહોંચ્યા અને તે શહેરનાં મકાનો દેખાવા લાગ્યાં ત્યારે રસ્તામાં અબ્દુલ્લાહ બિન બદીઅતા અલ અન્સારી હઝરત અમીરને મળ્યા અને સલામ કરી. આપે તેમને પૂછ્યું, અમારી બાબતમાં લોકો શું કહે છે ? અબ્દુલ્લાહે અરજ કરી, કેટલાક આપના ચાહકો છે અને કેટલાક આપના હુકમને ખરાબ પણ સમજે છે. આપે ફરમાવ્યું, જે લોકો વિચારશીલ છે તેમનો અભિપ્રાય કેવો છે ? તેણે જવાબ આપ્યો કે તેમનો કોલ તો એવો છે કે જનાબે અમીરે એક જમાઅત એકઠી કરી લીધી હતી પરંતુ ફરી પાછી તેને વેરવિખેર કરી નાખી અને તેમણે પોતાના માટે એક મજબૂત કિલ્લો બનાવી લીધો હતો જેને હવે તેમણે નીચે પાડી નાખ્યો. હવે પડી ગયેલો કિલ્લો કેવી રીતે બનશે અને વેરવિખેર થઈ ગયેલી જમાઅત હવે ક્યારે એકત્ર થઈ શકશે ? અગર હઝરત અમીરે ઈતાઅત કરનારાઓની સાથે કાર્યવાહી કરી હોત તો માણસ કે જે નાફરમાન થયો હતો તે ભલે થતો, હોંશિયારીની વાત તો એ હતી કે દુશ્મનો સાથે જંગ કરતા રહેત અથવા વિજય પ્રાપ્ત થાત કે શહીદ થઈ જાત. (ક્રમશઃ)

## સૂરએ ફાતિહા અને સૂરએ મુઅવ્વિઝતૈન વચ્ચેનો સંબંધ

સંકલન : ગુલામહુસૈન પટેલ (તંત્રી, ભૂતપૂર્વ 'જ્ઞાનોદય' માસિક, બાદરપુર)

દિવ્ય કુરઆન જે માનવજાતિ માટે અલ્લાહનો સંદેશ(A message from the creator to mankind)માં કુલ ૧૧૪ સૂરાઓ છે જેમાં પ્રથમ સૂરો : સૂરએ ફાતિહા અને અંતિમ સૂરો ૧૧૩-૧૧૪ સૂરએ મુઅવ્વિઝતૈન (સૂરએ ફલક અને સૂરએ નાસ) તરીકે ઓળખાય છે. તે કુરઆનના આરંભ અને અંતનો સંબંધ ધરાવે છે. જો કે કુરઆન જે ક્રમમાં ઊતરતું ગયું તે ક્રમમાં સંપાદિત નથી થયું, પરંતુ ત્રેવીસ વર્ષના ગાળા દરમિયાન જુદી જુદી પરિસ્થિતિઓ, પ્રસંગો અને જરૂરિયાત અનુસાર ઊતરવાવાળી આયતો અને સૂરાઓને રસૂલિલ્લાહ (સ.)એ પોતાની જાતે નહીં, પરંતુ તેના ઊતારનાર અલ્લાહના આદેશ અનુસાર તે સ્વરૂપમાં સંપાદિત કર્યું જે સ્વરૂપમાં આજે આપણે તેને જોઈએ છીએ.

આ ક્રમ મુજબ કુરઆનનો આરંભ સૂરએ ફાતિહાથી થાય છે અને સમાપન મુઅવ્વિઝતૈન ઉપર થાય છે જેના પર દૃષ્ટિપાત કરતાં જણાય છે કે આરંભમાં બંદો અલ્લાહની, જે બધી જ દુનિયાનો રબ છે, કૃપાળુ અને દયાળુ છે અને ન્યાયના દિવસનો માલિક છે, પ્રશંસા કર્યા પછી અરજ કરે છે કે અમે તારી જ બંદગી કરીએ છીએ અને તારી જ સહાય માગીએ છીએ અને સૌથી મોટી સહાય કે જેની અમને જરૂર છે તે એ છે કે અમને સીધા માર્ગ પર કાયમ રાખ. ઉત્તરમાં અલ્લાહ તરફથી સીધા માર્ગ પર કાયમ રહેવા માટે તેને સંપૂર્ણ કુરઆન આપવામાં આવે છે અને તેનું સમાપન એ સાથે કરવામાં આવે છે કે બંદો અલ્લાહ પાસેથી, જે પરોઢનો રબ, મનુષ્યોનો રબ, મનુષ્યોનો માલિક અને મનુષ્યોનો ઉપાસ્ય છે, અરજ કરે છે કે અમે દરેક મખ્લૂકના દરેક બગાડ અને ઉપદ્રવથી બચવા માટે તારું જ શરણ માગીએ છીએ અને ખાસ કરીને મનુષ્યો અને જિન્નાતો, શેતાનોની શંકા-કુશંકાથી તારું જ શરણ માગીએ છીએ કારણ કે સીધા માર્ગના અનુસરણમાં તેઓ જ વધુ નડતરરૂપ બને છે. તે આરંભ સાથે આ સમાપન જે સંબંધ ધરાવે છે જે કોઈ દૃષ્ટિવાન વ્યક્તિથી અદ્રશ્ય નથી. (દિવ્ય કુરઆનના સૌજન્યથી)

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### ગુસ્સો

- ગુસ્સા માટેનો અરબી શબ્દ **'ગઝબ'** છે, જ્યારે ગુજરાતીમાં ગુસ્સો, ક્રોધ, કોપ, પ્રકોપ, વગેરે શબ્દો વપરાય છે.
- ગુસ્સો રૂહનો એક રોગ છે. ગુસ્સો ઘણી બધી સમસ્યાઓ ખડી કરે છે.
- ગુસ્સાની વ્યાખ્યા **'અત્યંત નફરત'** એવી કરવામાં આવી છે કે જેનો અર્થ કોઈના શબ્દો કે કાર્યો તરફ ખીજાઈ જવું, ખફા થવું, એવો થાય છે.
- જ્યારે માણસ ગુસ્સે થાય છે ત્યારે તે પોતાના મગજ ઉપરનો કાબૂ ગુમાવવાની અણી ઉપર આવી જાય છે. એ વખતે તે હિંસક બની શકે છે અને વસ્તુઓને ભાંગી નાખે છે પરંતુ પાછળથી તે પોતાના કાર્ય માટે દિલગીર બની જાય છે અને પસ્તાવો વ્યક્ત કરે છે.
- એટલા માટે તો જ્યારે આપણે ગુસ્સે થઈએ ત્યારે આપણે પોતાની જાત ઉપર કાબૂ રાખવો ખૂબ અગત્યની બાબત બની જાય છે કેમકે આપણે સુધારી ના શકાય તેવો વિનાશ કરી નાખીએ છીએ. જે સંબંધો વિકસાવવામાં વર્ષો થયાં હોય તે સંબંધોને આપણે થોડાક જ શબ્દોમાં અને થોડીક જ વારમાં છિન્ન ભિન્ન કરી નાખીએ છીએ.
- પયગમ્બરે અકરમ(સ.)એ ફરમાવ્યું છે :
  **'શું તમે માનો છો ખરા કે કોઈ (વજનદાર) પથ્થર ઊંચકવામાં જે પ્રચંડ શક્તિ વપરાય છે હકીકતમાં એટલી જ શક્તિ માણસ જ્યારે ગુસ્સે થયેલ હોય ત્યારે પોતાની જાતને અંકુશમાં રાખવામાં વાપરે છે ?'**
- ઉપરોક્ત બાબત બતાવે છે કે ગુસ્સાની અવસ્થામાં પોતાની જાત ઉપર કાબૂ રાખવો કેટલું બધું મુશ્કેલ કાર્ય છે.
- ગુસ્સો ખૂબ ભયંકર બાબત પણ છે. ઘણા લોકો ગુસ્સે થાય છે ત્યારે તેઓ પોતાનાં દિમાગ ગુમાવે છે અને લડવા મંડી પડે છે અને બૂમ બરાડા પાડવા માંડે છે. તેઓ કોઈ પણ કારણ વગર હિંસક પણ બની જાય છે. પાછળથી જ્યારે તેમનો ગુસ્સો ઠંડો પડે છે ત્યારે તેમને ભાન થાય છે કે તેમણે ગુસ્સામાં મોઢામાંથી જે કંઈ ઓકી નાખ્યું એનાથી તો તેમણે પોતાનું નામ જ બદનામ કર્યું છે અને લોકોનો પોતાના પ્રત્યેનો જે અભિપ્રાય હોય છે તેને પણ બગાડી નાખ્યો છે. કહેવત છે કે મોઢામાંથી નીકળેલ વેણ અને કમાનમાંથી નીકળેલ તીર કદી પાછાં આવી શકતાં નથી.
- એટલા માટે તો હઝરત અલી મુર્તઝા(અ.)એ ફરમાવ્યું છે :

**'ગુસ્સો આગથી પ્રજ્વલિત થાય છે; જે માણસ તેને (ગુસ્સાને) અંકુશમાં રાખે છે તે તેને હોલવી નાખે છે પરંતુ જે માણસ તેને (ગુસ્સાને) છૂટો દોર આપે છે તે જ પ્રથમ માણસ હોય છે કે જેને તે ભરખી જાય છે.'**

- ઈમામ જાફર સાદિક(અ.)થી મનકુલ છે,
  - **'ક્રોધ શાણા માણસના દિલને મારી નાખે છે.'**
  - **'ક્રોધ પ્રત્યેક બદીની ચાવી છે.'**

  ઉપરોક્ત બાબત બતાવે છે કે માણસ પોતાના ગુસ્સાને નિયંત્રણમાં રાખી શકતો નથી તે જ પ્રથમ માણસ હોય છે કે જે ગુસ્સામાં બોલેલા પોતાના શબ્દોનો કે કૃત્યોનો ભોગ બને છે.

આ બાબત સ્પષ્ટપણે બતાવે છે કે ગુસ્સે થવામાં કોઈ પણ જાતનો લાભ નથી. જે માણસ ગુસ્સે થાય છે તે પોતાની શક્તિનો વ્યય કરે છે અને સાથે સાથે અંતે તો તેણે જ ગુમાવવાનું હોય છે.

- ગુસ્સો આગમાંથી બનેલો હોય છે. દિલની અંદરથી અચાનક એક ભડકો નીકળે છે અને તેનો ધુમાડો છેક મગજમાં પહોંચે છે અને તે શરીરની બધી જ

શક્તિઓને તેમજ બુધ્ધિને પણ નુકસાન પહોંચાડે છે.

- માણસ ગુસ્સે થઈ જાય છે ત્યારે તેના ચહેરાનો રંગ લાલ થઈ જાય છે અને શરીરનાં અંગો અસ્થિર થઈ જાય છે. આ બાબત જ એ વાતની સાક્ષી પૂરે છે કે ગુસ્સો આગથી બનેલો છે. યાદ રહે શયતાન પણ આગમાંથી બનેલો છે.
- આગનો સદુપયોગ કરવામાં આવે તો લાભ થાય, જેમકે આગનો ખોરાક રાંધવામાં ઉપયોગ કરીએ તો લાભ થાય છે. એવી જ રીતે ગુસ્સાને પણ લાભના કાર્યમાં વાપરવો જોઈએ.
- આગનો દુરૂપયોગ કરવામાં આવે તો ભયંકર નુકસાન થાય. આગ ગામોનાં ગામ બાળી નાખે છે. માટે ગુસ્સાની આગને ખોટે રસ્તે વાપરવાથી માત્ર વ્યક્તિને જ નહીં પરંતુ તેમના કુટુંબને, ગામને અને સમાજને પણ નુકસાન થઈ શકે છે.
- ગુસ્સાની હાલતમાં માણસ પોતાની જાત ઉપરનો કાબૂ ગુમાવી દે છે તેથી તેના શરીરને પણ નુકસાન થાય છે. ગુસ્સો કરનારની ઉંમર ટૂંકી થઈ જાય છે. માણસ ગુસ્સે થાય ત્યારે તેના શરીરના અવયવો ધ્રુજે છે. ગુસ્સામાં તે ન કરવાનાં કામ કરે છે. પોતાના વાળ ખેંચે છે, કપડાં ફાડી નાખે છે. તોડ ફોડ કરે છે. ટૂંકમાં કોઈ મૂરખ માણસ જેવું વર્તન કરે તેવું વર્તન ગુસ્સો કરનાર કરે છે. આ બાબત તેને શારીરિક અને માનસિક બન્ને રીતે નુકસાન કરે છે.
- ગુસ્સો કરનાર માણસથી લોકો છેટે ભાગે છે અને તેથી જ તો ગુસ્સે થનાર માણસોના મિત્રો અને મદદગારો ખૂબ ઓછા હોય છે.

**ગુસ્સો ઉત્પન્ન થવાનાં કારણો :**

- ગુસ્સો ઉત્પન્ન થવા માટે ઘણાં બધાં કારણો હોઈ શકે છે.
- ગુસ્સો ઉત્પન્ન થવાનું એક કારણ મગરૂરી હોય છે. ઘમંડી માણસ પોતાના સ્વમાન ઉપર પ્રહાર થતાં ગુસ્સે થઈ જાય છે.
- કોઈ વખત કોઈ માણસની મશ્કરી કરવામાં આવે તો તે માણસ છંછેડાઈ જઈને ગુસ્સે થતો હોય છે.
- કોઈ વખત માણસ પોતાની નિંદા થતી સાંભળી જાય તો નિંદા કરનાર માણસ કે માણસો ઉપર ગુસ્સે થઈ જતો હોય છે.
- કેટલીક વખત ગુસ્સો પીવામાં શયતાન બહેકાવતો હોય છે અને તેના મનમાં એવા વિચારો ઉત્પન્ન કરતો હોય છે કે જોજે, ચૂપ રહીશ તો તારી નબળાઈ અને હલકાઈ જાહેર થઈ જશે અને માણસોની નજરોમાં તું તુચ્છ ગણાઈશ. આવા વિચારોથી માણસ ગુસ્સે ના થવું હોય તો પણ ગુસ્સે થઈ જાય છે.
- કેટલીક વખત કોઈ અણગમતો બનાવ બન્યો ન હોય પરંતુ તેવો પ્રસંગ ઉપસ્થિત થવાની શંકાના કારણે માણસ ક્રોધે ભરાય છે. શંકા વાસ્તવિક સ્વરૂપ ધારણ ન કરે તે માટે ક્રોધિત થઈ જાય છે.
- માણસનું જ્યારે અપમાન થાય અથવા તે માનભંગ થાય છે ત્યારે તે ગુસ્સે થઈ જાય છે. સામેની વ્યક્તિને મારે છે અથવા તેના પર ગુસ્સે થાય છે.

**ગુસ્સો શાના લીધે ઉત્પન્ન થાય છે ? :**

- ગુસ્સો ઉત્પન્ન થવાની પરિસ્થિતિઓ અને સંજોગો જુદા જુદા હોય છે તેમનાં મુખ્ય ઉદાહરણો અભિમાન અને જીદ્દી વલણ છે.
- જો આપણે ખોટા હોઈએ અને કોઈક આપણને તે અંગે જણાવે તો આપણે કાં તો તેનો સ્વીકાર કરી લઈએ છીએ કે કાં તો આપણે અભિમાની બની જઈએ છીએ અને આપણે સાચા જ છીએ એવો આગ્રહ રાખીએ છીએ. આ ગુસ્સાને પ્રેરિત કરે

★★★ **તુઝકો દેખા તો સૈર ચશ્મ હુએ,**
**તુઝકો ચાહા તો ઔર ચાહ ન કી.** - ફૈઝ અહમદ 'ફૈઝ' ★★★

(તને જોઈને જ આંખો તૃપ્ત થઈ ગઈ. તારી ચાહના
કરી તો પછી તો બીજા કોઈની ય ચાહના ન કરી.)

છે કારણ કે આપણે ખોટા છીએ તે બાબત કબૂલ કરવા આપણે માગતા નથી.

- આ પ્રકારનો ગુસ્સો એટલો બધો ખરાબ હોય છે કે તે આપણાં બાકીનાં કાર્યોને પણ બરબાદ કરી નાખે છે.
- ઈમામ અલી(અ.)એ ફરમાવ્યું છે :

**'જેવી રીતે સિરકો(vinegar) મધને ખરાબ કરી નાખે છે એવી જ રીતે બદમિજાઝ વ્યક્તિનાં સારાં કાર્યોને બરબાદ કરી નાખે છે.'**

- જો આપણે સિરકાનું એક ટીપું મધની અંદર નાખીએ તો બધું મધ બગડી જાય છે. બસ એવી જ રીતે જેવા આપણે ગુસ્સે થઈએ છીએ કે તરત જ આપણે આપણા વર્તનને લીધે આપણાં સારાં કાર્યોને પણ બગાડી નાખીએ છીએ.
- **'તમારામાં સૌથી તાકતવર એ છે કે જ્યારે તે ગુસ્સે થાય છે ત્યારે પોતાની જાતને અંકુશમાં રાખે છે અને તમારામાં સૌથી વધારે હલીમ (નમ્ર) એ છે કે જ્યારે તે દુશ્મન ઉપર વિજય મેળવ્યા પછી તેને માફ કરી દે છે.'**
- આ બાબત બતાવે છે કે આપણને ગુસ્સે થવાનો અધિકાર હોવા છતાં પણ આપણે તે માણસને માફ કરી દેવો જોઈએ ભલે ને તે આપણા ગુસ્સાને પાત્ર હોય અને અલ્લાહ આપણને આ બાબતની યાદ અપાવે છે કેમકે આપણે એવાં તો ઘણાં કાર્યો કર્યાં હોય છે કે જેનાથી અલ્લાહ રાજી થયો ન હોય.

**'સર્વશક્તિમાન અલ્લાહે ફરમાવ્યું, અય આદમના પુત્ર ! જ્યારે તું ગુસ્સામાં હોય ત્યારે મને યાદ કર જેથી હું પણ તને યાદ કરું જ્યારે કે તું મારા ગઝબને પાત્ર હોય અને તને બરબાદ ન કરું.'**

- જ્યારે આપણે ગુસ્સામાં હોઈએ ત્યારે જો અલ્લાહને યાદ કરીશું અને આપણા દુશ્મનોને માફ કરી દઈશું તો તે પણ કયામતના દિવસે આપણને યાદ કરશે અને ઈન્શાઅલ્લાહ આપણને માફ કરી દેશે. (ક્રમશઃ)

## નુસ્ખા

**ખીલ**

- ✻ મૂળાના પાનનો રસ ચોપડવાથી અઠવાડિયામાં ખીલ મટે છે.
- ✻ જાંબુના ઠળિયાને પાણીમાં ઘસીને ખીલ પર લગાડવાથી ખીલ મટે છે.
- ✻ દૂધની મલાઈ સાથે મીંઢળ ઘસીને ખીલ પર લગાડવાથી ખીલ મટે છે.
- ✻ જાયફળને દૂધની મલાઈમાં ઘસીને ખીલ પર લગાડવાથી ખીલ મટે છે.
- ✻ નારંગીની છાલ ઘસવાથી ખીલ મટે છે.
- ✻ લીલા નાળીયેરનું પાણી રોજ પીવાથી અને થોડાક પાણીમાં મોં ધોવાથી ખીલ મટે છે.
- ✻ છાશ વડે મોં ધોવાથી ખીલના ડાઘા, મોં પરની કાળાશ દૂર થાય છે. (ક્રમશઃ)

## ટચૂકડી વાત

**ઈબ્લીસ(શયતાન) પાંચ કારણોને લીધે લાઅનતી અને બદબખ્ત બન્યો -**


(૧) તેણે પોતાના ગુનાઓનો સ્વીકાર કર્યો નહીં.
(૨) તેણે પોતાના ગુનાઓ ઉપર પસ્તાવો કર્યો નહીં.
(૩) તેણે પોતાની જાતને ઠપકો આપ્યો નહીં.
(૪) તેણે તૌબા કરવાનો ઈરાદો કર્યો નહીં.
(૫) તે ખુદાની રહેમતથી માયૂસ(નિરાશ) થઈ ગયો.

**જ્યારે હઝરત આદમ(અ.) પાંચ બાબતોને કારણે સફળ થયા -**


(૧) પોતાના તર્કે ઊલાનો એકરાર કર્યો.
(૨) પોતે શરમાયા-નદામત જાહેર કરી.
(૩) પોતાની મલામત કરી, પોતાને ઠપકો આપ્યો.
(૪) તેમણે ખુદાની રહેમતની ઉમેદ રાખી.
(૫) તેમણે તૌબા કરવામાં ઉતાવળ કરી.

# આપણા ઘરની વાતો


● **ઈન્નાલિલ્લાહે :**




મેતા નિવાસી **મર્હૂમ મો.શરીફભાઈ ઈબ્રાહીમભાઈ મહેસાણીયા** મુ.તા.૧૯, રમઝાન-૧૪૩૧, તા.૩૦-૮-૨૦૧૦ને સોમવારના રોજ ૮૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.---➔



←--- વેળાવાપુરા નિવાસી **મર્હૂમ મો.મોહંમદભાઈ હબીબભાઈ મુખી(ખોરજીયા)** મુ.તા.૪, રમઝાન-૧૪૩૧, તા.૧૫-૮-૨૦૧૦ને રવિવારના રોજ ૫૨ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અલ્લાહ તઆલાની પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નિખાલસ, પાંચ ટાઈમના નમાઝી, આશિકે મોહંમદ વ આલે મોહંમદ તેમજ રોઝેદાર હતા. મર્હૂમ રોઝાની હાલતમાં જ અલ્લાહની રહેમતે પહોંચ્યા છે.



મોલીપુર નિવાસી **મર્હૂમ મો.રસુલભાઈ ઈસુબભાઈ સુથાર** મુ.તા.૧૯, શાબાન-૧૪૩૧, તા.૧-૮-૨૦૧૦ને રવિવારના રોજ ૮૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ તથા પીરો મુરશિદ સાથે મોહબ્બત ધરાવતા હતા.---➔



←---ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમ મો.ગુલામહૈદર ઈબ્રાહીમભાઈ મોમિન(પારસાવાળા)** મુ.તા.૨૮, શાબાન-૧૪૩૧, તા.૧૦-૮-૨૦૧૦ને મંગળવારના રોજ ૫૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.



સુરપુર નિવાસી **મર્હૂમ મો.વજીરભાઈ જેથરાભાઈ ખણુશીયા** મુ.તા.૪, શવ્વાલ-૧૪૩૧, તા.૧૩-૯-૨૦૧૦ને સોમવારના રોજ ૯૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ અને પીરાને તરીકતના ચાહક તથા આશિકે હુસૈન હતા. મર્હૂમ સ્વભાવે લાગણીશીલ અને સેવાભાવી હતા. ---➔

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

**ટહુકો** 'જાફરી આવાઝ'(માસિક)નો ત્રીસમા વર્ષમાં પ્રવેશ એ તેની સફળતાની નિશાની છે. લેખકો ધન્યવાદને પાત્ર છે. નેક બાબતો પર અમલીકરણ જરૂરી છે. આપણા હાજરપીરના વાલિદે બુઝુર્ગવાર નિવૃત્ત જીવનમાં પણ જાફરી આવાઝ દ્વારા હિદાયત કરી રહ્યા છે. અલ્લાહ તેમને તંદુરસ્તી અને દીર્ઘાયુ અર્પે એવી દુઆ.

-ખણુશીયા ફિઝઝાબાનુ શબ્બીરઅલી(હરીપુરા)



**હસનઅબ્બાસ ગુલામભાઈ મોમિન (પેટલાદ)**
**૫૨.૧૨% C.A.**



**આબિદહુસૈન ગુલામમહંમદ અસામદી (મેતા-અંકલેશ્વર)**
**B.E. (Ele. & Tele.commu.)**
**૮૦.૧૪ %**

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૧૦૦/- મો.હાજીયાણી ફાતમાબેન નુરમહંમદ(કઠોર)તરફથી જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ(કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.શરીફભાઈ ઈબ્રાહીમભાઈ મહેસાણીયા(મેતા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.મહંમદહસન હબીબભાઈ શેલીયા

રૂા.૧૦૦/- મો.રહીમભાઈ હબીબભાઈ શેલીયા
રૂા.૫૦/- મો.હલીબેન હબીબ શેલીયા
રૂા.૫૦/- મો.કુલસુમબેન મહંમદહસન શેલીયા
રૂા.૫૦/- મો.ઝયનબબેન રહીમભાઈ શેલીયા
રૂા.૫૦/- મો.નજરઅલી રહીમભાઈ શેલીયા
રૂા.૫૦/- મો.હૈદરઅલી મહંમદહસન શેલીયા
રૂા.૫૦/- મો.હસનઅબ્બાસ રહીમભાઈ શેલીયા
રૂા.૨૫/- મો.ઝાહેદાબેન નજરઅલી શેલીયા
રૂા.૨૫/- મો.મન્સુરાબેન હૈદરઅલી શેલીયા
રૂા.૨૫/- મો.સાકેરાબેન હસનઅબ્બાસ શેલીયા
રૂા.૨૫/- મો.નજમાબેન મહંમદહુસૈન અસામદી
રૂા.૨૫/- મો.આબેદાબેન મહંમદઅલી અસામદી
રૂા.૨૫/- મો.સાજેદાબેન હસનઅબ્બાસ અસામદી
રૂા.૨૫/- મો.સાજીદહુસૈન નજરઅલી શેલીયા

રૂા.૧૧૦/- મો.મર્હૂમ મોહંમદભાઈ હબીબભાઈ મુખી(વેળાવાપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી.

**મર્હૂમ મો.રસુલભાઈ ઈસુબભાઈ સુથાર (મોલીપુર)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.મુસ્તાકઅલી રસુલભાઈ સુથાર
રૂા.૫૧/- મો.સકીનાબેન મુસ્તાકઅલી સુથાર
રૂા.૫૧/- મો.આબિદઅલી મુસ્તાકઅલી સુથાર
રૂા.૫૧/- મો.નજમાબાનુ આબિદઅલી સુથાર
રૂા.૧૦૧/- મો.મુરાદઅલી રસુલભાઈ સુથાર
રૂા.૫૧/- મો.કુલસુમબેન મુરાદઅલી સુથાર
રૂા.૫૧/- મો.અહેસાનઅલી મુરાદઅલી સુથાર
રૂા.૫૧/- મો.સાજેદાબાનુ અહેસાનઅલી સુથાર
રૂા.૧૦૧/- મો.ઈમદાદઅલી રસુલભાઈ સુથાર
રૂા.૫૧/- મો.હુસૈનાબેન ઈમદાદઅલી સુથાર
રૂા.૨૫/- મો.કુલસુમફાતેમા ઈમદાદઅલી સુથાર
રૂા.૧૦/- મો.મુખ્તારઅલી ઈમદાદઅલી સુથાર
રૂા.૧૦/- મો.ઈકરામઅલી ઈમદાદઅલી સુથાર
રૂા.૫૧/- મો.ઈસ્માઈલભાઈ રસુલભાઈ આસુદ
રૂા.૫૧/- મો.કુલસુમબેન ઈસ્માઈલભાઈ આસુદ
રૂા.૫૧/- મો.હુસૈનાબેન અસગરઅલી સુથાર
રૂા.૫૧/- મો.ફાતેમાબેન ફકીરમહંમદ સુથાર
રૂા.૨૫/- મો.રહીમભાઈ કરીમદભાઈ સુથાર
રૂા.૨૫/- મો.સકીનાબેન રહીમભાઈ સુથાર
રૂા.૨૫/- મો.આબિદઅલી રહીમભાઈ સુથાર
રૂા.૨૫/- મો.રાશેદાબાનુ આબિદઅલી સુથાર
રૂા.૨૫/- મો.ઝયનબબેન મંજૂરઅલી સુથાર
રૂા.૨૫/- મો.સાકેરાબાનુ નજરમહંમદ સુથાર
રૂા.૨૫/- મો.કનીઝફાતેમા અબ્બાસઅલી સુથાર

રૂા.૨૦૦/- મો.મર્હૂમ ગુલામહૈદર ઈબ્રાહીમભાઈ મોમિન(પારસાવાળા)ની રૂહના સવાબ અર્થે.

**રૂા.૫૦૦/- મો.એહસાનઅલી અબ્બાસભાઈ મોમિન(સેવાણી-હૈદરાબાદ)તરફથી તેઓ ઈલેકટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરીંગમાં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.**

રૂા.૫૦/- મો.હૈદરઅલી સુલેમાનભાઈ ખણુશીયા (ઈલોલ તલાવ)તરફથી તેમની પુત્રી કનીઝફાતેમા **F.Y.B.Com.**માં પાસ થઈ તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૨/- મો.તાહેરાબાનુ મહંમદઅલી (શેખપુર) તરફથી તેઓ **P.T.C.**માં પાસ થયાં તેની ખુશાલી પ્રસંગે.

**રૂા.૫૦૦/- ડૉ.મો.મહંમદહુસૈન ગુલામમહંદ મોમિન(કાજી ટેકરા-ધોળકા)તરફથી મર્હૂમા ફાતેમાબેન ગુલામમહંમદ કોઠીવાલાની રૂહના સવાબ અર્થે.**

રૂા.૧૦૦/- મો.મદદઅલી નુરમોહંમદ મોમિન (સાથળ-ધોળકા)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.મંજૂરઅલી શરીફભાઈ જાવદી (બાદરપુર-ધોળકા)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.શૌકતઅલી કાસમભાઈ (કેસીમ્પા) તરફથી તેઓ **S.S.C.**માં ૮૧.૦૮% ગુણ મેળવી પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.આશિકઅલી શબ્બીરઅલી રામસડા (કેસીમ્પા)તરફથી તેઓ **H.S.C.**માં ૮૫.૧૪% ગુણ મેળવી પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.એહસાનઅલી શબ્બીરઅલી રામસડા (કેસીમ્પા)તરફથી તેઓ **H.S.C.**માં ૮૦.૧૪% ગુણ મેળવી પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મો.ગુલામહૈદર ઈબ્રાહીમભાઈ (પારસા-ઈલોલ)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.

રૂા.૩૬૦/- મો.મહેંદીહસન મુમતાઝહૈદર (કઠોર)તરફથી તેમણે માહે રમઝાનનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

**રૂા.૫૩૦/- બંદએ ખુદા(મેતા)તરફથી મર્હૂમ મહેદીહુસૈન ગુલામરસુલ સુણસરાની રૂહના સવાબ અર્થે.**

રૂા.૧૦૦/- મો.મદદઅલી હબીબભાઈ (વેળાવાપુરા)તરફથી તેમના પુત્રો તથા ભત્રીજાઓએ માહે રમઝાનના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.આબિદહુસૈન ગુલામમહંમદ અસામદી(મેતા-અંકલેશ્વર)તરફથી તેઓ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલીકોમ્યુનિકેશન ડિગ્રીમાં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૫/- મો.ગુલામહૈદર ફકીરભાઈ મુખી (પેટલાદ)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૧/- મો.મદદઅલી ગુલામહુસૈન ભગત (બાદરપુર)તરફથી તેમના પુત્ર હુસૈનમહંમદે નાની વયે રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.નજરઅલી ફિરોઝહુસૈન મોમિન (કઠોર)તરફથી 'જાફરી આવાઝ'(માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૫૧/- મો.શહેરબાનુ ફિરોઝહુસૈન મોમિન (કઠોર)તરફથી 'જાફરી આવાઝ'(માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૫૧/- મો.ઝહીરઅબ્બાસ ઈમ્તિયાઝઅલી મોમિન(કઠોર)તરફથી 'જાફરી આવાઝ'(માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૨૨/- મો.હસનઅલી નુરભાઈ મસુ (મહેરપુરા) તરફથી તેમની દીકરી નુસરતફાતેમાએ માહે રમઝાનનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.અકબરહુસૈન હુસૈનઅબ્બાસ મોમિન(સાથળ-સરખેજ)તરફથી તેમણે માહે રમઝાનનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.આબિદઅલી ઈબ્રાહીમભાઈ ભોવાણીયા(ઈલોલ પહાડીયા)તરફથી તેમણે માહે રમઝાનનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.સાદિકઅલી ઈમ્તિયાઝઅલી (દમણ)તરફથી તેમણે માહે રમઝાનનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.હુસૈનમોહંમદ મંજૂરઅલી મોમિન (દમણ)તરફથી તેમણે માહે રમઝાનનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.સાજીદઅલી શબ્બીરભાઈ મોમિન (દમણ)તરફથી તેમણે માહે રમઝાનનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.કુલસુમફાતેમા મંજૂરઅલી મોમિન (દમણ)તરફથી તેમણે માહે રમઝાનનો રોઝો રાખ્યો

તેની ખુશાલી પ્રસંગે.

**મોમિન ગુલામઅબ્બાસ મહંમદહુસૈન લકીવાળા (ભગલપુર-ધોળકા)તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૫૧/- મો.ગુલામઅબ્બાસ મહંમદહુસૈન મોમિન(ભગલપુર-ધોળકા)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ના ઉર્સ મુબારકની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો.સરવરહુસૈન મોહસિનઅલી મોમિને માહે રમઝાનનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

**મો.મહેંદીહસન મુમ્તાહૈદર(કઠોર)એ માહે રમઝાનના ત્રીસ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે મળેલ ડોનેશન.**

રૂા.૧૨૧/- મો.મુમ્તાઝહૈદર ઈસ્માઈલભાઈ
રૂા.૨૧/- મો.ઝયનબબાનુ મુમ્તાઝહૈદર
રૂા.૨૧/- મો.અસ્મતફાતેમા મુમ્તાઝહૈદર
રૂા.૨૧/- મો.કુલસુમફાતેમા મુમ્તાઝહૈદર
રૂા.૨૧/- મો.સાજેદાફાતેમા મુમ્તાઝહૈદર
રૂા.૧૦૦/- મો.ઈમ્તિયાઝઅલી ગુલામહુસૈન(નાના)

રૂા.૫૧/- મો.સાબેરાબેન ઈસ્માઈલભાઈ મોમિન (કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.


**રૂા.૧૨૦૦/- આશિકાને હક ટૂર હજ-ઝિયારત વર્ષ-૨૦૧૦-૧૧ના ઝવ્વાર ભાઈ-બહેનો તરફથી.**

રૂા.૫૦/- મો.ઈનામઅલી શબ્બીરઅલી વિજાપુરા(ઈલોલ તલાવ)તરફથી તેમણે માહે રમઝાનનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ગફુરઅલી રહીમભાઈ (બાદરપુર)તરફથી તેમની પુત્રી સાકેરાબેને માહે રમઝાનનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.અલીમહંમદ ધરખડ (બાદરપુર) તરફથી તેમની પુત્રી શીરીનફાતેમાએ માહે રમઝાનનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

**રૂા.૫૦૧/- મર્હૂમ મો.વજીરભાઈ જેથરાભાઈ ખણુશીયા(સુરપુર)ના પરિવારજનો તરફથી તેમની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

**ઝહીર ટૂર્સ**

**ખાસ મોહર્રમ માટેનો પ્રોગ્રામ**

**રવાનગી તારીખ : ૨-૧૨-૨૦૧૦**
**રીટર્ન તારીખ : ૧-૧-૨૦૧૧**

**તારીખ : ૩-૧૨-૨૦૧૦ થી ૮-૧૨-૨૦૧૦ સિરીયા**
**તારીખ : ૯-૧૨-૨૦૧૦ થી તા.૨૧-૧૨-૨૦૧૦ (ઈરાક-કરબલા, નજફ)**
**તારીખ : ૨૨-૧૨-૨૦૧૦ થી તા.૧-૧-૨૦૧૧ (ઈરાન)**

**અલ્લાહના ફઝલો કરમથી પીરો મુરશિદ અને મોહંમદ વ આલે મોહંમદની ભલી દુઆઓથી કેસીમ્પા નિવાસી હાજી માસૂમઅલી રસુલભાઈ નાગલપરા સતત ૧૧ વર્ષથી હજ-ઝિયારત અને ઉમ્રહ ઝિયારત ટૂરનું સફળતાપૂર્વક આયોજન કરેલ છે. જે મોમિન ભાઈ-બહેનને મોહર્રમ કરબલામાં કરવાની તમન્ના હોય તો તાત્કાલીક નીચેના ફોન નંબર્સ ઉપર સંપર્ક કરી નામ લખાવવા વિનંતી.**

**આ પ્રોગ્રામનો ટોટલ ખર્ચ અમદાવાદ ટુ અમદાવાદ રૂા.૬૦,૦૦૦/- નક્કી કરેલ છે.**

**:::::::::::::::::::::::::: સંપર્ક ::::::::::::::::::::::::::**

**હાજી માસૂમઅલી રસુલભાઈ નાગલપરા(કેસીમ્પા)** ફોન : (ઘર) ૦૨૭૬૧ ૨૨૩૦૬૩
મો.૯૪૨૭૬૮૩૯૩૦

**મોલ્વી અકબરઅલી મીયાંજીભાઈ સુણસરા(કારભારી)(ભાંગરોડીયા)** મો.૯૯૦૯૬૭૩૦૬૭

# Ali Muskilkusha

-----------------------------------------------------------------------------------------------------------------------------------

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

-----------------------------------------------------------------------------------------------------------------------------------

*When we observe life we understand that if there is one thing, there is always another thing to* ***overpower*** *that. For example if there is a hard cardboard which I want to cut with great precision, I would require a sharp-edged cutter to do that. If I try without the cutter, I may hurt my fingers and may not be able to cut the board* ***with precision****. So the cutter has the* ***ability*** *to cut the board perfectly. It can* ***overpower*** *hard cardboard.*

*There are many such examples in our day to day life which compel us to think in this direction. I was listening to a radio station recently, and in the programme the discussion was on* ***'safety tips'*** *in case of fire while working in a kitchen. The announcer advised the listeners to keep a bucket full of* ***sand*** *in the kitchen as a* ***safety measure*** *in case of accidental fire. During the emergency* ***it can be emptied on the fire*** *and fire will get* ***extinguished immediately****. The* ***sand*** *has the* ***ability*** *to* ***<u>overpower the menace of fire</u>****. Allah (SWT) has thus created a* ***solution*** *to every* ***problem.***

Now, when I generally ask someone about his life, most of the time I would get the answer that life is difficult and full of problems. So let us first find out why life is so difficult? What is the **reason** behind all **problems** and **hardships** which we face? And what is the solution available to all our problems?

In Quran, we are fortunate to have a best guide that can lead us to a better life. So I believe Quran can throw better light on the above issue. Hence, let us search Quran for the reason and May Allah (SWT) make our search successful.

Let us see the following Ayahs from *(Surah-e-Hijr, Ayah 39-43):*

*"Satan ne kaha Ae mere Parvardigar chunke Tu ne mujhe raaste se alag kiya main bhi unke liye duniya main (saazo saaman) ko umda kar dikhaoonga aur* ***un sabko zaroor behkaoonga*** *magar un main se tere nire khare* ***khaas bande ki wo mere behka ne main na aayenge****. "*

*"Khuda ne farmaya ke* ***yehi raah sidhi hai*** *ke mujh tak pahonchti hai. Jo mere* ***mukhlees bande*** *hai un per tujhe kissi tarah ki hukumat na hogi magar haan* ***gumraahon*** *main se jo teri pairvi kare usper tera zor chal jaaega aur haan ye bhi yaad rahe ke un sab ke waste aakhri wada buss Jahannum hai."*

Further in the Ayah from Surah-e-Airaf, Allah elaborates on Satan:

*"…Wo aur uska kunba zaroor tumhain iss tarah* ***dekhta rehta hai*** *tum unhain nahin dekhne paate. Hum ne shaitaan no ko unhi logo ka rafeeq qaraar diya hai jo* ***imaan nahin rakhe****…."– (Surah-e-Airaf, Ayah, 27)*

➔ It is clear that the moment we **get astray** and **start following satan** our **problems** start. And if satan has got such a power, how can we fight him? We might feel that how can Allah (SWT) expect us to fight someone who is **unseen?** How can we be saved from satanic menace?

Since Allah (SWT) has created a solution to every problem, He must have created the solution to fight satan as well. Again Quran will guide us to the right solution. So let us search the Quran further.

Let us focus on the following Quranic Ayahs for this:

- (In Surah-e-Taha Musa (A.S) prays to Allah (SWT*))*

  *"Aur mere kunbe walon main se* ***mere bhai Haroon*** *(A.S) ko* ***mera wazir bana de uske zariye se meri pusht mazboot kar de*** *aur mere kaam main usko* ***mera sharik*** *bana na hum dono milkar kasrat se Teri tasbih karein aur kasrat se teri yaad karein Tu to hamari halat dekh hi raha hai. Farmaya Ae Musa (a.s) tumhari sab darkhwastain manzoor ki gayee." – (Surah-e-Taha, Ayah 29-36)*

So Musa (A.S) prayed to Allah (SWT) to make Haroon (A.S) his **successor** and **help**. It was Allah's help which Musa (A.S) was seeking **vide his brother Haroon (A.S).** And Allah (SWT) granted all that which Musa (A.S) prayed for.

- (In Surah-e-Airaf, Ayah 142, Musa (A.S) instructs Haroon (A.S))

  *"Aur Musa (A.S) ne apne bhai Haroon (A.S) se kaha ke tum meri quam main **mere jaanashin** raho aur **unki islaah karna** aur fasaad karne walon ke tariqe per na chalna."*

- (In Surah-e-Maryam, Ayah 53, Allah (SWT) says this for Musa (A.S))

  *"Aur Hum ne unhain **apni khaas meharbaani** se unke bhai Haroon (A.S) ko **unka wazir** bana kar inaayat farmaya."*

It seems logical from above that It was not only Musa (A.S)'s wish but even Allah (SWT) wished that Haroon (A.S) be the successor of Musa (A.S). Haroon (A.S) was a **great help** to Musa (A.S) and he was **an appointed guide** for Musa (A.S)'s *quam* (community).

If we relate this with Islamic history we will find that in every holy war fought during the time of Rasool (SAW), Mawla Ali **remained steadfast and firm in the battle field**. Almost all the commentators who have mentioned wars like Badr, Ohad, Khandaq, Khyber and many more vouch for his commitment and faithfulness towards Rasool (SAW) and Islam.

And that is the reason Rasool (SAW) has said about Mawla Ali that:

- "Ali, you are to me as **Haroon (A.S) was to Musa (A.S)**

  (Ref: Jalalu'd-Din Suyuti in Ta'rikhu'l-Khulafa, page 65; Abu Abdullah Bukhari in his Sahih, Volume III, the Book of Ghazawa, Qazwa Tabuk, p. 54, and in his book Bida'u'l-Khalq, p. 180; Muslim bin Hajjaj in his Sahih, vol II, p 236-7, Sawa'iq Muhriqa, P-30,34 and more)

- "Ali is **your guide** and all of you are to come to me at the Hauz-e-Kausar… (Ref: Kanz-ul-Ummal Vol2, p. 350)

➔ So as Haroon (A.S) was a great help to Musa (A.S) so was Mawla Ali to Rasool (SAW). If Haroon (A.S) was the successor of Musa (A.S) appointed by him and Allah (SWT), Mawla Ali **was the successor of Rasool (SAW) appointed by him and Allah**. If Haroon (A.S) was a guide for Musa (A.S)'s quam Mawla Ali is **a guide for *Umah-e-Rasool (SAW).*** Hence call for **"Ya Ali Madad"** is **seeking refuge** under **a duly appointed guide** to safeguard ourselves from '**satanic misguidance'.**

Let us move further in Quran and see whether we can find more proof to above claim. For this purpose let us contemplate on the following Ayahs from Surah-e-Maida:

*"Ae Imaandaro tumhare **malik sarparast** to buss yehi hai **Khuda** aur uss ka **Rasool (SAW)** aur **wo momineen** jo pabandi se namaz adaa karte hai **aur haalat-e-ruku main zakat dete hai**…" – (Surah-e-Maida, Ayah 55)*

All the commentators and researchers are unanimous in their opinion that this refers to Mawla Ali when he gave his **ring to a beggar while bowing down in the 'ruku'**. (Ref: Imam Nasai in Saheeh-e-Nasai, Aljam'a Bain-ul-Sihah-ul-Sittah, Sa'labi)

So Allah (SWT) with this ayah **appoints Mawla Ali**, alongwith Himself and Rasool (SAW) as leader & guide to the Muslim world. Allah further says in the subsequent ayah…

*"Aur jisne Khuda aur Rasool (SAW) aur **unhi Imaadaro ko apna sarparast banaya to Khuda ke lashkar main aagaya** aur issme shak nahin ke **Khuda hi ka lashkar ghalib rehta hai**." – (Surah-e-Maida, Ayah 56)*

➔ Life is getting simpler now, accepting Mawla Ali as our ***'malik'*** and ***'sarparast'*** along with Allah (SWT) and Rasool (SAW) we are amongst the army of Allah which is never defeated. And once in His army our every step is a "**Jihad"** in Allah's path. Even when we follow our day to day routine it is a **Jihad**. Hence call for "**Ya Ali Madad"** is to be a **soldier in Allah's army** which is the **greatest honour** ever. And no satan can ever create problems for us then.

Now our life is secured as we are in Allah's army but what happens when we leave this world? We will focus on the following ayahs and contemplate on them:

- *"Aur jo log **Khuda ki Raah** main **mare gaye** unhain kabhi murda na kehna, balki **wo log zinda hai** magar tum unki zindagi ki haqeeqat ka kuch bhi shaoor nahin rakhte." – (Surah-e-Baqra, ayah 154)*

- *"Aur jo log **Khuda ki Raah** main **shaheed kiye gaye** hai unhain hargiz murda na samjhna balki **wo log jeete jaagte maujood** hai, apne Parvardigar ki taraf se **tarah tarah ki rozi paate** hai." – (Surah-e-Aale Imran, ayah 169)*

From the ayahs of Surah-e-Maida, which we discussed in above section, we understood that accepting Mawla Ali as our leader along with Allah (SWT) and Rasool (SAW), we are part of Allah's army till the time we are alive and our every step then is in **His path**. While the above two ayahs say that if a person dies in Allah's path he is **shaheed,** he is **alive.** I believe that is why Mawla Ali has said this in Nah-jul-balagha that:

*"Aur jo log Khuda aur us ke Rasool (SAW) aur **unki Ahl-ul-bait ke haq** ko pehchante hue **bister per** bhi **dum tode** wo **shaheed** marta hai.." -( Nah-jul-Balagha, Khutba, 188)*

➔ Call for "**Ya Ali Madad"** gives us entry in Allah's army till we live. Our life is a **jihad** in **Allah's path** and when we leave this world we are **shaheed.**

In the beginning of this article we had seen the ayahs from Surah-e-Taha, where Musa (A.S) has prayed for Haroon (A.S), now let us see what are Rasool (SAW)'s prayers for Mawla Ali and his '***mohib'*****:**

*"O our Lord! **Love those** who **love Ali,** despise those who will despise Ali; **support those** who will **support Ali**, reject those who will reject Ali." -- (These words were spoken by Rasool (SAW) after the declaration at Ghadir-e-Khum)*

He also prayed : *" O Allah! **Befriend that one** who **befriends Ali** and be inimical to that who bears ill-will to Ali"*- (Ref: Kanzul Ummal Vol 2. P 350)

And Allah (SWT) has said this in Quran:

*"Us din yeh (gunehgaar) log sifaarish per bhi qadir naa honge **magar** **haan jis shakhs ne Khuda se sifaarish ka iqraar le liya ho.**" – (Surah-e-Maryam, ayah 87)*

The above ayah mentions that during the day of judgment, along with *gunehgaar* there will be **certain people** who have **taken promise** from Allah (SWT) and their '***sifaarish'*** will be accepted. Now most of the commentators have written that the word '***Iqraar le liya***' or 'taken promise' is the **promise of loving and following Imams**. (Ref: Tafseer Dhur Mansoor, Vol 4, Sawaiq-e-Mohriqa and many more)

We just saw in the above hadees, that Rasool (SAW) prayed to Allah to befriend those who befriend Ali and Allah (SWT) has mentioned in the above ayah that those who have taken promise will be able to seek favours (sifaarish) from Him. Seeking favours is to **love** and be a **friend of Imam**. And Imamate started with Mawla Ali. He is **Imam-e-Muttaqin.** He is **Ameer-ul-momineen**. Thus loving him gives us privilege to seek favours from Allah (SWT). What an honour!

➔ Our research has been successful. Quran has given the final verdict. A **bucket full of love** for '**Abu Turab' (**Mawla Ali) will save us from the '**fire'** of Satan. He is the solution to all satanic problems. If we love and accept him as our Mawla and leader from the bottom of the heart, we are **guided**. We are in the Allah (SWT)'s **invincible army**, our life is a **'jihad'** and we die **as martyr even if we die on a bed**. We become **Allah's friend** who can seek favours and whose '**sifaarish**' will be accepted by Him. That is why he is "**Mushkil Kusha**". So why not we all together say "**YA ALI MADAD"!**